કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયડ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી, ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
અમરભાઈ વાઢાઃ 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ શનિવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

♦અંક નંબર : ૨૫૧ ♦વર્ષ : ૩૨ ♦પાના - ૧૦ ♦મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH-184-2019-2021 ♦RNI No. 54972/94 ♦સંવત ૨૦૮૨ ♦ ફાગણ સુદ-૧૨ ♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

**મધ્યપૂર્વમાં યુદ્ધ શરૂ**

# ઈઝરાયેલનો ઈરાન પર મિસાઈલ હુમલો

**વિશ્વમાં ખળભળાટી**

### ઈરાનની રાજધાની તહેરાનમાં અનેક મોટા ધડાકાઓ સંભળાયા : ઈરાનમાં એટેક બાદ સાયરન વાગવા લાગ્યા

**ઇઝરાયેલમાં ઈમરજન્સી જાહેર :** લોકોને ઘરમાં જ રહેવાની સુચના : એરપોર્ટ બંધ, સીવિલયન એરસ્પેસ બંધ : શાળાઓમાં રજા જાહેર : તેલઅવીવમાં વળતા પ્રહારની આશંકાએ ઈઝરયેલમાં હાઈએલર્ટ જાહેર : ઇઝરાયેલમાં લોકોને સુરક્ષિત સ્થળોએ જવાનું જણાવી દેવાયું







**ઈઝરાયેલનુ મોટુ નિવેદન : ઈરાનના હુમલાથી બચવા અમે કાર્યવાહી કરી છે : ઈરાન પર ઈઝરાયેલ-અમેરીકાના સંયુક્ત હુમલાનો દાવો**

નવી દીલ્હીઃ મધ્યપૂર્વમાં પાછલા કેટલાક સમયથી યુદ્ધ ફાટી નીકળવાની જે દહેશત હતી તે આજ રોજ સાચી ઠરતી જોવા મળી રહી છે અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર મોટા મીસાઈલ હુમલા કરી દીધા હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે.

અનુસંધાન પાના નં.૪ પર

**આરબીટ્રેશન સેન્ટર**

## રાજયની ન્યાય-પ્રણાલીનું નવું સોપાન : સીએમ



**મુખ્યમંત્રીશ્રી, હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની ગરિમામય ઉપસ્થિતીમા કાયદાકીય વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાની પહેલ : હાઈકોર્ટ મધ્યે આર્બીટ્રેશન સેન્ટરનું કરાયું ભુમિપુજન :**



અમદાવાદઃ : ગુજરાત રાજ્યમાં કાનૂની વિવાદોના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે એક મહત્વપૂર્ણ ડગલું ભરવામાં આવ્યું છે. ગુજરાત હાઈકોર્ટના સંકુલમાં અત્યાધુનિક આર્બિટ્રેશન સેન્ટરનું ભૂમિપૂજન રાજ્યના મુખ્યમંત્રી અને ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની ગરિમામય ઉપ સ્થિતિમાં

અનુસંધાન પાના નં.૪ પર

## સૌરાષ્ટ્રની રીજિયોનલ કોન્ફરન્સ રૂટીન નહીં : મહામંથન સમાન છે : ડીજીપીશ્રી રાવ.!



**ડીજીપીશ્રી રાવની કચ્છ કોન્ફરન્સ સમયેની નિર્જન ટાપુ સુધી ખુદ જાતે પેટ્રોલીંગમાં જોડાયાની ઘટના રાજયના પોલીસ ઈતિહાસમાં અનોખી બની, હવે સૌરાષ્ટ્ર-રાજકોટમાં રેન્જ આઈજીશ્રી અશોક યાદવ દ્વારા કોન્ફરન્સના કાર્યક્રમને અપાઈ રહ્યો છે અંતિમ ઓપ**





ગાંધીનગર :: ગુજરાતના મુખ્ય પોલીસ વડા તરીકે ચાર્જ લેતા સાથે જ સૌરાષ્ટ્રના એક છેડાથી ગુજરાતના બીજા છેડા સુધીના જિલ્લા, મહાનગરોના ડીસીપી, જોઈન્ટ કમિશનર સહિત મહત્વની જગ્યાઓ ઉપર ફરજ બજાવી વિશાળ અનુભવ ધરાવતા પોલીસ મહાનિર્દેશક ડો. કે એલ એન.રાવ કાલે રાજકોટમાં સૌરાષ્ટભરની રિજિયોનલ કોન્ફરન્સ માટે રાજકોટ આવી રહ્યા છે ત્યારે આ માટે રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશ ઝા અને રાજકોટ રેન્જ અર્થાત્ ઉતર સૌરાષ્ટ્રના વડા અશોક કુમાર યાદવ ટીમ તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવા કટિબદ્ધ બન્યા છે. સામાન્ય રીતે આવી કોન્ફરન્સ મોટે ભાગે ટૂરિસ્ટ ટૂર જેવી બની રહેતી હોય છે,પણ ડો.રાવે ચાર્જ સંભાળતા સાથે જ આખા રાજ્યના અધિકારીઓને ભેગા કરવાને બદલે પોતાની વન ડે વન ડિસ્ટ્રિક્ટ નીતિ મુજબ તબક્કાવાર દરેક પ્રશ્નો સમજી તેને હલ કરવાની નીતિ રાખી છે. તાજેતરમા તેમની કચ્છ બોર્ડર રેન્જની કોન્ફરન્સ સમયે BSF, એર ફોર્સ, ib અને કોસ્ટ ગાર્ડ સાથે મિટિંગ કરી, જાતે પેટ્રોલીંગમાં

અનુસંધાન પાના નં.૪ પર

**રાજકોટની બેઠકમાં દરેક શહેર જિલ્લાના પ્રશ્નોના મૂળમાં પોહચી સમસ્યાઓ હલ કરવાનો અમારો હેતુ છેઃ તબક્કાવાર પ્રશ્નો સમજી દરેક શહેર જિલ્લાની અમારા અનુભવ આધારે મૂલ્યાંકન થશેઃ સાગર સુરક્ષા , ટાપુઓ વિગેરેના પેટ્રોલિંગ, કોસ્ટ ગાર્ડ, ib સાથેના સંકલનની ધરી અંગે રણનીતિ ઘડી તેના ત્વરીત અમલ માટે સૂચના આપી દેવાશે**

## કોઈ અમારા આદેશોનો ભંગ નહી કરી શકે : પશ્ચિમ બંગાળમાં SIR મામલે સુપ્રીમની ટિપ્પણી

નવીદિલ્હીઃ સુપ્રીમ કોર્ટે આજે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના એસઆઈઆર મામલાની સુનાવણી દરમિયાન કડક ટિપ્પણી કરતા કહ્યું હતું કે ના તો ચૂંટણી પંચ કે ના તો રાજ્ય સરકાર અમારા આદેશોનું ઉલ્લંઘન કરશે. સુપ્રીમ કોર્ટે એ પણ જણાવ્યું હતું કે અમે સ્પષ્ટ કરી દીધુ છે કે કયા દસ્તાવેજોની તપાસ કરવાની છે.સુપ્રીમ કોર્ટમાં બંગાળી સરકાર તરફથી જણાવવામાં આવ્યું હતું કે ચૂંટણીપ ચે રાજ્યમાં મતદાર યાદીના એસઆઈઆરમાં તૈનાત ન્યાયિક અધિકારીઓ માટે એક પ્રશિક્ષણ મોડ્યુલ જાહેર કર્યું હતું.

અનુસંધાન પાના નં.૪ પર

## ચૂકાદો સમયસર! : ગુજરાતમાં આપને બુસ્ટરડોઝ : કેજરીવાલ ગાજશે

**લઆપ' માંથી હિઝરત અટકશેઃ ૧૫ મહાપાલિકાના મતદારો સમક્ષ કેજરીવાલની કટ્ટર ઈમાનદારની છબી રજુ કરાશે**

ગાંધીનગર : ગુજરાતમાં આગામી સમયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી પુર્વે જ રાજયમાં 'વિસાવદર વાળી' કરવા આતુર આમ આદમી પાર્ટીને આજે દિલ્હી શરાબ કાંડમાં પુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તથા પુર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયાને નિર્દોષ છોડી મુકવાના ચુકાદાથી જબરો બુસ્ટર ડોઝ મળી જશે.શ્રી કેજરીવાલ હાલ પણ ખેડૂત સહિતના પ્રશ્ને ગુજરાતમાં છેલ્લા ચાર માસમાં ત્રણ પ્રવાસ કરી ચૂકયા છે અને 'આપ'ની વિસાવદર પેટા ચૂંટણીમાં જીત લડાયક ગણાતા ગોપાલ ઈટાલીયા જે રીતે હવે ઘણું આક્રમક બન્યા છે તેવી રાજયમાં આમ આદમી પાર્ટી પુરી રીતે સક્રીય છે તે નિશ્ચિત કરી રહી છે તે વચ્ચે જ કેજરીવાલનો ચુકાદો સમયસર આવ્યો છે તેવું રાજકીય તારણ આવી રહ્યું છે.અરવિંદ કેજરીવાલ હવે અદાલતની જીતને જનતા સમક્ષ લઈ જશે. ગુજરાતમાં સ્થાનિક ચૂંટણી પુર્વે આમ આદમી પાર્ટી ખાસ કરીને શહેરી વિસ્તારો જેવા નવ મહાપાલિકાઓની ચુંટણી યોજાવાની છે ત્યાં મતદારો સમક્ષ અરવિંદ કેજરીવાલની કટ્ટર ઈમાનદારની છબીને

અનુસંધાન પાના નં.૪ પર

**ગાંધીનગરના દ્વારેથી....**

## કચ્છ જિલ્લામાં મત્સ્યોદ્યોગ માટે માસ્ટર મેપિંગ કરવામાં આવેલ નથી



ગાંધીનગરઃ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મત્સ્યોદ્યોગ માટે માસ્ટર મેપિંગ કરવામાં આવેલ નથી તેમ રાજયના મત્સ્ય ઉદ્યોગ મંત્રીએ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા એ પૂછેલા એક લેખિત તારાંકિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

## સંગઠન શકિત એ જ આપણી સાચી તાકાત : અનીરૂદ્ધ દવે



સૌરાષ્ટ્ર ઝોનના પ્રવા દરમ્યાન તાજેતરમાં સુરેન્દ્રનગર લીંબડી ખાતે અનીરૂદ્ધ દવે એ સંગઠનાત્મક બેઠક યોજી હતી. લીંબડી શહેર અને ગ્રામ્યના સંગઠનના સાથીઓ તથા ચૂંટાયેલા પ્રતિનિધીઓ સાથે પરિચય કેળવી આગામી લોકહિતના કાર્યો અને સંગઠનની મજબુતી સાથે સંવાદ કર્યો હતો. ભાજપના દિગ્ગજ મોભી કીરીટસિંહભાઈ રાણા પણ આ તબક્કે હાજર રહ્યા હતા.

## ગુજરાત સરકારની મોટી પહેલ : રાજયની ૫.૫ લાખ દિકરીઓને કેન્સરની મફત રસી અભિયાનનો આરંભ




ગાંધીનગર : દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજ રોજ ૨૮મી ફેબ્રુઆરીએ દેશવ્યાપી એચવીપી ટિકાકરણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે. વડાપ્રધાનશ્રીએને આજ રોજ વર્ચ્યુઅલી

અનુસંધાન પાના નં.૪ પર

**તિકડમ !**
– દેવેન વ્યાસ



**આપણા ઘરનું બજેટ બનાવવાના બહાને અમારા ખર્ચ પર કાપ મુકવાનું આયોજન છે ?**

દાદા દાદી
રમજાન ★ યાદ સખી-દાતા ★ તારા
સરપટ ગેટ, ભુજ-કચ્છ
લિલ્લા ઝકાત હદીયા
મો.નં. ૯૯૭૪૮૪૩૬૩૨ આમદભા ખત્રી
મુસ્લિમ-આ- સંસ્થા-ને-મોકલો
Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044
વૃધ્ધ,મંદ બુધ્ધી, સંખ્યા ૧૨૫ ને રોટલી, શાક, ભાત ની થારી રોજ અપાય છે
પાર્ટ ટાઈમ કામ અને પગાર-સવાઈ બહેનો અને કામ ઈચ્છુકને કામ અપાય છે હાલે થારી સંખ્યા ૧૨૫ અને કામ કરનાર બહેનો-ભાઈઓ ની સંખ્યા ૨૨ નો ૧માસનો ખર્ચ રૂા.બે લાખ છે. વર્ષ ૧-૨૦૨૬ નો ખર્ચ રૂા.૨૪,૦૦,૦૦૦/-ની આસપાસ થાય છે.
રમજાન ના સહારે સખી દાતા ને ગુજારીશ રૂપીયા ભંડોર આપવા
ઈન્ડીયન બેંક ભુજ બ્રાન્ચ અથવારૂબરૂ (ઓફિસે) જમા કરાવા ગુજારીશ સાથે-વૃધ્ધ અને ગરીબ ની દુઆ હાસીલ કરો -આમીન

## સરહદો અભેદ્ય બનશે : ભારત વિશ્વની સૌથી ઉંચી ટનલની જાળ બિછાવશે

નવી દિલ્હી : વિશ્વસ્તરે વધતા ભૌગોલિક તણાવ અને યુધ્ધના ઘટનાક્રમો ભારતીય સરહદોને અભેદ્ય બનાવવા માટે સરકારે વ્યૂહાત્મક કદમના ભાગરૂપે લડાખમાં દુનિયાની સૌથી ઉંચી સુરંગ (ટનલ) બનાવવાનો નિર્ણય લીધો છે. પાકિસ્તાન-અફઘાનિસ્તાન વચ્ચે લડાઈ જામી છે.ઈરાન-અમેરિકા વચ્ચે તોળાતા યુધ્ધમાં ચીને પણ ચેતવણી આપી છે. ચીન-પાક. જેવા પાડોશી દેશોના પગલાથી ભારતીય સીમાને કોઈ આંચ ન આવે તે માટે આ કદમ ઉઠાવવામાં આવ્યું છે. સમગ્ર સુરક્ષા પ્રોજેક્ટ પર વ્હેલીતકે કાર્ય હાથ ધરવાનો આદેશ આપવામાં આવ્યો છે.ભારત સરકાર હવે ચીન અને પાકિસ્તાન સાથેની સરહદોને વધુ સુરક્ષિત અને અભેદ્ય બનાવવા માટે વ્યૂહાત્મક ટનલનું મોટું જાળ બિછાવવા જઈ રહી છે. જમ્મુ-કાશ્મીરથી લઈને પૂર્વોત્તર રાજ્યો સુધી બનનારી આ ટનલ માત્ર સેનાની તાકાત જ નહીં વધારે, પરંતુ હિમાલયના દુર્ગમ વિસ્તારોમાં દરેક સિઝનમાં કનેક્ટિવિટી પણ પૂરી પાડશે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે આવી ૭ મોટી ટનલ પરિયોજનાઓના રિપોર્ટને ફાસ્ટ ટ્રેક પર લાવવા નિર્દેશ આપ્યા છે. આ પ્રોજેક્ટમાં સૌથી મહત્ત્વની બાબત લદ્દાખમાં બનનારી ૪.૧ કિલોમીટર લાંબી 'શિંકુ લા' ટનલ છે. ૧૫,૮૦૦ ફૂટની ઊંચાઈ પર બનનારી આ ટનલ વિશ્વની સૌથી ઊંચી ટનલ હશે. આ ટનલના નિર્માણથી લદ્દાખને નિમ્મુ-પદમ-દારચા માર્ગ દ્વારા ત્રીજો વૈકલ્પિક 'ઓલ-વેધર રૂટ' મળશે.



કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
ફાગણ સુદ-૧૨, તા.૨૮ ફેબ્રુઆરી, શનિવાર

# કચ્છની સરહદે DGPનો પડાવ : પોલીસનો પહેરો અને સુરક્ષાનું નવું સમીકરણ



## મુખ્ય મથકોથી નિર્જન ટાપુઓ સુધી : સુરક્ષા એજન્સીઓનું 'મહા-સંકલન'

ગુજરાતની સરહદો અને ખાસ કરીને કચ્છનો રણ તથા દરિયાઈ વિસ્તાર હંમેશા સુરક્ષાની દ્રષ્ટિએ 'હોટસ્પોટ' રહ્યો છે. રાજ્ય પોલીસ વડાના બે દિવસીય કચ્છ પ્રવાસે સાબિત કર્યું છે કે રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર સરહદી સુરક્ષામાં કોઈ પણ પ્રકારની કચાસ રાખવા માંગતું નથી. માત્ર મુખ્ય શહેરોમાં ક્રાઈમ કોન્ફરન્સ યોજવા પૂરતો આ પ્રવાસ મર્યાદિત નથી, પરંતુ સરહદના છેવાડે આવેલા નિર્જન ટાપુઓ સુધી પોલીસ વડાએ કરેલી મુલાકાત એ સંકેત આપે છે કે હવે ગુજરાતની દરિયાઈ પટ્ટી પર 'ત્રીજી આંખ'ની નજર વધુ તેજ બનશે.

ભુજ જેવા મુખ્ય શહેરોમાં યોજાયેલી ક્રાઈમ કોન્ફરન્સમાં માત્ર ગુનાખોરીના આંકડાઓની માયાજાળ નહીં, પરંતુ ગુના અટકાવવા માટેની વ્યૂહરચના પર ભાર મૂકવામાં આવ્યો છે. ડ્રગ્સની હેરાફેરી, મિલકત વિરુદ્ધના ગુના અને વધતા જતા ડિજિટલ ફ્રોડ સામે સ્થાનિક પોલીસને સજ્જ થવાની સૂચનાઓ આ પ્રવાસનો મુખ્ય હેતુ છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા માટે પોલીસ વડાનો આ સીધો સંવાદ સ્થાનિક પોલીસના મનોબળમાં પણ વધારો કરશે.

કચ્છના અખાત અને હરામીનાળા જેવા વિસ્તારોમાં આવેલા નિર્જન ટાપુઓ રાષ્ટ્રવિરોધી તત્વો માટે છુપાવવાનું કે ઘૂસણખોરી કરવાનું માધ્યમ ન બને તે માટે પોલીસ વડાએ ત્યાં કલાકો સુધી રોકાઈને જે રીતે સ્થિતિનું નિરીક્ષણ કર્યું છે, તે નોંધપાત્ર છે. આ મુલાકાત માત્ર સાંકેતિક નથી, પરંતુ વાસ્તવિક પડકારોને સમજવાનો પ્રયાસ છે. તમામ ગુપ્તચર એજન્સીઓ અને સુરક્ષા દળો સાથેની સંકલન બેઠકએ બાબત સ્પષ્ટ કરે છે કે સુરક્ષામાં કોઈ 'કોમ્યુનિકેશન ગેપ' ચલાવી લેવામાં આવશે નહીં.કચ્છ માત્ર ટુરિઝમનું કેન્દ્ર નથી, તે દેશનું રક્ષણ કવચ પણ છે. જ્યારે રાજ્યના સર્વોચ્ચ પોલીસ અધિકારી પોતે ગ્રાઉન્ડ ઝીરો પર ઉતરીને સમીક્ષા કરે છે, ત્યારે તે સુરક્ષા તંત્રમાં એક નવી ઉર્જા ભરે છે. તમામ એજન્સીઓ વચ્ચેનું આ સંકલન આગામી સમયમાં ડ્રગ્સ માફિયાઓ અને સીમાપારના પડકારો સામે અભેદ કિલ્લો બનાવવામાં સફળ થશે તેવી આશા રાખી શકાય.

# ભગવાન વાલરામ પ્રાગટ્ય શતાબ્દીને શણગારતા શ્રી કચ્છી આશ્રમની મહિમા





વલસાડમાં ત્રિવેણી સંગમ સમો
સદ્ગુરૂ વાલરામજી શતાબ્દિ મહોત્સવ
૨૧ દિવસ બાકી

કચ્છીસંત પૂજય હરિદાસજી મહારાજે મહિમાના મહત્વ અંગે ઉપદેશ આપતા જણાવ્યું હતું કે, રામપ્રસાદજી તથા શ્રી ચિન્મયદાસજી તથા શ્રી ગુરૂપ્રસાદજી સંતોનું પુનઃ મિલન થયું. ત્યાં જ અન્ય સંતોની પધરામણી થઈ. પરસ્પર અભિવાદન કરી, એકબીજાનાં ખબર - અંતર પૂછ્યા. તત્કાલ પધારેલ સંત નિર્મળદાસજીએ કહ્યું, અમેં પાવન, પુણ્યકારી પર્વ પ્રસંગે ગંગાસ્નાન કરવા હરિદ્વાર ગયા હતા. સ્નાન - ધ્યાન કરી, વિચરણ કરતા-કરતા આપની ઉપસ્થિતિ છે જાણી, આપનાં દર્શને આવ્યા છીએ. આપનાં દર્શન કરી, સાથે પધારેલ સૌ સંતોને ઘણી જ પ્રસન્નતા થઈ છે. રામપ્રસાદજીએ કહ્યું, હરિદ્વારમાં ક્યાં રોકાયા હતા? સંત નિર્મળદાસજીએ કહ્યું, હે સંત ભગવંત અમે હરિદ્વારમાં શ્રી કચ્છી આશ્રમમાં એક દિવસ રોકાયા હતા. અમને ત્યાં ઘણો જ આનંદ થયો.પરમ પૂજય ભગવાન શ્રી વાલરામજીનો ત્યાં નિત્ય નિવાસ છે, એવો અમને અનુભવ થયો. જાણે ગોમતીનંદન આશ્રમમાં નિરંતર વિચરણ કરતા હોય, સૌની સંભાળ રાખતા હોય, એવો અનુભવ થયો હતો. અત્યારે શ્રી કચ્છી આશ્રમમાં સત્ કર્મોનો જાણે દરિયો ઉછળી રહ્યો હોય, એવું લાગી રહ્યું હતું. ભગવાન વાલરામ પ્રાગટ્ય શતાબ્દી મહામહોત્સવ નિમિતે અનેકો પ્રકારના સત્કર્મો થઈ રહ્યા છે. વિશિષ્ટ વાર્તા તો એ છે કે, લગભગ સિત્તેર વર્ષથી પણ વધુ પૂર્વાચિન અગ્નિ, કચ્છી આશ્રમ સ્થિત યજ્ઞશાળામાં પ્રજવલિત થઈ રહી છે. ખરેખર કચ્છી આશ્રમ તો અમને અગ્નિહોત્રિય આશ્રમ જણાયું હતું. ત્યાં નિયમિત શ્રી કચ્છી આશ્રમમાં સંસ્કૃત અધ્યયન કરતા બ્રાહ્મણ બાળકો દ્વારા નિયમિત નિશા યજ્ઞ થાય છે, જેમાં નિત્ય હવન - પૂજન, શ્રી સુક્ત, શ્રી વાલરામ ચાલીસા, જપાત્મક, પાઠાત્મક, હોમાત્મક ઉપચારે થઈ રહ્યા છે. એ જ પ્રમાણે, બે બ્રાહ્મણ ભગવાનો દ્વારા શ્રી લલિતા સહસ્રનામ પાઠ, જપ, અભિષેક તથા હવન આદિથી નિયમિત સંપન્ન થાય છે.

તેમજ નિયમિત નવ બ્રાહ્મણ દેવતાઓ દ્વારા નવ ગ્રહોનાં જપ-પૂજન, અર્ચન આદિ કર્મો થઈ રહ્યા છે. હે મહાનુભાવો! શ્રી કચ્છી આશ્રમમાં ચાર બ્રાહ્મણો દ્વારા મહામૃત્યુંજય જપ દૂર્વાસહ અર્ચન, અભિષેક પણ થઈ રહ્યું છે. પ્રાતઃકાળે વેદવાદી બ્રાહ્મણો દ્વારા શિવ મંદિરમાં લઘુરૂદ્ર પાઠાત્મક તથા અભિષેકાત્મક નિયમિત થઈ રહ્યું છે. યજ્ઞશાળામાં વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શિવ-શક્તિ હોમાત્મક યજ્ઞ તો નિરંતર જ થઈ રહ્યું છે. અત્યારે તો ચારસો જેટલા બ્રાહ્મણો દિવ્ય સનાતન કર્મો દ્વારા સનાતનની સેવા કરી રહ્યા છે, સનાતનને સજાવી, સંવારી, શણગારી રહ્યા છે. કચ્છી આશ્રમમાં આવી રીતે અખંડ અગ્નિ દ્વારા ગોમતીનંદનની - વાલરામની - વાલાની, યજ્ઞ અવતાર, પ્રેમાવતાર વાલરામની આરાધના, અર્ચના થઈ રહી છે. ભગવાન વાલરામ પ્રાગટ્ય શતાબ્દી તો અત્યારે સોળ કળાએ ખીલી રહી છે. કચ્છી આશ્રમ અગર, તગર, ધૂપ, જાઈ, જુઈ, ચમેલી, રજનીગંધા આદિ પુષ્પોની સુવાસથી સુગંધનો સાગર બની રહ્યો છે, સહજ સમાધિ સુખનો સાગર બની રહ્યો છે, આશ્રમનો ખૂણે - ખૂણો આનંદથી ભરપૂર થઈ રહ્યો છે. સાક્ષાત્ અન્નપૂર્ણા આશ્રમમાં આટાફેરા કરી રહી છે. શ્રી લક્ષ્મી દેવી આશ્રમનાં પ્રાંગણમાં પથરાઈ, પ્રસન્ન થઈ રહી છે. કચ્છી આશ્રમ સ્વર્ગની સીડી નહીં, સ્વયં વૈકુંઠધામ જ લાગી રહ્યું છે. ભગવાન વાલરામનાં ગુરૂવર્ય, ભગવાન ઓધવરામનો કૃપા પ્રસાદ છે. ભગવાન વાલરામની કૃપા કરૂણાથી વિશ્વ વ્યાપી વડલાનાં રૂપમાં વિસ્તાર પામ્યો છે, જેનાં મીઠામધુર ફળો વિશાળ માનવ સમુદાય માણી રહ્યો છે. સંતોની થતી સેવાએ તો અમને મંત્રમુગ્ધ કરી દીધા છે. સંતો અમેં અત્યારે થોડાક થાકેલા છીએ. સોહામણી શતાબ્દી મહોત્સવની વધુ વાર્તા પછી કરીશું. અત્યારે સ્નાન આદિ કરી, ભોજન પ્રસાદ લઈએ કહી, સંતો મૌન થયા.

# ગાંધીધામ નેત્રમ અને આદિપુર પોલીસની સારી કામગીરી બદલ સન્માન કરાયું



ગાંધીધામ - કચ્છ ઉદય : તાજેતરમાં ડીજીપી દ્વારા પૂર્વ કચ્છ નેત્રમને એવોર્ડ આપવામાં આવ્યો હતો. સમગ્ર રાજયમાં ક્રાઈમ ડિટેકશનની કેટેગરીમાં પૂર્વ કચ્છ નેત્રમને પ્રથમ નંબર આવ્યો હતો. કેમેરાની મદદથી પોલીસે અલગ અલગ ૬૪૨ ગુના ઉકેલી ૫૯૯ આરોપીની અટક કરી ચોરી, ચીલ ઝડપના બનાવમાં ૨૬.૩૦ લાખનો મુદ્દામાલ પરત કર્યો હતો. આ સિવાય આદિપુરના સાતવાડી વિસ્તારમાં રહેતા નિવૃત્ત વૃદ્ધને સાયબર માફિયાઓ દ્વારા મની લોન્ડરીંગના કેસમાં તમારા આધારકાર્ડનો ઉપયોગ થયો હોવાનું કહીં મુંબઈ પોલીસની ઓળખ આપીને પાંચ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરીને મરણ મૂડીના ૪.૩૦ લાખ પડાવી લીધા હતા. આ બાબતે દુર્ગાશંકર ટોપનદાસ શર્માએ ફરિયાદી નોંધાવતા આદિપુર પોલીસે વડોદરાથી આરોપીને પકડી તમામ રકમ રિક્વર કરી પરત અપાવી હતી. એસપી સાગર બાગમાર દ્વારા નેત્રમ અને આદિપુર પોલીસની સારી કામગીરી બદલ નેત્રમ કચેરી ખાતે અધિકારી-કર્મચારીઓનું પ્રશંસા પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# વેશપલટો કરીને રાજસ્થાન અને યુપીમાંથી મુન્દ્રા લૂંટના આરોપી પકડાયા

**આ ગુનામાં હજુ પણ એક ગુનેગાર ફરાર : ઝડપાયેલા શખ્સો પાસેથી દેશી કટા મળ્યા**



ગાંધીધામ - કચ્છ ઉદય : મુન્દ્રામાં બારોઈ રોડ પર આવેલ રૂદ્રાક્ષ જ્વેલર્સ નામની દુકાનમાંથી લૂંટ કરવામાં આવી હતી. જે બાબતે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવમાં એમપીના પંકજ શર્માને જે-તે સમયે વેપારી દ્વારા પકડી પાડવામાં આવ્યો હતો. તેની પુછપરછ દરમિયાન ભુજમાં રહેતા રાજસ્થાનના ગીતમસિંહ ઠાકુરની સંડોવણી ખુલતા તેની પણ ધરપકડ કરવામાં આવી હતી. બન્નેની પુછપરછમાં એમપીના સતીષ, રાજસ્થાનના રાજેશ અને બચા નામના શખ્સોની સંડોવણી ખુલી હતી. લૂંટને અંજામ આપ્યા બાદ આરોપીઓ ભાગી ગયા હતા. જેને ઝડપી લેવા માટે અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. એસઓજીના પીઆઈ એ.ડી. પરમાર, હેડ કોન્સ્ટેબલ રઘુવીરસિંહ જાડેજા, એલસીબીના પીએસઆઈ મહિપાલસિંહ શીણોલ, હેડ કોન્સ્ટેબલ સુનિલભાઈ પરમાર, રણજીતસિંહ જાડેજા, લાખાભાઈ રબારી તપાસમાં હતા અને ૧૪ દિવસ સુધી સુરત તથા યુપીના આગ્રા, અલીગઢ, મથુરા, વૃંદાવન, ફતેહાબાદ, રાજસ્થાનના ધોલપુર, ભરતપુર, બાડી, બસેડી, મધ્યપ્રદેશના મુરેના-ભીંડ, ચંબલ વિસ્તારમાં તપાસમાં હતા ત્યારે રાજસ્થાનના ધોલપુર જિલ્લાના બાડી શહેરમાંથી સતીષ સોરણસિંગ શિકરવાલ તથા યુપીના આગ્રાના ફતેહાબાદ વિસ્તારમાંથી રાજેશ ઉર્ફે પટેલ મોન્ટુ નરેશભાઈ પટેલ (ગુર્જર)ને ઝડપી લેવામાં આવ્યા હતા. આ બન્ને શખ્સોને આગ્રાના યુસુફ ઉર્ફે ટલે શરીફખાને આશરો આપ્યો હતો. જેથી તેની પણ અટક કરવામાં આવી હતી. આરોપીઓને પકડવા માટે પોલીસે રીક્ષા ચાલક, શાકભાજી વેચનાર, ગુર્જર સમાજની વેશભૂષા ધારણ કરીને ધોલપુરના એસપી વિકાસ સાંગવાનની મદદ મેળવી ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી બે દેશી કટા અને બે રાઉન્ડ કબજે કરવામાં આવ્યા હતા. પુછપરછમાં તેઓએ ગુનાની કબૂલાત કરી હતી. આ બનાવમાં ઝડપાયેલા સતીષ સામે એમપી, રાજકોટ, રાજસ્થાન પોલીસ સ્ટેશનમાં લૂંટ સહિતના ૧૪ ગુના નોંધાયેલા છે. સતીષ અને રાજેશ લૂંટના મુખ્ય સૂત્રધાર છે. તેમજ યુસુફે આશરો આપ્યો હતો. હજુ આ ગુનામાં બચા નામનો આરોપી પકડાયો નથી. આરોપીઓને મુન્દ્રા પોલીસને હવાલે કરવામાં આવ્યા છે.

# કોટડા (જ), મોટા નખત્રાણા અને મંજલમાં સરકારી જમીન પર કરાયેલું દબાણ તોડાયું

**કુલ ૨૧.૭૧ લાખની જમીન ખાલી કરાવાઈ**




નખત્રાણા - કચ્છ ઉદય : નખત્રાણા તાલુકાના કોટડા (જ), મોટા નખત્રાણા અને મંજલ ગામની સરકારી જમીન પર કરવામાં આવેલું તોડવામાં આવ્યું હતું.

આ બાબતે મળતી વિગતો મુજબ કોટડા (જ)ની સરકારી પડતર જમીન સર્વે નં.૬૪૧ પર કોમર્શીયલ દુકાનો બનાવી ૧૫૦૦ ચો.મી. જમીન પર દબાણ કરવામાં આવ્યું હતું. આ સિવાય મોટા નખત્રાણાની સરકારી સર્વે નં.૪૫૦ પૈકી ૧૪૩ ની જમીન પર ૭૬૪ ચો.મી. જમીનમાં વાડો અને ઓરડી બનાવાઈ હતી. આ સિવાય મંજલમાં સરકારી જમીન સર્વે નં. ૪૫૫ પર ૫૫૦ મીટર જમીનમાં હોટલ બનાવી દબાણ કરવામાં આવ્યું હતું. જેમાં મંજલમાં દબાણ કરનાર બ્રિજરાજસિંહ અનિરૂદ્ધસિંહ જાડેજા સામે અગાઉ જુગારના ગુના નોંધાયેલા છે, જ્યારે મોટા નખત્રાણામાં દબાણ કરનાર બાબુ મનજી કોલી સામે દારૂના ગુના નોંધાયેલા છે. દરમિયાન સાંગનારા ગામે રામાભાઈ ખેંગારભાઈ રબારીએ જાહેર રસ્તા પર દીવાલ બનાવી હતી તે પણ તોડી પાડવામાં આવી છે. તમામ દબાણકારોને મામલતદાર આર.ડી. પટેલ દ્વારા નોટિસ પાઠવવામાં આવી હતી. જે બાદ આ દબાણ દૂર કરવામાં આવ્યું છે. પ્રાંત અધિકારી ઉત્કર્ષ ઉજ્જવલની સૂચનાથી આ કામગીરીમાં મામલતદાર આર.ડી. પટેલ, માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર ચેતન બોરડ, સર્કલ ઓફિસર નખત્રાણા એન.વી. જોષી, સર્કલ ઓફિસર વિથોણ એચ.આઈ. ચૌહાણ, નાયબ મામલતદાર એચ.આર. આમના તથા પોલીસ દળના પીઆઈ જે.ડી. સરવૈયા, પીએસઆઈ એમ.વી. સામળા તેમજ પોલીસ સ્ટાફની હાજરીમાં સરકારી જમીન પર થયેલું દબાણ દૂર કરી જગ્યા ખુલ્લી કરાવામાં આવી હતી.

**નામ બદલાવેલ છે**
હું મહેશ હીરજી ઠક્કર, રહે.પ્લોટ નં.૮૭, સચિન પાર્ક પાછળ, રઘુરાજ નગર, મીરઝાપર-કચ્છ. પહેલા હું મહેશકુમાર હીરજી ઠક્કર અકા રેલન તરીકે ઓળખાતો હતો. પરંતુ હવેથી હું મહેશ હીરજી ઠક્કર તરીકે ઓળખાઈશ.
તરૂણ એડ.

**નામ બદલાવેલ છે**
હું નશીમા અસલમ મેમણ, રહે.પ્લોટ નં.૧ થી ૧૦, હિના પાર્ક-૧, સુરલભીટ રોડ, ભુજ-કચ્છ. પહેલા હું નસીમબેન અસલમ મેમણ તરીકે ઓળખાતી હતી. પરંતુ હવેથી હું નશીમા અસલમ મેમણ તરીકે ઓળખાઈશ.
તરૂણ એડ.


**નામ બદલાવેલ છે**
હું સંદીપ હરિપ્રસાદ ટાંક, રહે. એ૪૧ આર.ટી.ઓ.-૨, ભુજ-કચ્છ. પહેલા હું સંદીપ હરીશકુમાર ટાંક તરીકે ઓળખાતો હતો. પરંતુ હવેથી હું સંદીપ હરિપ્રસાદ ટાંક તરીકે ઓળખાઈશ.
તરૂણ એડ.

**નામ બદલાવેલ છે**
આથી હું મુસ્તાક ઈબ્રાહીમ માંજોઠી રહે. કેમ્પ એરિયા જનતા નગરી ભુજ કચ્છ આથી હું જાહેર કરું છું કે મારી નાબાલિક પુત્રી સાયેમા માંજોઠી આ પહેલા સાયમા મુસ્તાક માંજોઠી તરીકે ઓળખાતી હતી હવેથી સાયેમા માંજોઠી તરીકે ઓળખાશે
તરૂણ એડ.

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬
નં.મેજી/જન્મ/વશી-૧૦૬/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૧૧/૦૨/૨૦૨૬
જન્મ.રજી.નં.૧૦૬/૨૦૨૬
શ્રી હરબાઈ પ્રેમજીભાઈ પટેલ વા/ઓફ અવચર પ્રેમજી પટેલ (ચામરીયા)
રહે.કબરાઉ તા.ભચાઉ-કચ્છ. ..................... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી કબરાઉ તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ ..................... સામાવાળા
**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**
જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પોતે નામે હરબાઈ પ્રેમજીભાઈ પટેલ નો જન્મ તા.૦૫/૦૯/૧૯૫૩ના રોજ ગામ કબરાઉ તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.

**સુધારો**
તા. ૦૭-૦૨-૨૦૨૬ના રોજ કચ્છ ઉદય પેજ નં. ૨ પર છપાયેલ જાહેર નોટીસ બાબુભાઈ રતાભાઈ કોલી જેમાં જન્મ નોંધણી અરજી રજિ. નં. ૪૩/૨૦૨૬ છપાયેલ છે. જે સુધારી ને જન્મ નોંધણી અરજી રજિ. નં. ૪૭/૨૦૨૬ વાંચવું.

# મુંદરાના પીર સૈયદ અલી અહમદશાહ શાહવલી કાદરીનું દુઃખદ નિધન




**શુક્રવારના રાત્રીના પીર સાહેબના જનાજામાં તેમના અનુયાયીઓ અને બિરાદરો બહોળી સંખ્યામાં ઉમટ્યા**

મુંદરા - કચ્છઉદય : મુંદરાના પીર સૈયદ અલી અહમદશાહ શાહવલી કાદરી (ઉંમર ૭૫)નું ગઈકાલે સવારે ૧૧:૩૦ વાગ્યે તેમના નિવાસસ્થાને ઈન્તેકાલ થયું હતું. તેમના નિધનથી તેમના અનુયાયીઓ અને મુસ્લિમ બિરાદરોમાં શોકની લાગણી વ્યાપી હતી.

શુક્રવારના રાત્રીના પીર સૈયદ અલી અહમદશાહ બાપુનો જનાજો તેમના નિવાસસ્થાન જીલાની કોટેજ, જૂની મચ્છીપીઠ પાસેથી નીકળ્યો હતો. જેમા પીર સાહેબના અનુયાયીઓ અને બિરાદરો બહોળી સંખ્યામાં જોડાયા હતા. તેમની દફનવિધિ રાત્રીના શહેરની પરડઈ કબ્રસ્તાનમાં થઈ હતી. પીર સૈયદ અલી અહમદશાહ શાહવલી છેલ્લા ૪૮ વર્ષ થી બુખારીપીર મસ્જિદના પેશઈમામ હતા. તેઓ સમાજના સાચા પથદર્શક, પ્રેરક અને માર્ગદર્શન હતા. તેમના દુઃખદ નિધનથી તેમના અનુયાયીઓમાં શોકની લાગણી વ્યાપી છે. પીર સૈયદ અલી અહમદશાહ બાપુની વાયેઝ - ઝિયારત તારીખ ૧-૩-૨૦૨૬ના રવિવારના રોજ અસર નમાઝથી મગરીબ નમાઝ સુધી મુન્દ્રાની ઉમરશાહ બાબાની વાડી (ઈદગાહ) મધ્યે રાખેલ છે.

# ઓધવધામમાંથી રામનામની ચોપડી મેળવી રામ નામ લખવા ઓધવભક્તોને અનુરોધ

ભુજ - કચ્છઉદય : સદ્ગુરૂ ભગવાન વાલરામ પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ નિમિત્તે પરમ પૂજ્ય સંત શ્રી હરિદાસજી મહારાજની પ્રેરણાથી રામનામ લેખનનો દિવ્ય સંકલ્પ કરવામાં આવ્યો છે. રામ નામ લખવા માટેની બુક દરેક ઓધવધામ ખાતે ઉપલબ્ધ છે. સૌ ઓધવ ભક્તોને વિનંતી કરાઈ છે કે ઓધવધામમાંથી આ બુક મેળવી અને રામ નામ લખ્યા બાદ બુક પૂર્ણ થયા બાદ ઓધવધામમાં જમા કરાવે. રામ નામ લખી અને સૌને રામ નામનો મહિમા વધારવા તુલસીભાઈ દામાએ અનુરોધ કરાયો છે.

# ભાજપમાં જોડાવવાથી મારી નાખવાની ધમકીના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

માંડવી - કચ્છઉદય : ભાજપમાં જોડાવવાથી મારી નાખવાની ધમકીના કેસમાં આરોપીઓનો નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ કેસની વિગત મુજબ માંડવી તાલુકાના શિરવાના રીજવાન ઈસ્માઈલ શીરૂએ ફરીયાદમાં જણાવ્યું હતું કે, આરોપીઓ શિરવાના કાદરશા લતીફશા સૈયદ, હકીમશા કાદરશા સૈયદ, અકબરશા અબ્દુલાશા સૈયદે ફરીયાદીને પોતે ભાજપમાં જોડાયેલ જેથી આરોપીઓએ મારી નાખવાની ધમકી આપેલ તેવા આક્ષેપ સંબંધે માંડવી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલ, જે કેસ માંડવી કોર્ટમાં ચાલેલ અને એડિશનલ જયુ. મેજી. માંડવીએ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે. જેમાં આરોપીઓના વકીલ તરીકે અલ્તાબગની એસ. ચાવડા હાજર રહેલ હતા.

# વાધુરાના ફુલેશ્વર મહાદેવ મંદિર ખાતે ભવ્ય હિન્દુ સંમેલન યોજાશે

ભુજ - કચ્છઉદય : બગડા રોડ પર આવેલા વાધુરા સ્થિત ફુલેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં આગામી તા. ૦૧-૦૩, રવિવારના રોજ હિન્દુ સંમેલન ચાંદ્રોડા મંડળ દ્વારા એક વિશેષ 'હિન્દુ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ કલાક દરમિયાન યોજાનારા આ કાર્યક્રમમાં પંચ પરિવર્તનના મુખ્ય આયામો જેવા કે સામાજિક સમરસતા, પર્યાવરણ, કુટુંબ પ્રબોધન, નાગરિક કર્તવ્ય અને સ્વદેશી ભાવ જાગરણ અંગે ચિંતન કરવામાં આવશે. આ પ્રસંગે અખિલ ભારતીય માતંગ મંડળના પ્રમુખ પચાણ દાદા માતંગ આશીર્વચન પાઠવશે. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિભાગ સહ કાર્યવાહ દામજીભાઈ કાનજીભાઈ જાટીયા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે, જ્યારે વક્તા તરીકે શાસ્ત્રી યોગેશ મહારાજ સંબોધન કરશે. હિન્દુ સંમેલન સમિતિ ચાંદ્રોડા મંડળના પ્રમુખ નારણભાઈ વાલાભાઈ મરંડ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કોડકી ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે વિરાટ હિંદુ સંમેલન યોજાશે



ભુજ - કચ્છઉદય : તાલુકાના કોડકી ખાતે આગામી તારીખ ૦૧-૦૩, રવિવારના રોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે એક ભવ્ય 'વિરાટ હિંદુ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. કોડકી મંડલ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં કોડકી, મખણા, રામવાડી અને ટાંકણાસર ગામના હિંદુ સમાજને સંગઠિત કરવાના અને સામાજિક સમરસતાના ઉમદા હેતુથી આ સંયુક્ત સંમેલન યોજાશે. કોડકી લેવા પટેલ શાળાના મેદાન ખાતે બપોરે ૪કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત શારીરિક પ્રમુખ ધનજીભાઈ ગોરસિયા પ્રેરક ઉદબોધન આપશે. આ અવસરે માતંગ પચાણ દાદા માતંગ, શાસ્ત્રી વૃંદાવનવિહારીદાસજી સ્વામી અને સ્વામી પુરુષોત્તમપ્રસાદદાસજી મહારાજ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. કાર્યક્રમ બાદ સમૂહ ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હોય, આ ધાર્મિક અને સામાજિક મહોત્સવમાં સહપરિવાર ઉપસ્થિત રહેવા હિંદુ સંમેલન આયોજન સમિતિ-કોડકી મંડલ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ભુજના હરીપર ગામે શોર્ટ સર્કિટથી ઘઉંના પાકમાં નુકસાન




**વીજ થાંભલો હટાવવા ખેડૂતની વીજતંત્રને રજૂઆત**

ભુજ - કચ્છઉદય : તાલુકાના હરીપર ગામે ખેતીના ખેતરમાંથી પસાર થતી હાઈટેન્શન વીજ લાઈનમાં શોર્ટ સર્કિટ થવાના કારણે તૈયાર થયેલા ઘઉંના પાકમાં નુકસાન થયું હોવાની ઘટના સામે આવી છે. હરીપર ગામના સીમ વિસ્તારમાં આવેલ જમીનમાં ખેતી કરતા લાલજી હીરજી હિરાણી નામના ખેડૂતે આ અંગે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિતમાં રજૂઆત કરી છે. ખેડૂતના જણાવ્યા અનુસાર તેમના ખેતરમાંથી ૧૧ કે.વી.ની હેવી વીજ લાઈન પસાર થાય છે અને દેવરાજ ફાર્મના ગેટની સામે જ તેનો વીજ થાંભલો આવેલો છે. બે દિવસ પૂર્વે આ વીજ થાંભલા પર અચાનક શોર્ટ સર્કિટ થતા અંગારા નીચે પડ્યા હતા જેના કારણે ખેતરમાં કાઢીને રાખેલા ઘઉંના ઢગલામાં આગ લાગી હતી અને પાકને મોટું નુકસાન પહોંચ્યું હતું. સદનસીબે તે સમયે કોઈ મજૂર કે પરિવારના સભ્ય ત્યાં હાજર ન હોવાથી જાનહાનિ ટળી હતી પરંતુ ખેડૂતે ભવિષ્યમાં આવી દુર્ઘટના ફરી ન ઘટે તે માટે ચિંતા વ્યક્ત કરી છે. અરજદારે માંગણી કરી છે કે તેમના ખેતરમાં આવેલો આ જોખમી વીજ થાંભલો અન્ય સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવે અથવા તો ખેતરમાંથી પસાર થતા ખુલ્લા વીજ વાયરો પર કાયમી ધોરણે સુરક્ષા કવચ લગાવવામાં આવે જેથી જાનમાલનું રક્ષણ થઈ શકે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

## સોપારી-કેબલો બાદ હવે લીકરની તસ્કરી..!

# કાસેઝ ડીસીશ્રી પાટીલ ગોર ફરમાવે : ઝોનની સુરક્ષા વ્યવસ્થાઓ સીઆઈએસએફને સોપો..!

**કંડલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનમાં સલામતી વ્યવસ્થાઓમાં મોટા છીંડા હોવાની ચાડી ખાતી વધી રહી છે ઘટના : ડીસીશ્રી ચિંતા કરે અને સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરે : તો જ યુનિટધારકો, ટ્રેડર્સ અને દેશની સલામતી પર તોળાતું જોખમ અટકશે**

**અમુક પ્રાઈવેટ સિક્યુરીટીવાળાઓની ભુમિકા અગાઉ પણ કાસેઝમાં આવી ચુકી છે ગંભીર વિવાદોમાં, એ પછી લાસ્પીરીટ યુનિટમા કસ્ટમ-ડીઆરઆઈએ સિઝ કરીને રાખેલી ૧૦ લાખની સિગારેટની ચોરીની વાત હોય કે પછી ગોવિંદજી ભાણજીના યુનિટમાથી લીકરની ચોરીની ઘટના જ કેમ ન હોય..! સીઆઈએસફ મુકાશે તો જ ઝોનની સલામતી બનશે સજજડ**

### CISFની નિયુક્તિ જ એકમાત્ર ઉકેલ?

વધતી જતી ચોરીઓ અને તસ્કરીઓને રોકવા માટે હવે કડક નિર્ણય લેવાનો સમય પાકી ગયો છે. આમ થશે તો સજ્જડ સલામતી પણ થશે.CISF જેવી તાલીમબદ્ધ ફોર્સ પાસે અદ્યતન ટેકનોલોજી અને શિસ્તબદ્ધ જવાનો હોય છે, જે ચોરીની શક્યતા નહિવત કરી દે છે. જો સુરક્ષા કેન્દ્રીય એજન્સીના હાથમાં હશે, તો ટ્રેડર્સ અને યુનિટધારકો નિર્ભય બનીને પોતાનો વેપાર કરી શકશે.પ્રાઈવેટ ગાર્ડ્સની મિલીભગતની જે ફરિયાદો ઉઠે છે, તેના પર CISFની હાજરીથી લગામ આવશે.

### CISF ન લાવી શકો તો પ્રવેશની કડક પ્રક્રીયા તો અમલી બનાવો..!

**ચોર-તસ્કર તત્વો ચાલીને અંદર નથી ઘુસતા, જે કિસ્સાઓ બન્યા છે, તેમાં વાહનો-ગાડી-છકડા, લોડર લઈને અંદર આવી જાય છે? આ કેવી રીતે બની શકે?**

ગાંધીધામ : કાસેઝમાં સલામતી વ્યવસ્થાને લઈને સવાલો ઉભા થવા પામી રહ્યા હોય તેવી ઘટનાઓ બને છે. કેન્દ્રીય સુરક્ષા એજન્સીને લાવવી જોઈએ તેવી માંગ પ્રબળ બની રહી છે. જો આમ ન થઈ શકતુ હોય તો હાલમા પ્રવેશના નિયમો તો ખુબજકડક કરવા જ જોઈએ. ચોરી-તસ્કરીની જે ઘટનાઓ બની રહી છે તેમાં તસ્કરો ચાલીને અંદર નથી આવતા, વાહનો સાથે અંદર ઘુસી આવતા હોવાનુ રેકર્ડ પર અવે છે. ભાણજી ગોવિદજીવવાળા પ્રકરણમાં પણ રાજકીય ટેગવાળી ઈનોવા ગાડી અંદર સુધી આવી ગઈ હતી. આ બધુ કેવી રીતે બની જાય છે? ડીસી અને ઝોન પ્રશાસને આ બાબતે ગંભીર બનવુ જ ઘટે.

### રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચેડાં? ક્યારેક ડ્રગ્સ-હથિયાર-દારૂગોળો ન આવી જાય.?

ગાંધીધામ : જો સોપારી અને લીકર જેવી ચીજોની આ રીતે તસ્કરી થઈ શકતી હોય, તો ભવિષ્યમાં કોઈ જોખમી ચીજવસ્તુઓની હેરાફેરી નહીં થાય તેની શું ગેરંટી? વારંવાર વિવાદોમાં આવતી પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓના બદલે ઝોનની સંપૂર્ણ સુરક્ષા કેન્દ્રીય એજન્સી (CISF) ને સોંપવામાં તંત્રને શું નડે છે?

### વહીવટી તંત્ર સામે વેધક સવાલો

**૧.નિષ્ફળતા છતાં પ્રાઈવેટ એજન્સી કેમ?:** વારંવાર ચોરીના બનાવો છતાં હજુ સુધી સુરક્ષા વ્યવસ્થામાં કોઈ મોટો ફેરફાર કેમ કરવામાં આવ્યો નથી? **૨. મિલીભગતની તપાસ ક્યાં?:** યુનિટમાં સિક્યુરિટી ગાર્ડ્સ હોવા છતાં ચોરી થાય છે, તો શું અત્યાર સુધી કોઈ ગાર્ડ કે એજન્સી સામે કડક પગલાં લેવાયા છે? **૩. સુરક્ષા કેન્દ્રને સોંપવામાં વિલંબ કેમ?:** રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા આ મુદ્દે CISF ની નિયુક્તિ માટેની પ્રક્રિયાને વેગ કેમ આપવામાં આવતો નથી?

### કાસેઝ માંથી મોંઘેરો શરાબ ચોરનારા કિડાણાના ત્રણ શખ્સો પકડાયા




ગાંધીધામ - કચ્છ ઉદય : કંડલામાં આવેલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન જેને સુરક્ષાની દ્દષ્ટીએ મજબૂત માનવામાં આવે છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ સ્થળે ચોરી સહિતની ઘટનાઓ બેફામ બની રહી છે. વિદેશથી આવતા માલ, સામાનમાં મિલાવટ, ચોરી સહિતની પ્રવૃત્તિ થઈ રહી છે. તાજેતરમાં આધોઈ પાસે પકડાયેલી સોપારીકાંડમાં કાસેઝની ભૂમિકા સામે આવી હતી. જે બાદ હવે અહીં વેર હાઉસમાં રાખેલો મોંઘેરો શરાબ ચોરાઈ ગયો છે. જેમાં બી-ડિવિઝન પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ફરિયાદી મૂળ જામનગરના હાલે ગાંધીધામમાં રહેતા અમીતભાઈ જયસુખભાઈ ભટ્ટના જણાવ્યા પ્રમાણે ૧૯ જાન્યુઆરીથી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન આ બનાવ બન્યો હતો. વેર હાઉસ ઘણા સમયથી ખોલ્યો ન હતો. જેથી દિલ્હીથી શેઠ આવ્યા બાદ લીકરની ગણતરી કરી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કોઈ ચોર ઈસમોએ ફરિયાદીના વેરહાઉસની બાજુમાં આવેલ એસઆર બ્રધર નામના બંધ વેર હાઉસનું સાઈડનું શટર તોડી તેમાં પ્રવેશી આ એસઆર બ્રધર તથા ફરિયાદીના વેર હાઉસની વચ્ચેની દીવાલમાં બાકોરૂં પાડી વેર હાઉસમાં રાખવામાં આવેલ દારૂની ચોરી કરી હતી. વિદેશથી મંગાવેલી અલગ અલગ બ્રાન્ડની લિકર અહીં રાખવામાં આવી હતી. કુલ ૬૪,૨૦૦ની અલગ અલગ ૨૪૦ બોટલની ચોરી કરવામાં આવતા ગાંધીધામ બી-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે આ બનાવમાં તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપીને ઝડપી લીધા હતા. જેમાં કિડાણાના સલીમ ઉર્ફે ભુરો આમદ કકલ, ઈમરાન નુરમામદ ચાવડા અને ઉમર ઉર્ફે ભુરો કાસમ ચાવડાની અટક કરવામાં આવી હતી. આ આરોપીઓ પાસેથી ૧૯,૪૫૦ની દારૂની ૧૨૦ બોટલ કબજે કરવામાં આવી હતી, જ્યારે અન્ય પાંચ શખ્સોના નામ સામે આવ્યા છે. જેમાં લિયાજત કાસમ ચાવડા, હનીફ હુશેન મંઢા, ગફુર હાસમ ચાવડા, ઉમર ઉર્ફે કારો હુશેન ચાવડા, કાસમ આમદ ખારાનો સમાવેશ થાય છે. આ પાંચ આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ કામગીરીમાં પીઆઈ એસ.વી. ગોજિયા સાથે પીએસઆઈ એલ.એન. વાઢિયા અને સ્ટાફના માણસો જોડાયા હતા.

### રાષ્ટ્રીય હિતના સમાચારોમાં કચ્છઉદય બન્યું ફરી અગ્રેસર




કાસેઝમાં વિદેશથી વસ્તુઓ આયાત કરી રીપ્રોસેસ કરી અને વિદેશી હુંડીયામણ લાવી દેશના આર્થિક ભંડોળમાં મોટો ફાળો અપાઈ રહ્યો છે. કાસૈઝમાં પાછલા કેટલાક સમયથી તસ્કરી-ચોરી-આયોજનબદ્ધ હેરફેર ખુબ વધી રહી હોવાની લાલબત્તી ધરતો કિસ્સો કચ્છઉદય દ્વારા તાજેતરમાં જ **તા.૨૬-૨-૨૦૨૬ના પાના..નં.૪ પર કાસેઝમાં હવે ૧ યુનિટમાથી લીકરની ચોરીનો અહેવાલ આગોતરો રજુ કરવમા આવ્યો હતો.** જે **અહેવાલ પ્રસીદ્ધ** થયા બાદ હવે પોલીસ મથકે તેની સત્તાવાર ફરીયાદ નોધાઈ છે. આમ રાષ્ટ્રીય હિતના અહેવાલોમાં કચ્છઉદય ફરી એક વખત અગ્રેસર ભુમિકા ભજવતું પુરવાર થયું છે.

ગાંધીધામ: કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન જે દેશના અર્થતંત્રમાં મહત્વનો ફાળો આપે છે, તે અત્યારે સુરક્ષાના ગંભીર પ્રશ્નોથી ઘેરાયેલું છે. અગાઉ સોપારી અને કેબલોની તસ્કરીના કિસ્સાઓ બાદ હવે લિકર (દારૂ) ની તસ્કરીના બનાવોએ વહીવટી તંત્રની ઊંઘ ઉડાડી દીધી છે. ઝોનની સલામતી વ્યવસ્થામાં જોવા મળતા મોટા છિદ્રોને કારણે હવે એવી માંગ પ્રબળ બની છે કે કાસેઝની સુરક્ષા કોઈ પ્રાઈવેટ એજન્સીના બદલે કેન્દ્રીય એજન્સી CISF (Central Industrial Security Force) ને સોંપવી અનિવાર્ય છે.પ્રાઈવેટ સિક્યુરિટીની શંકાસ્પદ ભૂમિકા અને વિવાદો ચર્ચાના વમળો સર્જતા જ રહે છે.ઝોનમાં સુરક્ષા માટે તૈનાત પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓની ભૂમિકા અગાઉ પણ અનેકવાર વિવાદોના ઘેરામાં રહી છે. અનેક ગંભીર ઘટનાઓ તેની સાક્ષી પૂરે છે. કસ્ટમ અને DRI દ્વારા સીઝ કરીને રાખવામાં આવેલી અંદાજે ૧૦ લાખની કિંમતની સિગારેટની ચોરી થઈ જવી તે સુરક્ષા વ્યવસ્થા પર મોટું કલંક જ હતુ અને તે વખતે સિકયુરીટીવાળા બે કર્મીઓની ભુમિકા પોલીસ ચોપડે જ બહાર આવવા પામી ગઈ હતી. એટલે કે સિકયુરીટીના કર્મચારીઓની મીલીભગતથી જ ડીઆરઆઈ જેવી એજન્સીએ સિઝ કરેલ સિગારેટ જેવી નાની સુની નહી પણ ૧૦ લાખની મુદામાલની ચોરી કરવાની ઘટના બની જ ચુકી છે. તે બાદ થોડા જ સમયમાં કાસેઝમાં લિકરની તસ્કરીની ઘટના પણ બનવા પામી હતી. ગોવિંદજી ભાણજીના યુનિટમાંથી લિકરની ચોરી થવાની ઘટનાએ સાબિત કરી દીધું છે કે સુરક્ષા વ્યવસ્થા માત્ર કાગળ પર જ સજ્જડ રહેલી લાગે છે. કાસેઝમાં આ રીતે સુરક્ષા વ્યયસ્થા અથવા તો સિકયુરીટીવાળઓની બેદરકારી હોય તે ખરેખર તો રાષ્ટ્રીય સુરક્ષાનો પ્રશ્ન જ કહી શકાય તેમ છે. ઝોનમાં અનેક કિંમતી વસ્તુઓની આયાત-નિકાસ થાય છે.

જો આ જ રીતે તસ્કરીઓ થતી રહેશે, તો ભવિષ્યમાં તે દેશની આંતરિક સુરક્ષા માટે મોટો પડકાર બની શકે છે.સોપારી, સિગારેટ અને હવે લિકરની તસ્કરી બાદ હવે જો તંત્ર નહીં જાગે તો કાસેઝની શાખને મોટું નુકસાન થવાની ભીતિ છે. ડીસી શ્રી પાટીલ અને ઉચ્ચ સત્તાધીશો આ મામલે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી તત્કાલ પ્રભાવથી CISFની તૈનાતી કરાવે તે સમયની માંગ છે.

## કચ્છમાં હોળી-ધૂળેટીના પર્વ નિમિતે બજારમાં ઓર્ગેનિક ગુલાલ અને અવનવી પિચકારીઓની માંગ

**બુલડોઝર**
ઘરથી બે-ઘર થઈ ગયા લોકો
ભટકતા દર-દર થઈ
ગયા લોકો
ઝુંપડા પણ રહેવા દીધા નહી
જુઓ બુલડોઝર થઈ
ગયા લોકો
**- રજનીકાંત ઓઝા**

ભુજ - કચ્છઉદય : કચ્છના મુખ્ય મથક ભુજમાં હોળી અને ધૂળેટીના પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે બજારમાં રંગોત્સવની તૈયારીઓ પૂરજોશમાં જોવા મળી રહી છે. ભુજના સીઝનલ ચીજ વસ્તુઓના હોલસેલ વેપારી પરેશભાઈએ આ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૩૭ વર્ષથી હોળીના તહેવાર સાથે સંકળાયેલા છે અને વર્ષોથી રંગોનો વ્યવસાય કરી રહ્યા છે. આ વર્ષે બજારના ટ્રેન્ડ વિશે વાત કરતા તેમણે કહ્યું કે ગ્રાહકોમાં ઓર્ગેનિક ગુલાલની માંગ સૌથી વધુ જોવા મળી રહી છે. લોકો હવે સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થયા હોવાથી કેમિકલયુક્ત રંગોને બદલે સારી ગુણવત્તાના ગુલાલ અને ખાસ કરીને તોતા કંપનીના ગુલાલને વધુ પસંદ કરી રહ્યા છે.

પિચકારીઓના વેચાણ અંગે તેમણે ઉમેર્યું હતું કે બાળકોમાં બેન-ટેન, મોટુ-પતલુ, છોટા ભીમ અને ટેક્ર વાળી પિચકારીઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. આ ઉપરાંત અત્યારે મેજિક ફુગ્ગાની પણ ભારે માંગ જોવા મળી રહી છે જે તહેવારની મજામાં વધારો કરશે. ભાવ વધારાના પ્રશ્ને રાહત આપતા તેમણે જણાવ્યું હતું કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ભાવોમાં કોઈ મોટો ઉછાળો જોવા મળ્યો નથી. માત્ર ૨ થી ૫ ટકા જેવો નજીવો ભાવ વધારો થયો છે જે ગ્રાહકોના ખિસ્સા પર ખાસ અસર નહીં કરે.

બજારની વર્તમાન સ્થિતિ અંગે વેપારીઓએ જણાવ્યું કે છેલ્લા બે-ત્રણ દિવસથી હોલસેલ વેપારમાં સારી ઘરાકી જોવા મળી છે પરંતુ રિટેલ માર્કેટમાં હજુ જોઈએ તેવો ઉછાળો આવ્યો નથી. તેનું મુખ્ય કારણ હાલમાં ચાલી રહેલી બોર્ડની અને અન્ય શાળાઓની પરીક્ષાઓ છે. જોકે, રિટેલ બજારમાં પણ ગ્રાહકોની ભારે ભીડ ઉમટશે અને વેપારમાં તેજી જોવા મળશે તેવી આશા સાથે વેપારીઓએ સ્ટોલ શરૂ કર્યા છે. ભારતીય સંસ્કૃતિમાં હોળી-ધૂળેટીના પર્વનું અનેરું મહત્વ છે ત્યારે ભુજની જનતા પણ આ પર્વને પરંપરાગત રીતે ઉજવવા માટે ઉત્સાહિત જણાઈ રહી છે.

### પરંપરાગત ચીજવસ્તુઓની ખરીદી માટે ગ્રાહકોમાં ઉત્સાહ




ભુજ - કચ્છઉદય : હોળી અને ધુળેટીના પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે બજારોમાં તહેવારનો માહોલ જામ્યો છે. શહેરના મુખ્ય બજારોમાં ખજૂર, ધાણી, હાયડા અને હારડા જેવી પરંપરાગત ચીજવસ્તુઓનું વેચાણ કરતા વેપારીઓએ પુરજોશમાં તૈયારીઓ કરી લીધી છે. છેલ્લા ૪૦ વર્ષથી વ્યવસાય સાથે જોડાયેલા સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, અત્યારે બજારમાં ગ્રાહકોની પાંખી હાજરી જોવા મળી રહી છે, પરંતુ હોળીના અંતિમ બે-ત્રણ દિવસોમાં ખરીદીમાં મોટો ઉછાળો આવવાની પૂરી શક્યતા છે. વેપારીઓએ આ વર્ષે વાજબી ભાવે માલ ઉપલબ્ધ કરાવ્યો છે, જેમાં હાયડા ૨૦૦ રૂપિયે કિલો, ૨૦૦ ગ્રામ ફૂલાનું પેકેટ ૪૦ રૂપિયા અને નાળિયેર ૩૫ રૂપિયાના ભાવે વેચાઈ રહ્યા છે. તહેવારની સીઝન હોવાથી વેપારીઓએ પૂરતા પ્રમાણમાં સ્ટોક રાખ્યો છે અને તેઓ આગામી દિવસોમાં સારા વેપારની આશા વ્યક્ત કરી રહ્યા છે.

**હોલસેલ વેપારમાં ખરીદી શરૂ થયા બાદ હવે રિટેલ ગ્રાહકોની જામશે ભીડ : નાના ધંધાર્થીઓએ વ્યક્ત કર્યો આશાવાદ**



### રોઝા-૧૦

**શું ઈસ્લામ શાંતિનો વિરોધી છે ? - ૧**

**ઈફ્તાર : ૬:૫૮** | **સહેરી : ૫:૫૧**

આમ તો શાંતિ અને યુદ્ધની સમસ્યા માનવ જગત સાથે હંમેશાથી રહી છે, પરંતુ વીસમી સદીમાં તો માનવતા માટે જીવન - મૃત્યુની સમસ્યા બની ગયી છે. ઈતિહાસ અને આંતરરાષ્ટ્રીય પ્રવાહોનો અભ્યાસ કરીશું તો સમજાઈ જશે કે વાસ્તવમાં આ પ્રશ્ન કોઈ વિશેષ ધર્મ કે સભ્યતા સાથે સંબંધ ધરાવતો નથી, બલ્કે સામૂહિક માનવ જીવન સાથે તે વણાઈ ગયેલો છે. અહીં મૂળ પ્રશ્ન એ છે કે આ પ્રશ્નનો સરળતાથી અને સ્વાભાવિક ઉકેળ કોઈ ધર્મ, કોઈ સભ્યતા કે પછી કોઈ રાજકીય વ્યવસ્થા લાવી શકવા સમર્થ છે ? વર્તમાન પરિસ્થિતિ જોઈને જો કોઈ એવું કહેતું અથવા સમજતું હોય કે આ પરિસ્થિતિ ઈસ્લામ અને મુસલમાનોના કારણે ઊભી થઈ છે, તો વાસ્તવમાં પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાની રીત અને તેના માપદંડો ખોટા છે. પ્રથમ દ્રષ્ટિએ જણાઈ આવે છે કે માનવતા આજે ત્રીજા વિશ્વ યુદ્ધના કિનારે છે, તો તેનું મોટું કારણ પશ્ચિમી દેશોની નીતિઓ છે. અત્યાચાર અને હિંસામાં વધારો થઈ રહ્યો છે. યુદ્ધો સતત વધી રહ્યા છે અને તેમાં વધુને વધુ લોકો મારી રહ્યા છે, પાછલા ચાલીસ વર્ષોમાં જેટલા મૃત્યુ થયા છે, તે બીજા વિશ્વ યુદ્ધની સરખામણીમાં ચાર ગણા છે.

શાંતિ માટે અંગ્રેજીમાં 'પીસ' શબ્દનો ઉપયોગ થાય છે. તેના અર્થ અને અર્થઘટનની રીતે તે પોતાનામાં વ્યાપક છે. તેથી તેનો ઉપયોગ મનુષ્યની વ્યકિગત સ્થિતિથી લઈને વિશ્વની પરિસ્થિતિ સુધી થાય છે. આ પરિસ્થિતિમાં કોઈ એવી વ્યવસ્થાની જગતને જરૂરત છે, જે વ્યક્તિથી લઈને સમૂહ અને દેશથી લઈને વૈશ્વિક સ્તર સુધી શાંતિની ભાવનાને પ્રબળ બનાવે, યુદ્ધ અને અશાંતિ તથા હિંસાચાર અને અત્યાચાર ઉપર અંકુશ મૂકે અને લોકોના દિલોમાં ભાઈચારા, હમદર્દી, પ્રેમ, પરસ્પર સહયોગ જેવી ભાવનાઓને પોષે અને તે દ્વારા દુનિયામાં સુખ ચેનની સ્થિતિને બહાલ કરે. શાંતિ, અમન અને સલામતીનો દ્રષ્ટિકોણ ઈસ્લામ ધર્મનો પાયાનો દ્રષ્ટિકોણ છે. આ દ્રષ્ટિકોણ તેના સ્વભાવથી ઊંડો સંબંધ ધરાવે છે. જીવન અને મનુષ્ય અંગે ઈસ્લામની પુર્ણ વિચારધારા સાથે તેનો મજબૂત સંબંધ છે. ઈસ્લામનું મૂળ સ-લ-મ છે, અને તે કાર્યોનું ઉદ્‌ગમ છે. સ-લ-મ નો અર્થ ખુલ્લા અને છુપા પાપોથી તેમજ દોષો અને ત્રુટિઓથી બચવું, માથું ઝુકાવી દેવું, સમર્પિત કરી દેવું, કબુલ કરી લેવું તથા શાંતિ અને સલામતી થાય છે. 'ઈસ્લામ'નો 'શાંતિ' અને સલામતી'થી સંબંધ સ્પષ્ટ કરતાં મુસ્લિમ વિદ્વાન મૌલાના સરુદ્દીન ઈસ્લાહી કહે છે. ઈસ્લામનો શાંતિ અને સલામતી સાથે એજ સંબંધ છે, જે સૂર્યથી પ્રકાશ અને ગરમીનો છે. ઈસ્લામ શબ્દ પોતે સ્પષ્ટ કરે છે કે જે સ-લ-મ થી બન્યો છે. તેથી શાંતિ અને સલામતી તો તેના ખમીરમાં ઓત પ્રોત છે.'' (મારકાએ ઈસ્લામ ઔર જાહિલિયત ૧૮૬)


**-સૈયદ અલીઅસગર-ઢોરી**

**નોંધ : આ સમય ભુજ તથા માંડવી માટે છે. બાકીના શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ આ સમયને સ્થાનિક સમય સાથે મેળવી લેવું. દા.ત. : નખત્રાણા ૨ મિનીટ ઉમેરવી (વધારવી), મુન્દ્રા ૨ મિનીટ બાદ કરવી (ઘટાડવી)**


### બજારભાવ


| | | | | | |
|---|---|---|---|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ** | | મગ | ૧૧૦૦-૧૧૪૭ | આદુ | ૬૦-૮૦ |
| **૧૦૦ કિલોના ભાવ** | | રાયડો | ૧૦૭૦-૧૧૫૦ | કારેલા | ૪૦-૬૦ |
| ગોવાર | ૫૦૦૦-૫૦૫૫ | ગોવાર | ૯૬૦-૯૭૦ | શક્કરિયા | ૨૦-૩૦ |
| તુવેર | ૬૮૦૦-૭૧૦૦ | તુવેર | ૧૨૫૧-૧૪૪૦ | ચોળા ડોલર | ૨૦-૪૦ |
| **૪૦ કિલોના ભાવ** | | **ભુજ માર્કેટ યાર્ડ** | | ગીલોડા | ૨૦-૪૦ |
| એરંડા | ૨૪૫૦-૨૪૭૫ | **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | | મરચા સીમલા | ૨૦-૪૦ |
| રાયડો | ૨૨૫૦-૨૩૧૪ | ડુંગળી | ૮-૧૭ | વાલોળ પાપડી | ૧૦-૨૦ |
| ધાણા | ૩૨૦૦-૪૦૦૦ | બટેટા | ૮-૧૨ | વાલોળ (ચોળા) | ૧૦-૩૫ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | ટમેટા | ૮-૧૨ | ગોવાર | ૪૦-૭૦ |
| **૧૦૦ કિલોના ભાવ** | | લીલી ડુંગળી | ૩-૧૦ | ગીસોડા | ૧૦-૪૦ |
| તુવેર | ૬૮૭૦-૭૨૦૦ | મરચા | ૨૦-૪૦ | સરગવો | ૧૫-૩૫ |
| ગુવાર | ૫૦૦૦ | મરચી | ૩૦-૭૦ | ગેલકા | ૧૦-૨૫ |
| ધાણા | ૭૫૦૦-૮૭૩૦ | રીંગણા કાળા | ૫-૧૫ | કોળુ | ૧૦-૧૩ |
| વરીયાળી | ૭૭૦૦ | રીંગણા બાજરીયા | ૮-૨૦ | બીટ | ૧૦-૨૦ |
| **૪૦ કિલોના ભાવ** | | કોબી દેશી | ૩-૭ | મેથી | ૧૨-૧૫ |
| એરંડા | ૨૩૦૦-૨૫૦૮ | ફુલાવર દેશી | ૭-૧૨ | **ભુજ ફ્રુટ બજાર** | |
| રાયડો | ૨૦૦૦-૨૩૪૧ | વટાણા | ૨૫-૪૦ | કેળા કાચા | ૧૦-૨૦ |
| કપાસ | ૨૮૦૦-૨૯૮૧ | ધાણા | ૫-૧૨ | કેળા પાકા | ૨૫-૩૦ |
| જીરૂ | ૬૦૦૦-૯૯૦૦ | ભીંડા | ૨૫-૫૦ | પપૈયા કાચા | ૫-૧૨ |
| તલ | ૩૭૫૧ | કાકડી કાળી | ૩-૭ | પપૈયા પાકા | ૧૦-૨૫ |
| ઈસબગુલ | ૪૮૫૧ | કાકડી ખીરા | ૧૦-૨૦ | જામફળ | ૩૦-૬૦ |
| **રાપર માર્કેટ યાર્ડ** | | પાલક | ૫-૧૦ | ચીકુ | ૧૦-૨૫ |
| રાયડો | ૧૦૮૨-૧૧૬૦ | લસણ સુકું | ૬૦-૧૫૦ | શક્કરટેટી | ૧૫-૩૫ |
| જીરૂ | ૩૫૦૦-૩૮૧૧ | લસણ લીલું | ૨૦-૪૦ | ફણસી | ૨૦-૪૦ |
| એરંડા | ૧૨૧૧ | લીંબુ | ૩૦-૭૦ | કલીંગર | ૧૫-૨૦ |
| ઈસબગુલ | ૧૯૦૦ | પીત્તાઈ ગાજર કેશરી | ૧૦-૨૦ | બોરા ચમેલી | ૧૦-૨૦ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | | પીત્તાઈ ગાજર લાલ | ૮-૧૨ | બોરા એપલ | ૧૦-૨૦ |
| એરંડા | ૧૧૭૦-૧૨૬૭ | દુધી | ૨-૮ | | |


## ભુજોડીમાં 'સરહદ કે સુપરકોપ'ના વિમોચન સાથે નાયક દિલીપ અગ્રાવત-લેખક પ્રફુલ શાહનું સન્માન









**બોલીવુડના જયંતીલાલ ગડા - ગોપી દેસાઈના હસ્તે વિમોચન : પ્રધાન, સાંસદ, વિધાનસભ્યો અને કચ્છના પોલીસવડા હાજર રહેશે**

મુંબઈ : કચ્છના લોકપ્રિય પોલીસ અધિકારી દિલીપભાઈ અગ્રાવત અને જાણીતા લેખક - પત્રકાર પ્રફુલભાઈ શાહના સન્માન અને આ બેલડીની પ્રતિભાના પ્રતિક સમાન હિંદી પુસ્તક 'સરહદ કે સુપરકોપ'ના વિમોચનનો સમારંભ રવિવાર તારીખ એક માર્ચે ભુજોડીમાં યોજાશે. આ કાર્યક્રમ માટે બોલીવુડના ટોચના નિર્માતા ડો. જયંતીલાલ ગડા અને પીઢ અભિનેત્રી ગોપીબહેન દેસાઈ ખાસ મુંબઈથી ભુજ આવશે.

કંડલા ટીંબર એસોશિયેશન(ગાંધીધામ) દ્વારા ભુજ નજીકના ભુજોડી સ્થિત ડ્રીમ રિસોર્ટસમાં સાંજે સાત કલાકે આયોજિત કાર્યક્રમ સાંસદ વિનોદભાઈ ચાવડાના અધ્યક્ષતા હેઠળ યોજાશે. અતિથિ વિશેષ તરીકે ગુજરાત સરકારના પ્રધાન ત્રિકમભાઈ છાંગા ઉપરાંત વિધાનસભ્યો કેશુભાઈ પટેલ, વીરેન્દ્રસિંહ જાડેજા શોભામાં અભિવૃધ્ધિ કરશે. જ્યારે કચ્છના એસ.પી. વિકાસ સૂંડા વિશેષ આમંત્રિત તરીકે કાર્યક્રમને દિપાવશે. આ અનોખા પુસ્તકનો પરિચય જાણીતા સમીક્ષક સુનિલભાઈ માંકડ કરાવશે. સંચાલન પીઢ પત્રકાર અને માજી તંત્રી વિપુલભાઈ વૈધ સંભાળશે.

કચ્છના બાહોશ પોલીસ ઓફિસર દિલીપભાઈ અગ્રાવતના અસાધરણ પરાક્રમમો પર પ્રફુલ શાહ લિખિત ગુજરાતી પુસ્તક 'સરહદનો સુપરકોપ'નું વિમોચન ગત ડિસેમ્બરમાં અમદાવાદમાં ગુજરાતના ભૂતપૂર્વ પોલીસ વડા એ.કે. સિંહ, 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશભાઈ દવે અને ફિલ્મ - સર્જક જયંત ગિલાટરે કર્યુ હતું. જાન્યુઆરીમાં દિલ્હીમાં વર્લ્ડ બુક ફેરમાં અંગ્રેજી આવ્રુતિ 'સુપરકોપ ઓફ ધ બોર્ડર'નું વિમોચન બોલીવુડના અભિનેતા અને દિગ્દર્શક અનંત મહાદેવનના હસ્તે થયું હતું. 'સરહદ કે સુપરકોપ' પ્રફુલ શાહનું ૫૫મું પુસ્તક છે, જેમાં કચ્છ પરના ચાર પુસ્તક 'કચ્છ ફાઈલ', લવ યુ કચ્છ' અને લાઈફ આઈએમ સ્પોસિબલ' સમાવિષ્ટ છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ
તા.૨૮-૦૨-૨૦૨૬

## પહેલા પાનાથી... ઈઝરાયેલનો ઈરાન

મિસાઈલ હુમલાથી વિશ્વમાં પણ ખળભળાટી મચી રહી છે. ઈઝરાયેલનો ઈરાન પર ભયંકર મોટો હુમલો થવા પામ્યો છે. રાજધાની તહેરાનમાં અનેક મોટા ધડાકાઓ થવા પામ્યા છે. મોટી નુકસાની થવા પામી હોવાનુ પણ પ્રાથમિક દ્રષ્ટીએ જોવા મળી રહી છે. હુમલા બાદ ઈરાનના વિવીધ વિસ્તારોમાં સાયરન ગુંજી ઉઠયા છે. સામાપક્ષે ઈઝરાયેલમાં પણ વળતા પ્રહારની સ્થિતીને જોતા એલર્ટ જાહેર કરવામા આવી ગયુ છે. લોકોને ઘરમાં રહીને જ કામ કરવા જણાવી દેવાયું છે.

### હુમલાની ઘટનાની સાથે સાથે

● અમે ઈરાન સામે મોટું ઓપેરશન શરૂ કર્યુ, અમેરીકાને નીશાન બનાવવા માંગતુ હતુ ઈરાન : ટ્રમ્પનું નિવેદન : - ઝડપથી થશે વળતી કાર્યવાહી, શરૂ તમે કર્યુ, યુદ્ધ ખતમ અમે કરીશું : ઈરાનનુ મોટુ નિવેદન - ઈજરાયેલના હુમલામાં ઈરાનના ટોપના કમાન્ડનું મોત - ઈરાન પર હુમલા ચાલુ રહેશે, ઈરાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવાયા, આગામી ૪ દીવસ સુધી હુમલા ચાલુ રહેશે : અમેરીકા : ઈરાનના રાષ્ટ્રપતિના ઘર પર થયો હુમલો : અનેક મંત્રીઓ ઘર સહિત ૩૦ જગ્યાઓ પર ઈઝરાલના સિલસિલાવાર હુમલા : ખામનોઈને સુરક્ષિત સ્થળે ખસેડી દેવાયા : અમેરિકાએ કતારમાં એરબેઝને એલર્ટ પર રાખ્યું : હુમલા બાદ તહેરાનમાં મોબાઈલ સેવા ખોરેવાઈ : યુએસ પણ મુકાયુ એલર્ટ મોડ પર

## ઈરાન-ઈઝરાયેલ વચ્ચે યુદ્ધનો પ્રારંભ : વૈશ્વિક અસ્થિરતા વચ્ચે કચ્છના બંદરીય વેપાર પર સંકટના વાદળ

ગાંધીધામ - કચ્છઉદય : મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વિધિવત રીતે યુદ્ધ ફાટી નીકળ્યું છે. ઈઝરાયેલ દ્વારા ઈરાનના સૈન્ય મથકો પર કરવામાં આવેલા હવાઈ હુમલા બાદ આખા વિશ્વમાં ભારે તણાવની સ્થિતિ સર્જાઈ છે. આ યુદ્ધના મૂળમાં ઈરાનનો વિવાદિત પરમાણુ કાર્યક્રમ અને લાંબા સમયથી ચાલી રહેલો પ્રાદેશિક વર્ચસ્વનો સંઘર્ષ મુખ્ય કારણ માનવામાં આવે છે. ઈઝરાયેલ આ હુમલાને પોતાની સુરક્ષા માટેનો અગમચેતીનો પગલો ગણાવી રહ્યું છે, જ્યારે ઈરાને પણ વળતો પ્રહાર કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ ગંભીર વૈશ્વિક ઘટનાની સીધી અને આડકતરી અસરો આગામી દિવસોમાં કચ્છ જિલ્લાના આર્થિક માળખા પર જોવા મળે તેવી પૂરેપૂરી શક્યતા છે.

ખાસ કરીને કચ્છના કંડલા અને મુંદ્રા બંદર માટે આ યુદ્ધ અત્યંત ચિંતાજનક સાબિત થઈ શકે છે. ભારતનો મોટો હિસ્સો જે દરિયાઈ માર્ગો પરથી પસાર થાય છે તે હવે યુદ્ધક્ષેત્રમાં ફેરવાઈ રહ્યા છે. આગામી દિવસોમાં લાલ સમુદ્ર અને પર્સિયન ગલ્ફ જેવા મહત્વના જળમાર્ગો અસુરક્ષિત બનતા માલવાહક જહાજોએ સલામતી ખાતર હજારો કિલોમીટર લાંબા વૈકલ્પિક રસ્તાઓ પકડવાની ફરજ પડશે. સામાન્ય રીતે જે જહાજો ટૂંકા માર્ગે ભારત આવતા હોય છે, તેમને હવે આફ્રિકાના છેડા 'કેપ ઓફ ગુડ હોપ' ફરીને લાંબો રૂટ લેવો પડી શકે છે. આ પરિવર્તનને કારણે માલ પહોંચાડવાના સમયમાં ૧૦ થી ૧૫ દિવસનો વધારો થશે અને ઈંધણનો વપરાશ વધતા જહાજોના ભાડામાં ધરખમ ઉછાળો આવવાની ભીતિ છે. કંડલા બંદરે આવતા ક્રૂડ ઓઈલ અને રાસાયણિક ખાતરની આયાત મોંઘી બનતા સ્થાનિક ખેતી અને ઉદ્યોગો પર તેની અસર પડશે.


આંતરરાષ્ટ્રીય સ્તરે સર્જાયેલી આ અસ્થિરતાને કારણે સોના અને ચાંદીના બજારમાં પણ ભારે તેજી આવવાની સંભાવના છે. જ્યારે પણ વિશ્વમાં યુદ્ધ જેવી અનિશ્ચિતતા ઊભી થાય છે ત્યારે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના તરફ વળે છે. પરિણામે કચ્છના સ્થાનિક જ્વેલરી બજારમાં સોનાના ભાવ નવી ઐતિહાસિક સપાટી વટાવી શકે છે, જેની સીધી અસર લગ્નસરાની મોસમમાં ખરીદી કરનારા મધ્યમ વર્ગના પરિવારો પર પડશે. જો આ યુદ્ધ લાંબુ ખેંચાય અને ક્રૂડ ઓઈલના ભાવ વધે તો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધવાને કારણે લોજિસ્ટિક્સ હબ ગણાતા કચ્છમાં મોંઘવારીનોડો પણ વધશે. આમ, મધ્ય પૂર્વમાં લાગેલી યુદ્ધની આ જ્વાળા આગામી દિવસોમાં કચ્છના બંદરીય વહીવટ, નિકાસકારો અને સામાન્ય જનજીવન માટે એક મોટો પડકાર બનીને ઉભરી શકે છે.

### કંડલા અને મુંદ્રા બંદરો ભારત અને ઈરાન વચ્ચેના વ્યાપારી સંબંધો માટે ખૂબ જ મહત્વના

ગાંધીધામ : કંડલા અને મુંદ્રા બંદરો ભારત અને ઈરાન વચ્ચેના વ્યાપારી સંબંધો માટે ખૂબ જ મહત્વના કેન્દ્રો છે. વર્ષ ૨૦૨૬ના વર્તમાન પ્રવાહ મુજબ, આ બંને બંદરો ઈરાન સાથેના "ચાબહાર પોર્ટ" પ્રોજેક્ટ અને "ઈન્ટરનેશનલ નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર" સાથે સીધા જોડાયેલા છે.

અહીં આ વ્યાપારી માર્ગની મુખ્ય વિગતો છેઃ **૧. મુખ્ય વ્યાપારી માર્ગો :** કંડલા/મુંદ્રા થી ચાબહારઃ આ સૌથી મહત્વનો સીધો માર્ગ છે જે પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવા માટે વપરાય છે. કંડલા/મુંદ્રા થી બંદર અબ્બાસઃ ઈરાનનું આ સૌથી મોટું બંદર છે, જ્યાંથી રશિયા અને યુરોપ સુધી માલ મોકલવા માટે INSTC નો ઉપયોગ થાય છે. **૨. ટ્રાન્ઝિટ સમય :** આ રૂટ પર શિપિંગ ઘણું ઝડપી છેઃ મુંદ્રા થી બંદર અબ્બાસઃ આશરે ૭ થી ૧૧ દિવસ. કંડલા થી બંદર અબ્બાસઃ આશરે ૮ થી ૧૨ દિવસ. ચાબહાર માટેઃ નિયમિત કન્ટેનર સર્વિસ દર ૧૦ થી ૧૫ દિવસે ઉપલબ્ધ હોય છે. **૩. મુખ્ય વસ્તુઓનો વેપાર :** ભારતથી ઈરાનઃ બાસમતી ચોખા, ચા, ખાંડ, દવાઓ, અને કેમિકલ્સ.ઈરાનથી ભારતઃ ડ્રાય ફ્રૂટ્સ (ખજૂર, બદામ), સફરજન, અને વિવિધ પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સ (જેમ કે બિટ્યુમેન). **૪. વર્તમાન સ્થિતિ (૨૦૨૬ Update) :** ચાબહાર કરારઃ ભારતે ચાબહાર પોર્ટના સંચાલન માટે ૧૦ વર્ષનો લાંબો કરાર કર્યો છે, જેનાથી કંડલા અને મુંદ્રાથી થતા વેપારને વધુ સ્થિરતા મળી છે. ભૌગોલિક પડકારોઃ તાજેતરમાં (જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૬માં) ઈરાનમાં રાજકીય અસ્થિરતા અને અમેરિકાના નવા ટેરિફ/પ્રતિબંધોને કારણે કંડલા અને મુંદ્રા ખાતે કેટલાક કન્સાઈનમેન્ટ અટક્યા હોવાના અહેવાલો પણ મળ્યા છે. ખાસ કરીને અદાણી ગ્રુપે ઈરાન સાથેના કાર્ગો હેન્ડલિંગમાં સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે. **૫. ખર્ચમાં ઘટાડોઃ** આ માર્ગ દ્વારા યુરોપ અને મધ્ય એશિયામાં માલ મોકલવાથી ખર્ચમાં ૩૦% અને સમયમાં ૪૦% જેટલી બચત થાય છે.

## રણોત્સવની વધતી લોકપ્રિયતા સરકારના સુવ્યવસ્થિત આયોજનનું પરિણામ : હર્ષ સંઘવી



**રાજ્યની તિજોરી છલકાઈ : બે વર્ષમાં ૧૭ કરોડની આવક સાથે પ્રવાસન ક્ષેત્રે નવો ઈતિહાસ રચાયો : મુખ્યમંત્રીએ વિધાનસભા ગૃહમાં આપી માહિતી**

ભુજ-કચ્છઉદય:ગુજરાતના ગૌરવ સમાન કચ્છનો રણોત્સવ હવે વૈશ્વિક પર્યટન નકશા પર મજબૂત ઓળખ સ્થાપિત કરી ચૂક્યો છે, જેનો પુરાવો તાજેતરમાં વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવેલા આંકડાઓ પરથી મળે છે. ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી અને પ્રવાસન મંત્રી હર્ષ સંઘવીએ ગૃહમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, કચ્છના સફેદ રણમાં યોજાતા આ ઉત્સવે છેલ્લા બે વર્ષમાં આવક અને પ્રવાસીઓની સંખ્યાના તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. માત્ર બે જ વર્ષના ટૂંકા ગાળામાં રણોત્સવે રાજ્ય સરકારને ૧૭ કરોડ ૦૬ લાખ ૩૫ હજાર ૬૬૭ રૂપિયાની માતબર આવક પ્રીમિયમ મેનેજમેન્ટ ફી દ્વારા કરાવી આપી છે.પ્રવાસીઓના ધસારા અંગે વિગતો આપતા મંત્રીએ ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૪માં ૮,૫૫,૫૬૫ પ્રવાસીઓએ રણની મુલાકાત લીધી હતી, જે સંખ્યા વર્ષ ૨૦૨૫માં વધીને ૯,૪૧,૬૩૭ પર પહોંચી છે. આ નોંધપાત્ર વધારો રણોત્સવની વધતી લોકપ્રિયતા અને સરકારના સુવ્યવસ્થિત આયોજનની સફળતા દર્શાવે છે. રણની ચાંદની રાત, સ્થાનિક સંસ્કૃતિ, સંગીત અને હસ્તકલાના સમન્વયથી સજ્જ આ ઉત્સવ હવે માત્ર પર્યટન સ્થળ જ નહીં, પરંતુ રાજ્યના આર્થિક વિકાસનું એક સબળ માધ્યમ બની ગયો છે.આ ઉત્સવની સૌથી મોટી અસર સ્થાનિક રોજગારી પર જોવા મળી છે. રણોત્સવને કારણે કચ્છના ગ્રામિણ વિસ્તારોમાં આર્થિક ગતિશીલતા વધી છે અને સ્થાનિક હસ્તકલા કલાકારો, ઊંટ ચાલકો તેમજ નાના વેપારીઓને મોટા પાયે રોજગારની તકો સાંપડી રહી છે. સરકારના પ્રોત્સાહન અને સતત વધી રહેલી આધુનિક સુવિધાઓને કારણે રણોત્સવ ગુજરાતના પ્રવાસન વિકાસના પ્રતીક તરીકે ઉભરી આવ્યો છે.

## ટેરિફ અંગે 'સુપ્રીમ' ઝટકા બાદ ટ્રમ્પ મુસીબતમાં, અમેરિકામાં ૨૦૦૦થી વધુ કંપનીઓએ રિફંડ માગ્યો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કોઈ વાહન બેફામ સ્પીડે દોડતું હોય અને આગળ મોટું વાહન આવી જાય ત્યારે કમને બ્રેક મારવી પડે તેવી સ્થિતિ અમેરિકન પ્રમુખ ટ્રમ્પની થઈ છે. આખા વિશ્વને ટેરિફના નામે ધમકાવવા નીકળેલા ટ્રમ્પ પર તેમની જ સુપ્રીમ કોર્ટે જ મોટો ઘા કર્યો છે. તેના પગલે અત્યાર સુધીમાં ટ્રમ્પ તંત્ર પર ૨૦૦૦થી પણ વધુ આયાતકારોએ રિફંડના કેસો ઠપકારી દીધા છે, જે પરત આપવા ટ્રમ્પ ઈચ્છુક નથી.

ઉલ્લખનીય છે કે અગાઉ પણ ૨૭ જેટલા કારોબારોએ તો ટ્રમ્પના ગ્લોબલ ટેરિફને પડકાર્યો જ હતો. આ કેસ નીચલી કોર્ટોમાં હતો. તેઓએ હવે રિફંડ મેળવવા માટે આ કેસો રીઓપન કરવા જણાવ્યું છે. હવે યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડ આગામી દિવસોમાં નક્કી કરશે કે ૧૫૦૦થી પણ વધુ આયાતકારોને તેમના રૂપિયા મળશે કે નહીં. ટ્રમ્પ વહીવટીતંત્ર નવી ટેરિફ નીતિનો અમલ જ ન કરી શકે અને રિફંડ આપવાની પ્રક્રિયા શરૂ કરે તે માટે કારોબારોએ તો કોર્ટમાં ધા નાખી છે.

મંગળવારે નાના કારોબારોના જૂથના વકીલે ટ્રેડ કોર્ટમાં ત્રણ જજની પેનલ સમક્ષ અરજી ફાઈલ કરી છે કે અમેરિકન વહીવટીતંત્રની ટેરિફ પોલિસીનો અમલ અટકાવવામાં આવે અને રિફંડની પ્રક્રિયા શરૂ કરવામાં આવે. અહીં ફક્ત રિફંડ જ આપવાનું છે તેવું નથી.

### કાસેઝ પાસે ટ્રક હડફેટે અકસ્માતમાં યુવતીને ગંભીર ઈજા

ગાંધીધામ : અહીં કાસેઝ લાલ ગેટ પાસે અકસ્માત થયો હતો. જે મામલે બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદી કિડાણામાં રહેતા મનસુખ મહમદ જલીલ આલમના જણાવ્યા પ્રમાણે ટ્રક નં.આરજે ૦૯ - જીઈ - ૮૨૮૫ ના ચાલકે પૂર ઝડપે ગાડી ચલાવી ફરિયાદીની દીકરીના કબજાની એક્સેસને પાછળથી ટક્કર મારતા અકસ્માત કરતા પાછળ બેઠેલ સિમરનનો જમણા હાથના પંજાથી કોણી વચ્ચેનો ભાગ ટ્રકના ટાયર નીચે આવતા છુંદાઈ ગયો હતો અને ઈજાઓ થઈ હતી. આ મામલે બી-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે તપાસ હાથ ધરી છે.

### સામખિયાળીમાં હોટલના ગ્રાઉન્ડમાંથી બંદૂક સાથે શખ્સ પકડાયો

ભચાઉ - કચ્છ ઉદય : સામખિયાળી ટોલનાકાથી સામખિયાળી ગામ તરફના રોડ પર વિરાત્રા હોટલના ગ્રાઉન્ડમાં સ્થાનિક પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી ત્યારે મૂળ રાજસ્થાનનો તેજપાલસિંહ ગોવિંદસિંહ રાવત ૨ હજારની પરવાના વગરની દેશી તમંચા સાથે પકડાઈ ગયો હતો. જેથી ગુનો દાખલ કરાવ્યો છે.

### રેલડી પાટિયા પાસે થયેલા અકસ્માતમાં લકઝરીના ચાલક વિરૂદ્ધ ગુનો

**પૂર ઝડપે બસ ચલાવી અને પાછળનું ટાયર ફાટતાં ૨૦ જેટલા પ્રવાસીઓને થઈ હતી ઈજા**

ભુજ - કચ્છ ઉદય : કચ્છમાં અલગ અલગ રૂટ પર દોડતી ખાનગી લકઝરી બસોના અવાર-નવાર અકસ્માત થાય છે. જે મામલે આરટીઓ દ્વારા નકર કાર્યવાહી ન કરવામાં આવતી હોવાની ફરિયાદ છે. આ વચ્ચે ગઈકાલે સાંજે ભુજ-અંજાર હાઈવે રોડ પર રેલડી ગામના પાટિયા પાસે અકસ્માત થયો હતો. જેમાં બસના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ બાબતે પદ્ધર પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ પ્રવાસીઓ વતી મોથાળાના જગદીશભાઈ લીલાધરભાઈ સથવારાએ જણાવ્યું કે, લકઝરી બસ નં.જીજે૧૨ - એઝેડ - ૫૯૯૪ ના ચાલકે પૂર ઝડપે બસ ચલાવી સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવી વાહન ફંગોળાતા તેનું ખાલી સાઈડનું પાછળનું ટાયર કોઈપણ કારણોસર ફાટી જતા વાહન પલ્ટી જતા ફરિયાદીને હાથમાં ફેક્ચર તેમજ માથાના ભાગે શરીરે મુઢ ઈજાઓ થઈ હતી. આ બસમાં સવાર નાના બાળકો, મહિલા પ્રવાસીઓ સહિત ૨૦ લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માત કરી ચાલક ભાગી ગયો હતો. ઘાયલોને એમ્બ્યુલન્સ મારફતે જી.કે.માં લાવવામાં આવ્યા હતા. ત્રણેક વ્યક્તિની તબીયત ગંભીર જણાઈ હતી. પદ્ધર પોલીસે ઘટનાસ્થળે બસને ખસેડી રસ્તો ખુલો કરાવવા સાથે જી.કે. માં ઘાયલોને ખસેડ્યા હતા. આ મામલે બસ ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ રૂટ પર દોડતી બસોમાં ક્ષમતા કરતા વધુ પ્રવાસી બેસાડવા સાથે ઝડપી ફેરા કરવાની લ્હાયમાં પૂર ઝડપે બસ ચલાવવામાં આવતી હોવાની ફરિયાદ છે. આરટીઓ દ્વારા બેફામ દોડતી બસો સામે આંખ મીચામણા કરવામાં આવતા હોવાનો આક્ષેપ પણ ઉઠી રહ્યો છે.

### આરટીઓની લિંક ઓપન કરીને ખાતામાંથી ૩.૫૯ લાખ ઉપડી ગયા

**ઈફ્કો કોલોનીમાં રહેતા નોકરિયાત આધેડ સાથે થયેલી ઠગાઈનો મામલો પોલીસ ચોપડે પહોંચ્યો**

ગાંધીધામ - કચ્છ ઉદય : શહેરના ઈફ્કો કોલોનીમાં રહેતા નોકરિયા એવા મયંકભાઈ ખોડાભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેમને આરટીઓ ચલણ નામની લિંક આવી હતી. જેના મારફતે તેમનો મોબાઈલ હેંક કરી ઈન્ડિયન ઓવર્સીસ બેંકની એપ્લિકેશનમાંથી નેટ બેકિંગ દ્વારા અલગ અલગ ટ્રાન્જેકશનોથી રૂપિયા ૩,૫૯,૧૫૨ રૂપિયાની ઓનલાઈન ઠગાઈ કરવામાં આવી હતી. આ બનાવ તા.૧૫/૧૦ થી ૧૮/૧૧ દરમિયાન બન્યું હતું. જે બાબતે અરજી આપવામાં આવી હતી. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે નાણાકીય છેતરપીંડી બાબતે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

## બોર્ડપરીક્ષા : વિજ્ઞાનની પરીક્ષામાં ૬૫૯ વિદ્યાર્થીઓ ગેરહાજર

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી એસએસસી બોર્ડનીપરીક્ષા અંતર્ગત આજે સવારના સત્રમાં મહત્વના વિષયોનીપરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયનીપરીક્ષામાં નોંધાયેલા કુલ ૨૫૨૦૧પરીક્ષાર્થીઓમાંથી ૨૪૫૪૨ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જ્યારે ૬૫૯ વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા. આ સાથે જ સંસ્કૃત પ્રથમાના ગણિત વિષયનીપરીક્ષામાંપણ વિદ્યાર્થીઓએ સો ટકા હાજરી નોંધાવી હતી, જેમાં નોંધાયેલા તમામ ૪૨ વિદ્યાર્થીઓપરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને એકપણ વિદ્યાર્થી ગેરહાજર રહ્યો નહોતો. સમગ્રતયા સવારના સત્રમાં શિસ્તબદ્ધ રીતેપરીક્ષા પ્રક્રિયાપૂર્ણ કરવામાં આવી હતી તેવું જિલ્લા શિક્ષણ કચેરીની યાદીમાં જણાવ્યું છે.

## ભુજના કુખ્યાત ચીટરોએ કસ્ટમ સહિતના નામે ૫.૨૦ કરોડની ઠગાઈ આચરી

**ભોગ બનનાર મધ્ય પ્રદેશના વેપારીએ ભુજમાં પોલીસ તંત્રમાં કરી હતી અરજી : પાંચ દિવસમાં કાર્યવાહી ન થાય તો આત્મવિલોપનની ચિંમકી આપી : કુખ્યાત ચીટરોના નામ જોગ પુરાવા સાથે રજૂઆત કરાઈ**

ભુજ - કચ્છ ઉદય : સસ્તા સોનાના નામે ભુજના ચીટરો દ્વારા અવાર-નવાર ઠગાઈના બનાવોને અંજામ આપવામાં આવે છે. તેવામાં ભુજના નામીચા ચીટરો દ્વારા મધ્ય પ્રદેશના વેપારીને શીશામાં ઉતારી ૫.૨૦ કરોડની ઠગાઈ કરી હોવાનો મામલો સામે આવ્યો છે. આ બાબતે આધાર-પુરાવા સાથે અરજદાર દ્વારા ગૃહ વિભાગ, આઈજી કચેરી, એસપી કચેરી ખાતે રજૂઆત કરવામાં આવી છે. આ બાબતે અરજદારે કરેલી રજૂઆત મુજબ વર્ષ ૨૦૨૦ મા કોરોના દરમિયાન તેઓને ફેસબૂકમાં એક આઈડી ધારક સાથે સંપર્ક થયો હતો. જેમાં બજાર કિંમત કરતા ૧૦ ટકા ઓછી કિંમતે સોનું આપવાની લાલચ આપવામાં આવી હતી. બાદમાં તેઓ ભુજ આવ્યા, હોટલમાં રોકાયા, બંગલા પર ગયા ત્યારે આરોપીઓએ બહેરીન, તાંઝાનિયા, દુબઈમાં અમારૂં કામ હોવાનું જણાવી ઓછામાં ઓછા ૧૦ કિલો સોનાનો ઓર્ડર લેવાનું કહ્યું હતું. બાદમાં ૨.૭૦ કરોડમાં ૫ કિલો સોનું લેવાનું નક્કી થયું, રૂપિયા આપી દીધા બાદ ડિલિવરી માટે અમે આવી છીએ, ફોનમાં બેટરી નથી, મોકલાવી દઈશ જેવા વાયદા કરવામાં આવ્યા હતા. બાદમાં કહ્યું કે, જે લોકો માલ દેવા આવવાના હતા તેઓ માલ લઈને ભાગી ગયા હતા. વિદેશી નંબર પરથી ફોન કરી પૈસા આપવાની ખાતરી અપાઈ હતી. બાદમાં ફરી બિસ્કિટ આપવામાં આવ્યા અને ટુકડે ટુકડે અલગ અલગ લોકો સાથે વાતચીત કરાવી હતી. બાદમાં એરહોસ્ટેસ માલ સાથે પકડાઈ ગઈ હોવાનું જણાવી વધુ રૂપિયા પડાવ્યા હતા. મુન્દ્રા કસ્ટમમાં ઓળખાણ હોવાનું કહીં વીડિયો કોલમાં બિસ્કિટ બતાવડવામાં આવ્યા હતા. વડોદરામાં પણ મુલાકાત કરવામાં આવી જેમાં તરબૂચ આપવામાં આવ્યા. આ તરબૂચની અંદર સોનાના બિસ્કિટ હોવાનું કહ્યું હતું. જોકે, તરબૂચમાં બિસ્કિટ ન હતા. આરોપીઓએ કહ્યું કે, ભુલથી બીજા તરબૂચ આવી ગયા છે. આ ઉજ્જૈન, વડોદરા સહિત અલગ અલગ સ્થળોએ ફરાવી પરંતુ રૂપિયા કે સોનું ન મળ્યું અંતે ભુજમાં પગ મુકે તો મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી પરંતુ હજુ સુધી ન્યાય મળ્યું નથી. બાદમાં પારિવારીક બિમારીમાં રોકાઈ જતા ફરિયાદી આ કેસમાં ફોલોઅપ લઈ શક્યા ન હતા. બાદમાં જાણવા મળ્યું કે, આરોપીઓ કુખ્યાત ગુનેગારો છે અને આવી ચીટિંગ કરે છે. બે વર્ષ વીતી જવા છતા અરજદારને ૫.૨૦ કરોડ મળ્યા નથી. જેથી પોલીસ તંત્રમાં રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવ્યું કે, તેઓ આર્થિક, માનસિક રીતે તુટી ગયા છે. જો ન્યાય નહીં મળે તો આત્મવિલોપન કરવાની ફરજ પડશે તેમ જણાવી પોલીસને આખરી આશા ગણાવી રૂપિયા અપાશો તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

## પહેલા પાનાથી...

### રાજયની ન્યાય-પ્રણાલી

સંપન્ન થયું હતું. આ સેન્ટર આગામી સમયમાં રાજ્યની કાનૂની વ્યવસ્થાને નવી ઊંચાઈએ લઈ જશે.ન્યાયિક પ્રક્રિયામાં પડતર કેસોનું ભારણ ઘટાડવા અને ખાસ કરીને વ્યાપારી તથા સિવિલ વિવાદોને કોર્ટની બહાર પરસ્પર સંમતિથી ઉકેલવા માટે આ સેન્ટર આશીર્વાદરૂપ સાબિત થશે. વૈકલ્પિક વિવાદ નિવારણ પદ્ધતિ દ્વારા પક્ષકારો વચ્ચેના વિવાદોનો સમયસર ઉકેલ આવશે. આ સેન્ટર આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓથી સજ્જ હશે, જે ગુજરાતમાં રોકાણ કરતા ઉદ્યોગો માટે વિશ્વાસનું વાતાવરણ પૂરું પાડશે.કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત હંમેશા નવતર પ્રયોગોમાં અગ્રેસર રહ્યું છે. આર્બિટ્રેશન સેન્ટરના માધ્યમથી 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' ની સાથે 'ઈઝ ઓફ જસ્ટિસ' માં પણ વધારો થશે.હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે આ પ્રોજેક્ટની જરૂરિયાત પર ભાર મુકતા જણાવ્યું કે, આધુનિક યુગમાં આર્બિટ્રેશન એ કાયદાકીય જટિલતાઓનો સરળ અને ટૂંકો માર્ગ છે. આ સેન્ટરના નિર્માણથી સામાન્ય નાગરિકો અને વેપારી જગતને મોટો ફાયદો થશે.

### સૌરાષ્ટ્રની રીજિયોનલ

જોડાયા આ ઘટના પોલીસ તંત્ર માટે અનોખી બની, વાત અહીથી પૂર્ણ થતી નથી, સાગર સુરક્ષા માટે કોસ્ટ ગાર્ડ સાથે માસ્ટર પ્લાન બનાવવા ગાંધી નગરમાં હાઈ લેવલની બેઠક દ્વારા પરિણામલક્ષી કાર્યવાહીનું વધુ એક દ્રષ્ટાંત પૂરું પાડતા રાજકોટ અને સૌરાષ્ટ્રના લોકોની ખૂબ અપેક્ષા વધી ગાયેલ છે. આ બાબતે ડો કે. એલ.એન.રાવએ જણાવ્યું કે સૌરાષ્ટ્રની રિજિયોનલ કોન્ફરન્સ પણ રૂટિન કોન્ફરન્સ નથી, અમારા અનુભવ આધારે સૌરાષ્ટ્રની ઈતિહાસ,ભૂગોળ, સામાજિક સ્થિતિ દરિયા કાંઠા, દ્વારકા સોમનાથ જેવા વૈશ્વિક ધાર્મિક સ્થળો આ બધી બાબતો કેન્દ્રમાં રાખી મહા મનોમંથન થશે. આ બેઠકમાં ભાવનગર રેન્જ વડા ગૌતમ પરમાર,જુનાગઢ રેન્જ વડા નિલેશ જાજાડિયા, રાજકોટના ડીસીપી, સૌરાષ્ટ્રનાં જિલ્લા પોલીસ વડાઓ, એસ આર પી કમાન્ડેટ , જેલ સુપ્રીઓ ઉપસ્થિત રહેનારા છે.

### કોઈ અમારા આદેશોનો

સુપ્રીમ કોર્ટે તેના પર ટિપ્પણી કરી હતી કે તે પોતાના ન્યાયિક અધિકારીઓને જાણ છે અને તે કોઈપણ બાબતથી પ્રભાવિત નહીં થાય.

પશ્ચિમ બંગાળ સરકાર તરફથી રજૂ થયેલ વરિષ્ઠ વકીલ કપીલ સીબ્બલે સીજેઆઈ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચીની બેન્ચ સમક્ષ આ મામલે ઉલ્લેખ કર્યો હતો.

### ચૂકાદો સમયસર!

રજુ કરીને લોકોનો ચુકાદો માંગશે. છેલ્લા કેટલાક દિવસોથી ખાસ કરીને રાજુ કરપડા પ્રકરણની આમ આદમી પાર્ટીમાં કેટલાક નેતાઓ ચુંટણી પુર્વે કેસરીયા કરે તેવી પણ ચર્ચા હતી અને ગઈકાલે જ આદિવાસી ક્ષેત્રમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના કાર્યક્રમમાં ૧૦૦૦ જેટલા આદીવાસી અગ્રણીઓ ભાજપમાં જોડાયા હતા પણ હવે આ ચુકાદો 'આપ'માંથી હિજરત અટકાવશે તેવા સંકેત છે તથા 'આપ' તરફથી ચુંટણી લડવા માટે હવે ધસારો પણ થશે. આમ ગુજરાતની ચુંટણી એ રસપ્રદ બની જશે તે નિશ્ચિત છે.

### ગુજરાત સરકારની મોટી

આ અભિયાનનો આરંભ કરાવ્યો છે. આ અભિયાન અંતર્ગત આજ રોજ ૧૪થી ૧૫ વર્ષની ૧.૧૫ કરોડ કીશોરીઓને સરકારી કેન્દ્રો પર મફત સર્વાઈકલ કેન્સરની રસી લગાડવામા આવશે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા પણ રાજ્યની પાંચ લાખ જેટલી દીકરીઓને આ રસી લગાડવાના અભિયાનનો પ્રારંભ રાજ્યના મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં કરવામા આવ્યો છે.

## ગાંધીનગરના દ્વારેથી....

### કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૬૬૩ ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવ્યા



ગાંધીનગરઃ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કિસાન હિત ઉર્જા શક્તિ યોજના અંતર્ગત ૬૬૩ ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવ્યા હોવાનું રાજ્યના ઉર્જા મંત્રી એ રાપર ના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા એ પૂછેલા એક લેખિત પ્રશ્ન ના ઉત્તરમાં જણાવીને ઉમેર્યું હતું કે આ માટે રૂ ૭૧૦.૨૩ લાખ નો ખર્ચ કરવામાં આવેલ છે.

### કચ્છ જિલ્લાના ત્રણ તાલુકામાં ૫ પેટા આરોગ્ય કેન્દ્ર શરૂ કરવાની દરખાસ્ત મંજૂર કરાઈ

ગાંધીનગરઃ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૫૭ પેટા આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માટેની દરખાસ્ત મળી હોવાનું જણાવીને રાજ્યના આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે આ પૈકી ૫ પેટા આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા છે. અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા એ પૂછેલા એક લેખિત તારાકિત પ્રશ્ન ના ઉત્તરમાં રાજ્યના આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં લખપત તાલુકામાં ૯, અબડાસા તાલુકામાં ૧૪, રાપર તાલુકામાં ૧૧, ભુજ તાલુકામાં ૧૪, ભચાઉ તાલુકામાં ૨, અને નખત્રાણા તાલુકામાં ૭ એમ કુલ ૫૭ પેટા આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માટે દરખાસ્તો મળી હતી. આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે આ દરખાસ્તો પૈકી લખપત તાલુકામાં ૧, માંડવી તાલુકામાં ૧, અને ભુજ તાલુકામાં ૩ એમ કુલ ૫ પેટા આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માટેની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે.

## આદિપુર પોલીસ દ્વારા ૧૪ મોબાઈલ મૂળ માલિકને પરત અપાયા




ભુજ : આદિપુર પોલીસ સ્ટેશનમાં ગુમ અને ચોરી થયેલા મોબાઈલ બાબતે સીડીઆર તથા સીઈઆઈઆર પોર્ટની મદદથી આ ૧૪ મોબાઈલ શોધી લેવાયા હતા. ૩.૧૫ લાખના ૧૪ મોબાઈલ શોધી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત મૂળ માલિક અને અરજદારોને આદિપુર પોલીસ દ્વારા સુપરત કરવામાં આવેલ હતા. આ કામગીરી આદિપુર પોલીસ ઈન્સ્પેકટર એમ.સી. વાળા તથા સ્ટાફના આર.સી. રામાનુજ, આર.એમ. ડુવા સહિત સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

## ચોરીના મુદામાલ સાથે બે આરોપીને આદિપુર પોલીસે પકડ્યા



ભુજ : આદિપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, ત્યારે આદિપુર પોલીસ સ્ટેશનમાં ચોરીના આરોપીઓ અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે ડીસી -૫ કિડાણા રસ્તા પર વોચ ગોઠવી આરોપીઓ ખોડિયારનગરમાં રહેતા દિનેશભાઈ કનુભાઈ કુંવરિયા અને સુંદરપુરીમાં રહેતા અજય કિશોરભાઈ દેવીપૂજક આવતા તેમની પુછપરછ કરવામાં આવી હતી. તેમની પાસેથી ૭૨ હજારની લોખંડની ૬૦ નંગ પ્લેટો અને ૫ લાખની ગાડી સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી કરાઈ હોવાનું પોલીસે જણાવ્યું છે.

## વાંઢમાં અકસ્માતમાં બાળકનું મોત નિપજાવનાર સામે ગુનો

ભુજ - કચ્છ ઉદય : માંડવી તાલુકાના વાંઢ ગામે ઘરના આંગણામાં ગાડી રિવર્સમાં આવતા બાળકનું મોત થયું હતું. જે મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદી હનીફ સુલેમાન ભટ્ટીએ ગઢશીશા પોલીસમાં જણાવ્યું કે, આ બનાવ ૧૨ ફેબ્રુઆરીના સાંજે પાંચ વાગ્યાના અરસામાં બન્યો હતો. આરોપી મહિન્દ્રા કંપનીની થાર ગાડી નં.જીજે૧૨ - એફએફ - ૭૨૭૨ ના ચાલક સુનિલ રામજીભાઈ સંઘારે બેદરકારીથી ગાડી રિવર્સમાં લેતા ફરિયાદીના દોઢ વર્ષના દીકરા અસ્ફાકને હડફેટમાં લેતા માથાના ભાગે ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. જે અંગે પોલીસે ગુનો દાખલ કર્યો છે.

## ટી૨૦ વર્લ્ડ કપમાં ફરી ભારત-પાકિસ્તાન આમને-સામને થશે? ન્યૂઝીલેન્ડની હાર બાદ બદલાયા સમીકરણ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈંગ્લેન્ડે ટી-૨૦ વર્લ્ડ કપના સુપર-૮ સ્ટેજની પોતાની છેલ્લી મેચમાં ન્યૂઝીલેન્ડ સામે મોટી જીત નોંધાવી છે. આ જીત સાથે ઈંગ્લેન્ડે ૩માંથી ૩ મેચ જીતીને ગ્રુપ-૨ની ટોપ ટીમ તરીકે સેમીફાઈનલ માટે ક્વોલિફાય થઇ ચુકી છે. ઈંગ્લેન્ડની આ જીતે ટુર્નામેન્ટમાં પાકિસ્તાન માટે પણ સેમીફાઈનલના દરવાજા ખોલી દીધા છે. જેનો અર્થ છે કે ટુર્નામેન્ટના આગળના તબક્કામાં ફરી એકવાર ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચ થવાની શક્યતા છે, પરંતુ આ માટે બંને ટીમોએ સેમીફાઈનલમાં પહોંચવું પડશે.

ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ સુપર-૮ સ્ટેજમાં પાકિસ્તાન પાસે અત્યારે માત્ર ૧ પોઈન્ટ છે. ન્યૂઝીલેન્ડ સામેની તેમની પ્રથમ મેચ વરસાદને કારણે રદ થઈ હતી અને ત્યારબાદ તેઓ ઈંગ્લેન્ડ સામે હારી ગયા હતા. પાકિસ્તાનની હવે છેલ્લી મેચ શ્રીલંકા સામે બાકી છે, જે ૨૮ ફેબ્રુઆરી (શનિવાર) ના રોજ કેન્ડીના પલ્લેકેલે સ્ટેડિયમમાં રમાશે. પાકિસ્તાને માત્ર આ મેચ જીતવી જ નહીં, પરંતુ મોટા માર્જિનથી જીતવી પડશે.

## કેનેડાએ ભારતીય વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ વિઝા પરમિટ આપવામાં અચાનક ૫૦%નો ઘટાડો કર્યો

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : અમેરિકાની જેમ જ હવે કેનેડામાં ઉચ્ચ અભ્યાસ માટે જનારા ગુજરાતી વિદ્યાર્થીઓમાં સતત નિરાશા વ્યાપી રહી છે. કેનેડા જઈને ભણવાનું સ્વપ્ન જોનારા લાખો ભારતીય અને ખાસ કરીને ગુજરાતી વિદ્યાર્થીઓ માટે છેલ્લું વર્ષ અત્યંત નિરાશાજનક સાબિત થયું છે.આંતરરાષ્ટ્રીય શિક્ષણ સલાહકાર સંસ્થા ICEF Monitorના તાજેતરના અહેવાલ અનુસાર, કેનેડાએ ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસ પરમિટ આપવામાં અચાનક ૫૦%નો ઘટાડો કર્યો છે. વર્ષ ૨૦૨૪માં જ્યાં ૧,૮૮,૨૫૫ ભારતીય વિદ્યાર્થીઓને પરમિટ મળી હતી, તેની સામે વર્ષ ૨૦૨૫ના પ્રથમ સાત મહિનામાં માત્ર ૫૨,૭૬૫ પરમિટ જ આપવામાં આવી છે. આગામી આખા વર્ષનો અંદાજિત આંકડો ૯૦,૪૫૪ની આસપાસ રહેવાની શક્યતા છે.

# કચ્છમાં બોર્ડ પરીક્ષાના સીસીટીવી ફૂટેજની ચકાસણીનો આજથી પ્રારંભ થશે

**નિષ્ણાંત સ્ટાફની નિમણૂક કરવામાં આવી : દરેક પરીક્ષા કેન્દ્રના રેકોર્ડિંગનું બારીકાઈથી નિરીક્ષણ કરાશે : સંજય પરમાર (જિલ્લા શિક્ષણાધિકારી)**

ભુજ - કચ્છઉદય : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં પારદર્શિતા જાળવી રાખવા માટે આજથી સીસીટીવી ફૂટેજની સઘન ચકાસણી હાથ ધરવામાં આવશે. કચ્છ જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, જિલ્લાના પરીક્ષા કેન્દ્રો પરથી મેળવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની ચકાસણી આજે બપોર બાદ શરૂ કરી દેવામાં આવશે. આ પ્રક્રિયા માટે નિષ્ણાત સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે જેઓ દરેક વર્ગખંડના રેકોર્ડિંગનું બારીકાઈથી નિરીક્ષણ કરશે. ચકાસણી દરમિયાન જો કોઈ વિદ્યાર્થી શંકાસ્પદ હલચલ કરતો અથવા ચોરી કરતો જણાશે તો તેવા કિસ્સાઓ અલગ તારવીને બોર્ડ સમક્ષ મોકલવામાં આવશે અને ફૂટેજના આધારે કડક કોપી કેસ દાખલ કરવામાં આવશે. પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે તંત્ર દ્વારા આ આકરી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

અત્રે બુલેટની એચએકે કચ્છ જિલ્લામાં ૨૬મી ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાઓનો શાંતિપૂર્ણ પ્રારંભ થયો છે. અત્યાર સુધી કચ્છ જિલ્લામાં એક પણ કોપીકેસ સામે આવ્યો નથી. કચ્છ જિલ્લામાં ત્રણ ઝોનમાં ધોરણ ૧૦ ની બોર્ડ પરીક્ષાઓ લેવાઈ રહી છે. જેમાં ૩૮ પરીક્ષા કેન્દ્રો પર ૧૦૮ પરીક્ષા બિલ્ડીંગમાં ૯૪૯ બ્લોક બનાવવામાં આવ્યા છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા લેવાઈ રહી છે. જેના ૧૪ પરીક્ષા કેન્દ્રો પર ૫૫ પરીક્ષા બિલ્ડિંગમાં ૫૦૭ બ્લોક બનાવવામાં આવ્યા છે. જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા બે ઝોનના કુલ ચાર પરીક્ષા કેન્દ્રો પર નવ બિલ્ડિંગમાં ૮૨ બ્લોક અંદર લેવાઈ રહી છે. ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાઓમાં દરેક પરીક્ષા કેન્દ્ર પર સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# ધાણીથર અને પલાંસવામાંથી ગાંજો પકડાયો

ગાંધીધામ - કચ્છ ઉદય : રાપર તાલુકાના ભીમાસર ભુટકિયા ગામે બોર્ડર રેન્જ પોલીસે ૯ કરોડથી વધુના ગાંજાના એક લાખ છોડ કબજે કર્યા બાદ સ્થાનિક પોલીસની બેદરકારી ઉજાગર થઈ છે ત્યારે વાગડમાં પોલીસને હવે ગાંજો યાદ આવી રહ્યો છે. ગત રોજ લાકડિયા પોલીસે જુના કટારિયામાં મહિલાના ઘરમાંથી ૧.૭૧ લાખનો ગાંજો કબજે કર્યો હતો. જે બાદ હવે ગાગોદર પોલીસે ધાણીથર ગામના પધરોડા વાડી વિસ્તારમાંથી ગાંજાના છોડ કબજે કર્યા




**રેન્જ પોલીસે કરેલી કામગીરી બાદ વાગડમાં સ્થાનિક પોલીસને હવે ગાંજો યાદ આવ્યો**

હતા. હરેશભાઈ ખોડાભાઈ કોલીના કબજાના ખેતરમાં મકાનની આગળ લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. ૩૭,૩૦૦ ના ૧૪ છોડ કબજે કરી ગાગોદર પોલીસે ગુનો દાખલ કર્યો હતો. જેની ક્રોસ તપાસ લાકડિયા પીઆઈ વી.પી. આહિરને સોંપવામાં આવી છે. આ તરફ આડેસર પોલીસે પલાંસવા ગામે ઉમટવાસમાં આવેલા મકાનમાં દરોડો પાડી હેરકટીંગનું કામ કરતા ઈશ્વરભાઈ ગાભાભાઈ ચૌહાણના ઘરમાંથી ૬૭૦ ગ્રામ સુકો ગાંજો તથા વનસ્પતીના બી મળી ૩૪ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આડેસર પોલીસે ગુનો દાખલ કરી ક્રોસ તપાસ ગાગોદર પીઆઈ એમ.એન. દવેને સોંપવામાં આવી હતી.

# હોળી-ધૂળેટીના પર્વે પરપ્રાંતિય શ્રમીકો વતનની વાટે

**ભુજ અને ગાંધીધામ રેલવે સ્ટેશન તેમજ એસટી ડેપો પર મુસાફરોનો ભારે ઘસારો**

ભુજ - કચ્છઉદય : રંગોના પર્વ હોળી અને ધૂળેટીની ઉજવણી હવે આડે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે રોજગાર અને વ્યવસાય અર્થે કચ્છમાં વસતા પરપ્રાંતિય શ્રમિકો પોતાના વતન તરફ વળ્યા છે. હોળી અને ધૂળેટીના પર્વને લઈ કચ્છના પ્રવેશદ્વાર સમાન સામખિયાળીથી લઈને છેવાડાના લખપત સુધી ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષે શનિવાર અને રવિવારની રજાઓ હોળીના તહેવાર સાથે જોડાઈ જતાં ભુજ, ગાંધીધામ અને અંજાર જેવા મુખ્ય મથકોએ મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે.

બીજી તરફ એસટી નિગમના ભુજ વિભાગ દ્વારા પણ મુસાફરોની સુવિધા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. લાંબા અંતરની બસોમાં મુસાફરોનો ધસારો વધતા વધારાની ટ્રિપ્સનું આયોજન વિચારાઈ રહ્યું છે. બસ સ્ટેશનો પર અત્યારથી જ તહેવાર જેવો માહોલ સર્જાયો છે. ખાનગી ટ્રાવેલ્સની બસોમાં પણ ક્ષમતા કરતા વધુ મુસાફરો જોવા મળી રહ્યા છે. વતનની માટીની સુગંધ અને પરિવાર સાથે તહેવાર મનાવવાની ઘેલછામાં લોકો લાંબી મુસાફરીના થાકને પણ વિસરી રહ્યા છે.


તહેવારના ઉમંગ વચ્ચે કોઈ અઘટિત ઘટના ન બને તે માટે આરોગ્ય તંત્ર અને ૧૦૮ ઈમરજન્સી સેવા પણ સજ્જ બની છે. આ વર્ષે ધૂળેટીના દિવસે રાજ્યભરમાં ઈમરજન્સી કેસોમાં અંદાજે ૪૪ ટકા જેટલો તોતિંગ વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને ધૂળેટીના દિવસે માર્ગ અકસ્માત અને જૂથ અથડામણના કિસ્સાઓ વધતા હોય છે, જેને ધ્યાને રાખીને કચ્છ જિલ્લામાં કાર્યરત તમામ એમ્બ્યુલન્સને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

# ભુજ રેલવે સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદે દબાણો દૂર કરાયા



ભુજમાં રેલવે સ્ટેશન નજીક સરપટ નાકાથી આશાપુરા નગર ચોકડી સુધીના માર્ગ પર રેલવેની જમીન પર થયેલા બિનઅધિકૃત દબાણો પર વહીવટી તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. લાંબા સમયથી ટ્રાફિકને નડતરરૂપ બની રહેલા હોટલના પાકા બાંધકામને તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ, રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે તોડી પાડવામાં આવ્યા હતા.

# "ગ્રીન એક્સ" એ માનવીય સામર્થ્યના સન્માનનો મહોત્સવ






**અમદાવાદ સ્થિત અદાણી કોર્પોરેટ હાઉસ ખાતે "ગ્રીનએક્સ ટોક્સ"ની પાંચમી આવૃત્તિનું સફળ આયોજન**

અમદાવાદ : ગ્રીનએક્સ એ કોઈ પ્રત્યેની સહાનુભૂતિ વ્યક્ત કરવાનું માધ્યમ નથી, પરંતુ એ તો માનવીય સામર્થ્યના સન્માનનો મહોત્સવ છે. અહીં પ્રતિભાને તેની શારીરિક મર્યાદાઓના આધારે નહીં, પરંતુ તેની અસાધારણ યોગ્યતા અને મેરિટના આધારે આંકવામાં આવે છે, તેવું શ્રીમતી દીવા અદાણીએ અમદાવાદ સ્થિત અદાણી કોર્પોરેટ હાઉસ ખાતે "ગ્રીનએક્સ ટોક્સ"ની પાંચમી આવૃત્તિના આયોજન પ્રસંગે પ્રાસંગીક ઉદ્‌બધોનમાં વિચારધારાને સમર્થન આપતા ગૌરવપૂર્વક જણાવ્યું હતું. કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતા અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડના ડાયરેક્ટર જીત અદાણીએ જણાવ્યું કે, "ગ્રીન એટલે જે શાશ્વત છે અને એક્સ એટલે માનવીય ભાવનાઓની અસાધારણ શક્તિ.' તેમણે ઉમેર્યું કે, 'સત્તા હંગામી છે, પણ ચરિત્ર કાયમી છે,' અને દરેક વ્યક્તિ પોતાના ભાગ્યનો વિધાતા પોતે જ છે. આ કાર્યક્રમમાં અદાણી ગ્રુપના એ સિદ્ધાંતને ફરી મજબૂત કરવામાં આવ્યો કે વિકાસ માત્ર આંકડાઓથી નહીં, પણ સમાજના દરેક વર્ગના સમાવેશથી માપવામાં આવે છે.

આ ભવ્ય સમારોહમાં અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ દેશના એવા રત્નોને અદાણી એબિલિટી એવોર્ડસથી નવાજ્યા જેમણે પોતાની શારીરિક મર્યાદાઓને શક્તિમાં ફેરવી છે. એવોર્ડ વિજેતાઓમાં પેરા-સ્પોર્ટ્સ લીડર અજય કુમાર રેડ્ડી, આયુષી ડાબાસ, લેફ્ટનન્ટ કર્નલ સી. દ્વારકેશ, સામાજિક કાર્યકર માલવિકા અય્યર, કલાકાર શીલા શર્મા, ઉદ્યોગસાહસિક શ્રીકાંત બોલ્લા, સુધા ચંદ્રન, અલીના આલમ અને મીરા શેનોય નો સમાવેશ થાય છે. ભારતીય બ્લાઈન્ડ મહિલા ક્રિકેટ ટીમનું સન્માન એ સૌથી યાદગાર ક્ષણ બની રહી.પાંચમી આવૃત્તિ સુધી પહોંચતા "ગ્રીનએક્સ ટોક્સ" હવે માત્ર એક કાર્યક્રમ નથી, પણ એક વિચારધારા બની ગઈ છે.


કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગના સચિવ એસ. વી. વિદ્યાવતી ઉપસ્થિત રહ્યા હતા. વિખ્યાત નૃત્યાંગના સુધા ચંદ્રને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા કહ્યું કે, 'જ્યારે જીવન તમને પડકાર આપે ત્યારે મર્યાદાઓ સામે નહીં, પણ મક્કમ ઈરાદાઓ સાથે લડવું જોઈએ.' બીજી તરફ, બોલન્ટ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક શ્રીકાંત બોલ્લાએ પોતાની વેધક શૈલીમાં કહ્યું, જો તમે અશક્ય સપના નથી જોતા, તો તમે ઈતિહાસ રચી શકતા નથી. હું ગઈકાલની નબળાઈ નથી, હું આવતીકાલનું સામર્થ્ય છું.

# રતનાલ પાસે અકસ્માતમાં સામાજિક અગ્રણીનું મોત

**ટ્રેઈલર ચાલકે કારને ઉડાવતા બન્યો હતો બનાવ**

ગાંધીધામ - કચ્છ ઉદય : અંજાર-ભુજ હાઈવે રોડ પર રતનાલ બાયપાસથી રતનાલ ગામને જોડતા રોડ પર એસ. આર.કે. કોલેજ બસ સ્ટેશનથી થોડે આગળ અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં રતનાલ ગામના સામાજિક અગ્રણીનું મોત થતા ગામમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

આ બાબતે મળતી વિગતો મુજબ રતનાલ ગામમાં રહેતા ૬૪ વર્ષિય રૂપાભાઈ ગોપાલભાઈ છાંગા (આહિર) જીજે૧૨ - ડીએમ - ૮૬૮૮ કાર



લઈને જતા હતા ત્યારે આરોપી ટ્રેઈલર નં.જીજે૧૮ - એયુ - ૮૧૯૬ ના ચાલકે પૂર ઝડપે ટ્રેઈલર ચલાવી ફરિયાદીના કાકાની કારને સામેથી ભટકાવતાં માથાના ભાગે, હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. આ બાબતે ત્રિકમભાઈ મેઘજીભાઈ ગોપાલભાઈ છાંગાએ અંજાર પોલીસ સ્ટેશનમાં ટ્રેઈલર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો. આ બનાવથી ગામમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

# ભચાઉમાં કારથી ટક્કર મારી બનેવીની હત્યા નિપજાવનાર સાળો અને મિત્ર પકડાયા

ભચાઉ - કચ્છઉદય : શહેરના હિંમતપુરા ફુલવાડી વિસ્તારમાં યુવક પર ગાડી ચડાવી અકસ્માત કરતા યુવાનનું મોત થયું હતું. સામાન્ય અકસ્માત લાગતા આ બનાવમાં હત્યાનો ખુલાસો થયા બાદ ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરવામાં આવી છે.



**પ્રેમલગ્ન બાબતે ચાલતા મનદુઃખને લઈને હત્યાના બનાવને અકસ્માતમાં ખપાવવાનો કરાયો હતો પ્રયાસ : એક વર્ષ પહેલાં પણ સામ સામે બાઈક અથડાવી હુમલો કરાયો હતો**

ભચાઉ પોલીસ મથકે નોંધાયેલી વિગતો અનુસાર, ગત ૨૫ ફેબ્રુઆરીના રાત્રિના સવા આઠેક વાગ્યાના અરસામાં હિમતપુરા ફૂલવાડી વિસ્તારમાં આ ઘટના બની હતી. રેલવે સ્ટેશનની બાજુમાં રહેતા ફરિયાદી આનંદભાઈ પ્રેમજીભાઈ કોલીના ભાઈ વિનોદ ઉર્ફે જીગર રસ્તા પરથી પસાર થતા હતા, ત્યારે આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી પોતાની બોલેરો ગાડી વડે તેમને અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચતા યુવકનું મોત નીપજ્યું હતું. અકસ્માત લાગતી આ ઘટના પાછળનું મુખ્ય કારણ અંગત અદાવત હોવાનું સામે આવ્યું છે. ફરિયાદીએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, મુખ્ય આરોપી કોલીયાસરીમાં રહેતા મેહુલ લાખાભાઈ કોલીની બહેન બહેન શિલ્પા સાથે હતભાગીએ પ્રેમલગ્ન કર્યા હોઈ તે બાબતનું મનદુઃખ રાખીને મેહુલ કોલી અને તેના સાગરીત ભવાનીપુરના હર્ષદ પ્રભુભાઈ ગોવિંદભાઈ પ્રજાપતિએ સફેદ રંગની બોલેરો કેમ્પર ગાડી નંબર જીજે ૩૬ વી ૨૫૩૧ દ્વારા

## એસપીશ્રી સાગર બાગમારએ પ્રેસ યોજી બનાવની આપી માહિતી

વિનોદ ઉપર ગાડી ચડાવી બનાવને અંજામ આપ્યો હોવાનું પોલીસમાં જણાવતા ભચાઉ પોલીસે હત્યા સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

એસપી સાગર બાગમારે આ બાબતે માહિતી આપતા જણાવ્યું કે, તપાસમાં સામે આવ્યું કે, મરણ જનાર વિનોદને શિલ્પા સાથે પ્રેમ સંબંધ હતો અને શિલ્પા સગીરવયની હતી ત્યારે પ્રેમ સંબંધમાં ભગાડી જવામાં આવી હતી. જે બાબતે ૨૦૨૨ મા અપહરણનો ગુનો વિનોદ સામે દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં શિલ્પા પુખ્તવયની થઈ ત્યારે બન્નેએ પ્રેમલગ્ન કરી લીધા હતા. પ્રેમલગ્ન કરવાથી આરોપી મેહૂલ કે જે શિલ્પાનો ભાઈ થાય છે. તેને પોતાની કુંટુંબની તથા પોતાની આબરૂ ગઈ હોવાનું દુઃખ થતા અવાર-નવાર તેના બનેવી એવા મરણજનાર વિનોદ સાથે બોલાચાલી-ઝઘડો કરતો હતો. એક વર્ષ પહેલાં મેહૂલે વિનોદ સાથે સામ સામે બાઈક ભટકાવી ઝઘડો પણ કર્યો હતો. જે મામલે ફરિયાદ પણ થઈ હતી. આરોપી મેહૂલે પોતાની બહેનને ભગાડી પ્રેમલગ્ન કર્યા હોવાનું મનદુઃખ રાખી મિત્ર હર્ષદની મદદથી વિનોદનું મોત નિપજાવ્યું હતું. બનાવને અંજામ આપ્યા બાદ ગાડી રાખી બન્ને જણા નીકળી ગયા હતા. પોલીસે બન્નેની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મુન્દ્રામાં બસ સ્ટેશન પાસે આખલાઓના યુદ્ધથી અફરાતફરી મચી

મુન્દ્રા - કચ્છઉદય : કચ્છના ઝડપથી વિકસિત થઈ રહેલા મુન્દ્રા શહેરમાં વસ્તી અને વાહનોના વધારાની સાથે હવે રખડતા ઢોરોનો ત્રાસ પણ ચિંતાજનક સ્તરે પહોંચી ગયો છે. શહેરના મુખ્ય માર્ગો પર પશુઓના જમાવડાને કારણે ટ્રાફિકની સમસ્યા તો સર્જાય જ છે, પરંતુ સાથે સાથે રાહદારીઓના જીવ પર પણ જોખમ ઊભું થયું છે. ગત સાંજે મુન્દ્રા એસટી બસ સ્ટેશન જેવા અત્યંત ધમધમતા વિસ્તારમાં બે આખલાઓ વચ્ચે હિંસક યુદ્ધ છેડાયું હતું, જેના કારણે ત્યાં હાજર મુસાફરો અને સ્થાનિક લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી.




**નગરપાલિકાની ઉદાસીનતા સામે સ્થાનિકોમાં રોષ : રખડતા પશુઓને ડબ્બે પૂરવા ઉગ્ર માંગ**

મુન્દ્રાના મુખ્ય વિસ્તારો જેવા કે જૂના બંદર રોડ અને બારોઈ રોડ પર દિવસ-રાત લોકોની અવરજવર રહેતી હોય છે. આ વ્યસ્ત રસ્તાઓ પર રખડતા આખલાઓ અવારનવાર એકબીજા સાથે ટકરાતા હોવાથી વાહનચાલકો અને વેપારીઓ ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ આખલાઓના આવા જ યુદ્ધને કારણે મુન્દ્રામાં એક વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો, તેમ છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. સ્થાનિક સિનિયર સિટીઝનોના જણાવ્યા અનુસાર, શહેરમાં રખડતા ઢોરોની સંખ્યા મર્યાદા બહાર વધી ગઈ છે. આ પશુઓ ક્યારેક રસ્તે ચાલતા વૃદ્ધો, મહિલાઓ કે શાળાએ જતા બાળકોને હડફેટે લઈને ઈજાગ્રસ્ત કરે છે. મુન્દ્રા-બારોઈ નગરપાલિકા દ્વારા આ ગંભીર સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવવામાં આવે અને રખડતા પશુઓને પકડીને યોગ્ય સ્થળે અથવા ડબ્બે પૂરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

# વાંકુમાં પવનચક્કીમાંથી કેબલ ચોરાયા

ભુજ - કચ્છ ઉદય : અબડાસા તાલુકાના વાંકુ ગામ સીમ વિસ્તારમાં વાંકુ ગામથી પશ્ચિમ બાજુ આવેલ સુઝલોન કંપનીની પવનચક્કી નં. એમ-૫૮૬ મા ચોરી થઈ હતી. આરીખાણાના નારૂભા હરીસિંહ જાડેજાએ જણાવ્યું કે, આરોપીઓ જીજે૨૭ - ટીએફ - ૦૩૩૫ મા આવ્યા અને પવનચક્કીમાંથી કબીનનો નકુચો તોડી ૩૬ હજારના કેબલ કાપી ચોરી કરી કેબીનમાંથી બહાર લઈ જઈ ટુકડા કરી પોતાની પાર્ક કરેલી ગાડીમાં નાખી દીધા હતા. આ સિવાય ગાડીમાં કેબલ જોવા મળ્યા હતા. ચોરી કરવામાં આવતા જખૌ પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

# નવા સીમાંકન સામે વિરોધ : ભારાપર-ગડાપૂઢા ગામના ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના ભારાપર-ગડાપૂઢા ગામના ગ્રામજનોએ નવા સીમાંકન મુજબ તેમના ગામને વંગ તાલુકા પંચાયતની બેઠકમાં સમાવવાના નિર્ણય સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. નાની અરલ જૂથ ગ્રામ પંચાયતના નેજા હેઠળ ગ્રામજનોએ નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે કે અગાઉ તેમનું ગામ વિરાણી મોટી બેઠક હેઠળ આવતું હતું, પરંતુ વિરાણી મોટીનો નગરપાલિકામાં સમાવેશ થતા નવા સીમાંકન મુજબ તેમના ગામને વંગ બેઠકમાં મૂકવામાં આવ્યું છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર વંગ બેઠક ભૌગોલિક અને વહીવટી રીતે અત્યંત પ્રતિકૂળ હોવાથી તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. નાની અરલ જૂથ પંચાયતના અન્ય તમામ ગામો તલ બેઠકમાં સમાવિષ્ટ હોવાથી ભારાપર-ગડાપૂઢા ગામને પણ તલ બેઠકમાં જ રાખવાની પ્રબળ માંગ કરવામાં આવી છે. ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો લોકહિતમાં આ સુધારો કરવામાં નહીં આવે તો આગામી પંચાયત ચૂંટણીનો ગ્રામજનો દ્વારા સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવશે.

# માધાપરમાં ટ્રેન નીચે આવી જતા આધેડનું મોત

**કોઠારામાં યુવાને આપઘાત કર્યો : મોટી ભુજપુરની વાડીમાં યુવાને દવા પીધી**

ભુજ - કચ્છ ઉદય : જિલ્લામાં અપમૃત્યુના અલગ અલગ ત્રણ બનાવો સામે આવ્યા છે. જેમાં માધાપરમાં ટ્રેન નીચે આવી જવાના કારણે આધેડનું મોત થયું હતું, જ્યારે કોઠારામાં યુવાને આપઘાત કર્યો હતો. આ તરફ મોટી ભુજપુરની વાડીમાં યુવાને દવા પી જિંદગી ટુંકાવી હતી.

આ બાબતે માધાપર પોલીસ સ્ટેશનમાંથી જાણવા મળતી વિગતો મુજબ જુનાવાસમાં કાર્ગો મોટર્સ પાછળ રેલવે ટ્રેક પર આ બનાવ બન્યો હતો. કોઈ ૪૦ વર્ષના અજાણ્યા પુરુષ ટ્રેક પર આવી જતા માથુ કપાઈ જવાના કારણે ઈજાઓ થવાથી મોત થયું હતું. માધાપર પોલીસે એડી દાખલ કરી મોતના કારણો જાણવા તપાસ હાથ ધરી છે. આ તરફ અબડાસા તાલુકાના કોઠારા ગામે ૪૨ વર્ષિય જાડેજા હિતેન્દ્રસિંહ નવલસિંહ નામના યુવાને પોતાના ઘરે દરવાજો બંધ કરી ફાંસો ખાઈ લીધો હતો જે મામલે કોઠારા પોલીસે એડી દાખલ કરીને તપાસ હાથ ધરી છે, જ્યારે મુન્દ્રા તાલુકાના મોટી ભુજપુર ગામે વાંકરાઈ વાડી વિસ્તારમાં ૩૩ વર્ષિય પંચમહાલના દશરથ લાલુભાઈ નાયકે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા મોત થયું હતું. જે અંગે મુન્દ્રા પોલીસે એડી દાખલ કરી છે. આ બનાવોથી પરિવારોમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.


**મુન્દ્રા-બારોઈ નગરપાલિકા**
**સ્વદેશી મેળો (શોપિંગ ફેસ્ટીવલ)**

**સુધારા જાહેરાત**

અગાઉ અત્રેથી મુંદરા બારોઇ નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ સ્વદેશી મેળો (શોપિંગ ફેસ્ટીવલ ) નાં આયોજન સંદર્ભે પ્રસિદ્ધ થયેલ અખબાર યાદીમાં આયોજન ની તારીખ: ૦૯/૦૩/૨૦૨૬ થી તારીખ:૧૩/૦૩/૨૦૨૬ દર્શાવવામાં આવેલ. મેળામાં ભાગ લેવા ઈચ્છુંક સ્ટોલ ધારકોને અરજી કરવાની છેલ્લી તારીખ: ૦૫/૦૩/૨૦૨૬ નક્કી કરવામાં આવેલ .જેમાં વહીવટી કારણો સર ફેરફાર કરી સ્વદેશી મેળો (શોપિંગ ફેસ્ટીવલ)ની તારીખ: ૦૫/૦૩/૨૦૨૬ થી તારીખ:૧૪/૦૩/૨૦૨૬ તથા અરજી કરવાની છેલ્લી તારીખ: ૦૩/૦૩/૨૦૨૬. (સાંજે ૦૫ :૦૦ કલાક સુધી) સુધારો કરવામાં આવેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**અરજી મોકલવાનું સ્થળ :** ચીફ ઓફિસર શ્રી મુંદરા બારોઇ નગરપાલિકા, ડાયમંડ કોમ્પ્લેક્ષ,ડાયમંડ સોસાયટી નગરપાલિકા કચેરી,મુંદરા - કચ્છ,૩૭૦૪૨૧

તારીખ:૨૭/૦૨/૨૦૨૬
જા.નં: ૧૧૧/૨૦૨૬

**ચીફ ઓફીસર**
**મુંદરા બારોઈ નગરપાલિકા**

(નામાનિ /કચ્છ/૧૪૯૯/૨૦૨૫-૨૬)



**જન્મથી લઈ કોઈપણ ઉંમરના બહેરાશ ધરાવતા લોકો માટે**
**ફ્રિ મેગા કેમ્પ**
રિપોર્ટ અને માર્ગદર્શન ફ્રિ
**1 માર્ચ-2026** સવારે ૯ થી બપોરે 2 સુધી
**કેમ્પ સ્થળ : જી.કે. જનરલ હોસ્પિટલ-ભુજ**
આપની તકલીફોનું સચોટ માર્ગદર્શન અને નિદાન
**ડૉ. રાજેશ વિશ્વકર્મા**
ગુજરાતનાં પ્રખ્યાત ENT સર્જન
**ડૉ. નરેન્દ્ર હિરાણી** — સુપ્રીટેન્ડન, પ્રોફેસર ENT, GK જનરલ હોસ્પીટલ
**ડૉ. ચંદ્રકાંત વિશ્વકર્મા** — સીનીયર ઓડિયોલોજીસ્ટ
આપનું રજીસ્ટ્રેશન આજે જ કરાવો. 95866 53702



॥ જય શ્રી દરિયાલાલ ॥
**શ્રી આદિપુર લોહાણા મહાજન-સામાન્ય સભા**
:: સામાન્ય સભા ::

જય દરીયાલાલ સહ જણાવવાનું કે આગામી **દરિયાલાલ જંયતિ** અને **રામનવમી**ને અનુલક્ષીને **તા. ૦૮-૦૩-૨૦૨૬, રવિવાર** ના રોજ **સાંજે ૪.૩૦** કલાકે એક સામાન્ય સભા નીચે મુજબના એજન્ડાઓ અન્વયે બોલાવવામાં આવેલ છે. જેમાં આદિપુર લોહાણા મહાજન વિસ્તારના દરેક જ્ઞાતિબંધુઓએ હાજર રહેવા વિંનતી છે.

:: એજન્ડાઓ ::
૧) ગત મિટીંગની મીનીટ્સનું વાંચન અને બહાલી
૨) આગામી **દરિયાલાલ જયંતિ તા. ૨૦-૦૩-૨૦૨૬, શુક્રવાર અને રામનવમી તા. ૨૭-૦૩-૨૦૨૬, શુક્રવાર**ના રોજ છે. ઉજવણી-ચર્ચા-વિચારણા અને નિર્ણય
૩) પ્રમુખશ્રીની અનુમતિ અને સહમતિથી જે રજૂઆત થાય તે બાબતની ચર્ચા-વિચારણા

**મીટીંગ તા. ૦૮-૦૩-૨૦૨૬, રવિવાર, સાંજે ૪-૩૦ કલાકે**

**સ્થળ : શ્રીમતિ ધનલક્ષ્મીબેન નાનજીભાઈ ખીમજીભાઈ ઠક્કર (થાણાવાળા) શ્રી આદિપુર લોહાણા મહાજનવાડી, આદિપુર-કચ્છ**

**મનીષભાઈ ડી. મજેઠીયા** -પ્રમુખશ્રી (લી.) **અતુલભાઈ ડી. મજેઠીયા** -મંત્રીશ્રી


# હાજીપીર પોલીસે આધાર-પુરાવા વગરનું ડીઝલ પકડ્યું

ભુજ - કચ્છ ઉદય : હાજીપીર વિસ્તારમાં શ્રી આઈનાથ હોટલની પાછળ બાવળની ઝાડીમાં અમુક ઈસમો ડીઝલ ચોરી કરે છે તેવી બાતમી આધારે હાજીપીર પોલીસે કામગીરી કરીને લુણાના ડુંગરસિંહ પોલસિંહ રાજપૂત અને લુડબાયના જાગન શરીફ જતને પકડી આધાર-પુરાવા વગરનું ૧૬,૨૦૦ નું ૧૮૦ લીટર ડીઝલ



કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગેડીમાં ૧૪.૨૫ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

**રાપરના ધારાસભ્યે વિવિધ વિસ્તારોમાં કરેલી નર્મદાના નીર તેમજ માર્ગોની કામગીરીને ઉપસ્થિતો દ્વારા બિરદાવાઈ**





ભચાઉ - કચ્છઉદય : રાપર તાલુકાના ગેડીમાં ૧૪.૨૫ કરોડના ખર્ચે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું હતું, જેમાં ગેડીથી દેશલપર સુવિધાપથ ૧.૫ કરોડ, ગેડીથી દેશલપર રોડ ૩.૫ કરોડના ખર્ચે રીસર્વેસિંગ, ગેડીથી શક્તિનગર રોડ ૨.૫ કરોડના ખર્ચે રીસર્વેસિંગ, ગેડી એપ્રોચ રોડ ૪.૪ કરોડ, થાનપરથી શક્તિનગર રોડ ૨ કરોડના ખર્ચે રીસર્વેસિંગ, ગેડી ગામના પંચાયત ઘરનું ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ શાસ્કોત વિધિથી પૂજન કરીને તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ હમીરસિંહ સોઢા, જિલ્લા પંચાયત સદસ્ય રાજુભા જાડેજા, કારોબારી ચેરમેન જયદીપસિંહ જાડેજા, તાલુકા ભાજપ પ્રમુખ નસાભાઈ દૈયા,ગેડી સરપંચ પરબતભાઈ વજાણી, ધારાસભ્યના પીએ વિનુભાઈ થાનકી. સરપંચ સંગઠન પ્રમુખ રામજીભાઈ સોંલકી, કમલસિંહ સોઢા, મહેન્દ્રભાઈ મોરાણી, વાલાભાઈ ગોહિલ, ગોપારા ગાંધી સહિતનાના અગ્રણીઓના અગ્રણીઓના હસ્તે કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું.

કાર્યક્રમમાં હમીરજી સોઢાએ જણાવ્યું હતું કે, ગેડી ગામના ખેડૂતોને નર્મદાના પાણી ચાલુ કરવા માટે પહેલા સલીમગઢ જવુ પડતું પણ ધારાસભ્યના પ્રયાસોથી હવે કોઈને સલીમગઢ સુધી જવુ નથી પડતું. વર્ષોથી પલાસવા - ટીકકર માર્ગ અટકેલો હતો જે મંજુર થયો તો એકલ બાંભણકા - રોડ પણ ધારાસભ્યના પ્રયાસોથી મંજૂર થયો હતો. ઉમેશ સોનીએ ધારાસભ્ય તરીકે વિરેન્દ્રસિંહ જાડેજા આવ્યા બાદ લોકોના કામ સરળતાથી થતા હોવાનું કહ્યું હતું.

તાલુકા સરપંચ સંગઠન પ્રમુખ રામજીભાઈ સોંલકીએ જણાવ્યુ કે, ધારાસભ્ય સાથે મુખ્યમંત્રી પાસે ૪૨ ગામો જે કમાન્ડ વિસ્તાર બહાર આવતા તેની રજુઆત કરી હતી તેનું સકારાત્મક પરિણામ આવ્યું છે.

કારોબારી ચેરમેન જયદીપસિંહે જાડેજાએ જણાવ્યું હતું કે આજે પંચાયત ઘરનું ખાતમુહૂર્ત થયું, હમણાં ૪૦ પંચાયત ઘરો મંજુર કરાવ્યા જે સમગ્ર જિલ્લામાં સૌથી વધુ છે, તેનો યશ ધારાસભ્યના ફાળે જાય છે. તેવી જ રીતે સમગ્ર જિલ્લામાં સૌથી વધુ શાળાઓના ઓરડાઓ પણ અહીં મંજુર થયા છે. ધારાસભ્યના કારણે છેલ્લા ત્રણ વર્ષમાં મોટા ભાગે પ્રશ્નોનો નિકાલ આવ્યો છે.

આ વેળાએ કાનજીભાઈ ગોહિલ, ગજુભા વાઘેલા, ભગાભાઈ આહીર, દેવરાજ વાઘાણી, શક્તિસિંહ જાડેજા, કમલસિંહ સોઢા, નરેન્દ્રભાઈ દેયા, મોહનભાઈ બારડ, પરબતભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગાગોદરના સગર્ભા મહિલાની ૧૦૮ દ્વારા સફળ ડિલિવરી કરાવાઈ



ભચાઉ - કચ્છ ઉદય : રાપર તાલુકાના ગાગોદર ગામમાં રહેતાં સગર્ભા દયાબેન વાઘેલાને પ્રુસૂતિની પીડા ઉપડતાજ સીએચસી લાકડિયા હોસ્પિટલમાં સારવાર માટે આવ્યા હતા. તપાસ કરયા બાદ આસ્થા હોસ્પિટલ રાધનપુરમાં વધુ સારવાર માટે ડોક્ટરે કેસ રીફર કરેલ હોવાથી ૧૦૮ માં કોલ કર્યો હતો.

આ કોલ લાકડિયા ૧૦૮ ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસની ટીમને મળતા ત્યાંના કર્મચારીઓ ઈએમટી સુરેશભાઈ ચાવડા અને પાઈલોટ વસીમખાન ધાસુરા તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સ સાથે ઘટના સ્થળ પર પહોંચ્યા હતા ત્યાંથી પેસન્ટને લઈને આસ્થા હોસ્પિટલ રાધનપુર જવા નીકળ્યા હતા. આડેસર નજીક પહોંચતા સગર્ભાની પરિસ્થિતિ ગંભીર માલુમ પડતા ડિલિવરી કરાવી પડે તેમ હતી. આથી ઈએમટી સુરેશભાઈ ચાવડા દ્વારા અમદાવાદ ખાતેના ૧૦૮ ના ઈમરર્જન્સી ઈઆરસીપી ડોક્ટર સાલુ મેડમને કોલ કરી તેમની નિષ્ણાતની સલાહ લીધી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઉપલબ્ધ ડીલીવરીના સાધનો ડિલિવરી કીટ તથા ટેકનીકનો ઊપયોગ કરીને એમ્બ્યુલન્સમાં જ સફળતા પુર્વક દિકરીનો જન્મ કરાવવામાં આવ્યો હતો તથા વધુ સારવાર માટે માતા અને બાળકીને એસડીએચ રાધનપુરમાં ખસેડવામાં આવ્યા હતા. દિકરીનો જન્મ થતા પરિવારમાં હર્ષની લાગણી ફેલાઈ હતી. આમ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા કટોકટીના સમયે વિલંબ કર્યા વગર ડિલિવરી કરાવતા માતા અને બાળકીનો અમૂલ્ય જીવ મુશ્કેલીમાં મુકતા બચી ગયેલ હતો. પ્રોગ્રામ મેનેજર ડો. ભંવર પ્રજાપતિ અને ઈએમઈ પરાગ ચંદલીયા દ્વારા ટીમની પ્રશંનીય કામગીરી બદલ બિરદાવવામાં આવ્યા હતા.

# પલાંસવામાં ગેરકાયદે ખનીજ પરિવહન મામલે ૧૬ ડમ્પર પકડાયા





**અંજાર ખાણ-ખનીજને જોઈને એક ડમ્પર ચાલક ભાગી જતા ગુનો નોંધાયો**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા કલેકટર આનંદ પટેલની વિશેષ સૂચના અને અંજાર પૂર્વ-કચ્છના ભૂસ્તરશાસ્ત્રી કેયૂર પંડ્યાના માર્ગદર્શન હેઠળ રાપર તાલુકામાં ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ પ્રવૃત્તિઓ સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીના ભાગરૂપે તા. ૨૭ ફેબ્રુઆરીના વહેલી સવારે રાપર તાલુકાના પલાંસવા ગામે સરહદ ડેરીની પાછળ ખાણ-ખનિજ વિભાગ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી ત્યારે ખનીજનું ગેરકાયદેસર વહન કરી રહેલા વાહનોને સિઝ કરવામાં આવ્યા હતા.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ વહેલી સવારે ૪:૩૦ વાગ્યાના અરસામાં અહીં ૧૭ ડમ્પર જોવા મળ્યા હતા. જેમાં અમુકમાં સાદી માટી ભરેલી હતી, જ્યારે અમુક ડમ્પર માટી ભરવા માટે આવ્યા હતા. આ વિસ્તારમાં કોઈ લિઝ કે પરમીટ નથી તેમ છતાં વાહનો ઊભા હોઈ રોયલ્ટી માંગતા ચાર લોકો રજૂ કરી શક્યા ન હતા. ગેરકાયદે રીતે ખનીજની હેરાફેરી કરતા હોવાનું જણાઈ આવતા સિઝરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમિયાન ડમ્પર નં.જીજે૧૨ - બીઝેડ - ૮૪૪૨ ખાલી હતું. જેના આગળના કાચના ભાગે જય વડવાળા, પાબુરાજ લખવામાં આવેલું હતું. પુછપરછ માટે ગયા ત્યારે ડ્રાઈવરે અચાનક દરવાજો ખોલી જાનથી મારી નાખવાની ધમકી આપી પોતાનું ડમ્પર આડું અવળું ચલાવી ભગાડી જતા ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જ્યારે બાકીના ૧૬ ડમ્પર સિઝ કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી આ આકસ્મિક તપાસમાં અંદાજિત ૭ કરોડ રૂપિયાનો જંગી મુદ્દામાલ જપ્ત કરવામાં આવતા ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિ સાથે જોડાયેલા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પકડાયેલા તમામ વાહન ચાલકો અને માલિકો વિરુદ્ધ ગુજરાત મિનરલ્સ રૂલ્સ-૨૦૧૭ના કડક નિયમોનુસાર આગળની કાયદાકીય તપાસ અને દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સુગારીયાના સરપંચ કલ્પેશભાઈ આહિરની પ્રદેશ ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ તરીકે વરણી



ગાંધીધામ - કચ્છઉદય : ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને મોવડી મંડળ સાથેની ચર્ચા-વિચારણા બાદ પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડૉ. હેમાંગ જોષી દ્વારા પ્રદેશ યુવા મોરચાના નવા પદાધિકારીઓની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ નવી ટીમમાં કચ્છ જિલ્લાના સુગારીયા ગામના લોકપ્રિય સરપંચ કલ્પેશભાઈ જીવાભાઈ મરંડ (આહિર) ની પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. કચ્છ જિલ્લાને પ્રદેશ કક્ષાએ પ્રતિનિધિત્વ મળતા સ્થાનિક કાર્યકરો અને સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને કલ્પેશભાઈને આ નવી જવાબદારી બદલ ચોમેરથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# ભચાઉ મામલતદાર અને પ્રાંત કચેરીમાં વકીલોને હાલાકી



**ઈ-ધરા શાખાનો વહીવટ કથળ્યો હોવાનો અને વારસાઈ નોંધણી સહિત અપીલ કેસોમાં બિનજરૂરી વિલંબ થતો હોવાનો ગંભીર આક્ષેપ :બાર એસોસીએશન દ્વારા પ્રશ્નો ઉકેલવા પ્રાંત અધિકારીને રજૂઆત**

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ મામલતદાર કચેરી અને પ્રાંત કચેરીમાં વકીલો તથા અરજદારોને પડતી વહીવટી મુશ્કેલીઓ સંદર્ભે ભચાઉ બાર એસોસીએશન દ્વારા પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. બાર એસોસીએશનના હોદ્દેદારોએ આક્ષેપ કર્યો છે કે ખેતીની જમીન ધારણ કરનાર નિ:સંતાન મૃતક વ્યક્તિના કાયદેસરના વારસદારો જ્યારે કોર્ટમાંથી વારસા પ્રમાણપત્ર મેળવીને આવે છે ત્યારે મામલતદાર કચેરી દ્વારા તેની નોંધ ખેડૂતના નામની કોલમને બદલે બીજા હકોમાં પાડવામાં આવે છે જે તદ્દન અયોગ્ય છે. આ બાબતે અગાઉ અનેક રજૂઆતો કરવા છતાં કોઈ સંતોષકારક નિરાકરણ આવ્યું નથી તેવો વસવસો વકીલોએ વ્યક્ત કર્યો છે.

ખાસ કરીને મામલતદાર કચેરીની ઈ-ધરા શાખાની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવતા જણાવાયું છે કે આ શાખાનો વહીવટ અત્યારે કથળેલી અવસ્થામાં છે. જમીનમાં ફેરફાર કરવાની અરજી સ્વીકારતી વખતે જ જો કોઈ અધૂરપ હોય તો તે જણાવવાને બદલે જાણી જોઈને અરજીને ૩૦ દિવસ સુધી પડતર રાખવામાં આવે છે. વકીલો જ્યારે આ બાબતે પૂછપરછ કરવા જાય ત્યારે નાયબ મામલતદારો દ્વારા ઉડાઉ જવાબો આપવામાં આવે છે અને જુનિયર વકીલો સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવતું હોવાની ફરિયાદો પણ ઉઠી છે. કોઈપણ કાચી નોંધને પ્રમાણિત કરવામાં પણ નિયમ મુજબ ૩૫ દિવસને બદલે જાણી જોઈને ૬૦ દિવસનો સમય લેવામાં આવે છે. હદ તો ત્યારે થાય છે કે જ્યારે નોંધના કાગળોમાં કોઈ ખામી હોય તો તે ૫૮મા દિવસે જણાવવામાં આવે છે અને જો બે દિવસમાં પૂર્તતા ન થાય તો ૬૦મા દિવસે સીધી નોંધ જ નામંજૂર કરી દેવાય છે. આવી પદ્ધતિથી ખેડૂતો અને વકીલોનો સમય તથા શક્તિ વેડફાઈ રહ્યા છે.

આ ઉપરાંત પ્રાંત કચેરીમાં ચાલતા અપીલ કેસો બાબતે પણ બાર એસોસીએશને મહત્વની માંગણીઓ કરી છે. જેમાં અપીલ કેસોમાં ત્રણ મહિના જેવી લાંબી મુદત આપવાને બદલે એક માસની મુદત રાખવા અને કેસ ઠરાવ પર લેવાયા બાદ ત્વરિત હુકમ કરવા જણાવાયું છે. સાથે જ વકીલોએ એવી માંગ કરી છે કે પ્રાંત અધિકારી સાહેબની ચેમ્બરમાં કેસો ચલાવવાને બદલે ભુજ કલેક્ટર કચેરીની જેમ જ અહીં પણ કોન્ફરન્સ હોલમાં કેસો ચલાવવામાં આવે જેથી વકીલોને બેસવાની વ્યવસ્થા જળવાય અને જુનિયર વકીલો કેસની કાર્યવાહી જોઈને ઘણું શીખી શકે. બાર એસોસીએશન દ્વારા અપાયેલ આવેદનપત્રમાં તમામ પ્રશ્નોનો તાત્કાલિક અસરથી નિકાલ કરવાની ભારપૂર્વક માંગણી કરવામાં આવી છે. બચાવ ૧૨ એસોસિએશનના પ્રમુખ બીજલ દાફડા, સેક્રેટરી અશ્વિન દહીલા, નાગજી પીરાણા, કલાવતી ગાલા, અમિત સોની, જગદીશ પ્રજાપતિ, ગોવિંદ બાલા, મહાદેવા ઉંદરિયા, જેમલ બગડા, નરેન્દ્રસિંહ જાડેજા, જીતેન્દ્ર ઠક્કર, રોહન જતાવાડીયા, ચેતન ભટ્ટી, પુષ્પા પરમાર, કિરણ ગોસ્વામી વગેરેએ રજુઆતમાં સુર પુરાવ્યો હતો.

# પૂર્વ કચ્છ પોલીસે ૨.૮૧ કરોડના શરાબનો નાશ કર્યો

**દારૂની ૩૬,૭૧૪ બોટલ તથા બિયરના ૮૦૯ ટીન પર લોડર ફરી વળ્યું**





ગાંધીધામ - કચ્છ ઉદય : એક તરફ એસએમસી દ્વારા કરોડો રૂપિયાનો શરાબ કચ્છમાંથી ઝડપી પાડવામાં આવી રહ્યો છે. પોલીસ સ્ટેશનોમાં દારૂ રાખવાની પણ જગ્યા રહેતી નથી ત્યારે પૂર્વ કચ્છ પોલીસે અગાઉ પકડેલા દારૂ પર લોડર ફરાવ્યું હતું.

આ બાબતે મળતી વિગતો મુજબ ગાંધીધામ એ-ડિવિઝન, બી-ડિવિઝન, અંજાર અને દુધઈ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ દારૂનો નાશ કરવા માટે કોર્ટમાંથી પરવાનગી મેળવી નાશ કરવામાં આવ્યો હતો. જેમાં અંજાર પોલીસ સ્ટેશનના ૧૮ ગુના, એ-ડિવિઝનના ૧૯, બી-ડિવિઝનના ૧૩ અને દુધઈના બે મળી કુલ ૫૨ ગુનામાં કબજે કરવામાં આવેલ દારૂની નાની-મોટી ૩૬,૭૧૪ બોટલ તથા બીયરના ૮૦૯ ટીન મળી કુલ ૨,૮૧,૪૧,૬૪૦ ના પ્રોહિબિશન મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરી માટે લોડર, ડમ્પરો, જેસીબી, ફાયર, એમ્બ્યુલન્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પ્રાંત અધિકારી એસ.જે. ચૌધરી, ડીવાયએસપી એ.વી. રાજગોર, પ્રતિક ચૌધરી, અંજાર પીઆઈ એ.આર. ગોહિલ, એ-ડિવિઝન પીઆઈ એમ.ડી. ચૌધરી, બી-ડિવિઝન પીઆઈ એસ.વી. ગોજિયા, દુધઈ પીઆઈ આર.આર. વસાવા, નશાબંધી અધિકારી ડી.આર.ધોબી સહિતના જોડાયા હતા.

# ભચાઉમાં બિનખેતીની નોંધો પાડવામાં પડતી મુશ્કેલી અંગે પ્રાંત અધિકારીને રજૂઆત

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ શહેર ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અને એડવોકેટ વિશાલ ધીરજલાલ કોટક દ્વારા ભચાઉ પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં જણાવ્યું છે કે ભચાઉ શહેરમાં છેલ્લા ઘણા સમયથી બિનખેતી સર્વે નંબરના વેચાણ કે અન્ય વ્યવહારોની નોંધો પાડવામાં અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અગાઉ આ કામગીરી તલાટી દ્વારા કરવામાં આવતી હતી, પરંતુ હવે તલાટી દ્વારા અરજદારોને સિટી સર્વે કચેરીએ મોકલવામાં આવે છે, જ્યાં કોઈ કામગીરી થતી નથી. આ ઉપરાંત મામલતદાર કચેરીમાં પણ નોંધો પ્રમાણિત કરવામાં મોટો વિલંબ થઈ રહ્યો હોવાની અનેક ફરિયાદો મળી છે. નિયમ મુજબ કોઈપણ વાંધા વગરની નોંધ ૩૫ દિવસમાં પ્રમાણિત થવી જોઈએ, તેની સામે હાલ ૫૫ થી ૬૦ દિવસ જેટલો સમય લાગી રહ્યો છે. આ વિલંબને કારણે અરજદારોના સમયનો વ્યય થઈ રહ્યો હોવાથી તાત્કાલિક અસરથી કોઈ એક કચેરીમાં આ કામગીરી ઝડપથી થાય અને નોંધો સમયમર્યાદામાં પ્રમાણિત કરવામાં આવે તેવી માંગણી પત્ર દ્વારા કરવામાં આવી છે.

# અંજારમાં આયોજીત પ્રભાતફેરીએ ભક્તિમય વાતાવરણ સર્જ્યું




અંજાર - કચ્છઉદય : શહેરમાં જયશ્રી કૃષ્ણ ગ્રુપ દ્વારા આયોજિત પ્રભાતફેરી પંચતત્ત્વ સંસ્કૃતિ, ભક્તિ, આરોગ્ય, સેવા અને સંસ્કારના આધારે સમાજમાં આધ્યાત્મિક જાગૃતિ અને માનવતાની ભાવના પ્રસરાવતી પ્રેરણાદાયી પહેલ બની રહી છે. અગિયારસે યોજાતી પ્રભાતયાત્રા માત્ર ધાર્મિક કાર્યક્રમ નહીં પરંતુ જીવનશૈલી સુધારતો સંસ્કારમય ઉપક્રમ તરીકે ઓળખ મેળવી રહી છે.

જીતેશભાઈના જણાવ્યા મુજબ પ્રત્યેક અગિયારસે યોજાતી આ પ્રભાતફેરી દરમિયાન વિવિધ મંદિરોમાં આરાધના, પાઠ અને સ્તુતિ દ્વારા ધાર્મિક ભાવના મજબૂત બને છે. પ્રભાતકાળે ભજન અને નામસ્મરણ સાથે ચાલતી યાત્રા ભક્તિમય વાતાવરણ સર્જે છે. માનસિક શાંતિ અને આધ્યાત્મિક એકાગ્રતા વધારવામાં સહાય કરે છે. નિયમિત ચાલવાથી શારીરિક આરોગ્યમાં સુધારો થાય છે અને સ્વસ્થ જીવનશૈલી પ્રત્યે જાગૃતિ ફેલાય છે.

# આદિપુરમાં કરોડોની છેતરપિંડી આચરનાર આરોપીની જામીન અરજી કોર્ટે ફગાવી

**આદિપુરમાં ડુપ્લેક્સ બુકિંગ કરાવી એસઆરસીના ખોટા દસ્તાવેજો બનાવી લોન મેળવવાના ચકચારી કેસમાં ગાંધીધામની અદાલતે આરોપીની જામીન અરજી નામંજૂર કરી**

ગાંધીધામ - કચ્છઉદય : તાલુકાના આદિપુર મધ્યે રાજવાડી લકઝુરિયસ ડુપ્લેક્સ બંગલોઝ નામની સ્કીમ બનાવી ગ્રાહકો પાસેથી બુકિંગની મોટી રકમ મેળવી લેવા છતાં ડુપ્લેક્સ કે રકમ પરત ન આપી તેમજ એસઆરસીના ખોટા દસ્તાવેજો બનાવી તેના આધારે બેંક લોન મેળવી છેતરપિંડી આચરવાના ગંભીર ગુનામાં પકડાયેલા આરોપી જગદીશ હરીલાલ બારમેડાની જામીન અરજી ગાંધીધામની સેસન્સ અદાલતે રદ કરવાનો હુકમ કર્યો છે. આ કેસની વિગત મુજબ ફરીયાદી વિનાયક જેવલરામ અનંદાનીએ આદિપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, આદિપુરના વોર્ડ નંબર ૨/બી માં આવેલા પ્લોટ નંબર ૪૫૪ પર તૈયાર થનાર ડુપ્લેક્સ સ્કીમમાં અલગ-અલગ વ્યક્તિઓએ બુકિંગ કરાવ્યું હતું. જેમાં ફરીયાદી વિનાયકભાઈએ રૂા. ૯૮.૦૬ લાખ, પ્રવિણસિંહ જાડેજાએ રૂા. ૪૨ લાખ, રોહતાસ સૈનીએ રૂા. ૭૦.૧૧ લાખ અને અમિત સુગવાનીએ રૂા. ૪૦.૫૧ લાખ મળી કુલ રૂા. ૨,૫૦,૬૮,૦૦૦ ની રકમ આરોપીઓને ચુકવી આપી હતી. તેમ છતાં આરોપીઓએ ડુપ્લેક્સનો કબજો આપ્યો ન હતો અને ખોટા દસ્તાવેજો ઉભા કરી ગુનાહિત કૃત્ય આચર્યું હતું.

પોલીસ દ્વારા ગત તા. ૧૪/૦૨ના રોજ આરોપી જગદીશ બારમેડાની અટકાયત કરવામાં આવી હતી અને રિમાન્ડ બાદ તેને જેલ હવાલે કરવામાં આવ્યો હતો. આરોપીએ ગાંધીધામની એડિશનલ સેસન્સ જજની કોર્ટમાં નિયમિત જામીન મેળવવા અરજી કરી હતી. જેની સામે મૂળ ફરીયાદી અને સાહેદો વતી એડવોકેટ પ્રવિણકુમાર એ. રવાણીએ ઉપસ્થિત રહીને લેખિત વાંધાઓ અને ઉચ્ચ અદાલતોના વિવિધ ચુકાદાઓ રજૂ કર્યા હતા. આ ઉપરાંત સરકાર તરફે સરકારી વકીલ હિતેષીબેન એચ. ગઢવીએ પણ ધારદાર દલીલો કરી જામીન આપવા સામે સખત વિરોધ નોંધાવ્યો હતો. તમામ પક્ષોની રજૂઆતો અને ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ ગાંધીધામના એડિશનલ સેસન્સ જજ એ.એમ. મેમણએ આરોપીની રેગ્યુલર જામીન અરજી ના-મંજૂર કરતો હુકમ ફરમાવ્યો છે.

# માધાપરના સેવાભાવી અગ્રણી મહાવીરભાઈ ચૌહાણના નિધનથી ફેલાયો શોક



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના માધાપર પંકજનગરના વતની અને જાણીતા સેવાભાવી અગ્રણી મહાવીરભાઈ વિશ્રામભાઈ ચૌહાણનું ૫૩ વર્ષની વયે ગત ગુરુવાર, તારીખ ૨૬ ફેબ્રુઆરીના રોજ અવસાન થયું છે. મહાવીરભાઈ એક મળતાવડા અને પરોપકારી સ્વભાવના માનવી તરીકે સમગ્ર પંથકમાં જાણીતા હતા. તેઓ વ્યવસાય અર્થે વર્ષો સુધી યુગાન્ડાના કંપાલામાં સ્થાયી થયા હતા, યુગાંડાના કંપાલામાં મધુરમ ઈમ્પૅક્સ લિ.માં ફરજ બજાવવા સમયે કંપાલામાં વસતા ગુજરાતી સમાજ અને ભારતીય સમુદાય વચ્ચે તેઓ હંમેશા મદદરૂપ થવા તત્પર રહેતા હતા.

સેવા અને સમર્પણ જેમની રગ રગમાં વહેતું હતું એવા મહાવીરભાઈએ આજીવન ગૌસેવા, જીવદયા અને ગરીબોની સેવા જેવા કાર્યોમાં પોતાનું સક્રિય યોગદાન આપ્યું હતું. જરૂરિયાતમંદ પરિવારોને મદદ કરવી હોય કે અબોલ જીવોની સંભાળ લેવાની હોય, તેઓ હંમેશા અગ્રેસર રહેતા હતા. તેમના નિધનથી પરિવાર અને સમગ્ર સમાજમાં કદી ન પુરાય તેવી ખોટ પડી છે. માધાપર અને કોટાય પંથકના લોકોએ એક સાચા સમાજસેવક ગુમાવ્યાનું દુઃખ વ્યક્ત કર્યું છે. તેમના નિધન પર પરિવારજનો અને સ્નેહીજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. સામાજિક આગેવાનો, સ્નેહીજનો અને મિત્રવર્તુળે સદગતને શ્રદ્ધાંજલિ આપી હતી.


## ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્નેહની સુગંધ અને માનવતાની મહેક પ્રસરાવીને આપની ઓચિંતી વિદાયથી અમોને ખૂબ જ દુઃખ થયું છે. આપનો પ્રેમાળ-લાગણીશીલ સ્વભાવ સદા સ્મરણમાં રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**સ્વ. મહાવીરભાઈ વિશ્રામભાઈ ચૌહાણ**
ઉ.વ. ૫૩, સ્વ. તા. ૨૬-૦૨-૨૦૨૬, ગુરુવાર
ગામ : માધાપર-પંકજનગર

શોકમગ્ન
સુથાર શાંતિલાલ હધુભાઈ • સુથાર શંકર શાંતિલાલભાઈ
એવમ્ સમસ્ત ચાવડા (સુથાર) પરિવાર
જલારામ ડોર, ગામ : કોટાય, તા. ભુજ.

## JOB VACANCY

- **Kindergarten Teacher**
  Candidates with Montessori training and experience will be given -Preference.
- **For Primary Section (English Medium)**
  Hindi, English, Sanskrit, Gujarati.
- **For Primary Section (Gujarati Medium)**
  Science & English
- **For Secondary & Higher secondary**
  **M.A., B.Ed.** English, Gujarati and Arts Subjects.
- **M.com., B.Ed.** Commerce Theory
- **M.Sc. B.Ed.** Maths, science, Chemistry, Biology, Physics.

**Dance Teacher • Music Teacher • Computer Teacher**

Note :- Minimum 2 Years experience required

Send your resume on 6352505952

**CHANAKYA ACADEMY**
Opp. K.S.K.V. Kutch University, Bhuj-Mundra Road, Bhuj-Kachchh

## નખત્રાણા નગરપાલિકા

નખત્રાણા નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળા(શોપિંગ ફેસ્ટિવલ) ના આયોજન અંગે જાહેર નિવિદા

રાજ્ય સરકારે વર્ષ-૨૦૨૫ને ''શહેરી વિકાસ વર્ષ'' તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. માન. પ્રધાનમંત્રીશ્રીની ''મેક ઇન ઇન્ડિયા'' તેમજ ''વન ડિસ્ટ્રીક વન પ્રોડકટ'' જેવી પહેલને આગળ વધારી ''આત્મ નિર્ભર ભારત'' થકી વર્ષ-૨૦૪૭માં ''વિકસિત ભારત''ની સંકલ્પના ને ચરિતાર્થ કરવા રાજ્યમાં નગરપાલિકા કક્ષાએ સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપી, ''લોકલ ફોર વોકલ''ની વિભાવનાને પ્રાધાન્ય દ્વારા રાજ્ય સરકારની ઉજવણીને જન ભાગીદારીનું વિશેષ બળ મળે તેમજ સ્વદેશી વસ્તુઓની ખરીદી દ્વારા સ્થાનિક કક્ષાએ ઉપયોગ વધે તે માટે નખત્રાણા નગરપાલિકા દ્વારા તા.૦૯/૦૩/૨૦૨૬ થી તા.૧૫/૦૩/૨૦૨૬ સુધી રામેશ્વર મેળા ગ્રાઉન્ડ મધ્યે ''સ્વદેશી મેળા-(શોપિંગ ફેસ્ટીવલ)નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સ્વ સહાય જુથો, સ્થાનિક કારીગરો, નાના ઉત્પાદકો, કળા સર્જકો, નાના ઉદ્યોગકારો, સેવાઓ, કલાકૃતિ બનાવનારાઓ, ક્રાફટસ મેકર અને અન્ય સ્વદેશી ઉત્પાદકોએ મેળામાં ભાગ લેવા અરજી કરવાની રહેશે. અરજી મુખ્ય અધિકારીશ્રી, નખત્રાણા નગરપાલિકાને સંબોધીને, અરજી/કવર પર ''સ્વદેશી મેળા'' માટે અરજી તેવું લખી રૂબરૂ/ટપાલ/કુરિયર મારફતે તા.૦૫/૦૩/૨૦૨૬ સુંધીમાં મોકલવાની રહેશે. ઉપરોકત નગરપાલિકા-બાબત વધુ માહિતી માટે નખત્રાણા નગરપાલિકા કચેરી નો સંપર્ક કરવાનું રહેશે.

નં/નનપા/૨૭૫/૨૦૨૬ તા. ૨૬/૦૨/૨૦૨૬
(નામાનિ/કચ્છ/૧૪૯૩/૨૦૨૫-૨૬)

ચીફ ઓફિસર
નખત્રાણા નગરપાલિકા

## પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

**સામગ્રીના પુરવઠા માટે ઈ-ટેન્ડર**

ભારતના રાષ્ટ્રપતિ વતી ડીવાય.સીએમએમ-સાબરમતી, પશ્ચિમ રેલવે સામગ્રીના પુરવઠા માટે નીચેના ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| ક્રમાંક નં. | ટેન્ડર નં. | સામગ્રીનું સંક્ષિપ્ત વર્ણન | માત્રા | ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય | ઈએમડી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 71265162 | ડ્રાઈવ સ્ટેશન [ભાગ નં: RE20.275A] મેક: પ્લાઝર | 02 નંગ | 23/03/2026 11.00 AM | 100330/- |
| 2 | 71265171 | કૂલિંગ યુનિટ (ઓઈલ કુલર) [ભાગ નં: 62.05.6000.11] મેક: પ્લાઝર | 07 નંગ | 23/03/2026 11.00 AM | 142310/- |
| 3 | 71265174 | MC ટર્મિનલ/પ્રોગ. [પ્લાઝર ભાગ નં: MMI/2-CMS-1-V01 સબ્સિટ્યૂટ MMI/2-CMS-1] મેક: પ્લાઝર | 03 નંગ | 23/03/2026 11.00 AM | 149390/ |

ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો ધરાવતી વિગતવાર ટેન્ડર સૂચના અંગે, કૃપા કરીને વેબસાઈટની મુલાકાત લો: **www.ireps.gov.in** મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ADI 291

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# શાસ્ત્રો એટલે જ્ઞાનની હોમ ડિલિવરી, ઘરબેઠાં ગંગાનું કાર્ય કરે છે : સાધુ પ્રેમવત્સલદાસજી

## ૨૫ વિષયવાર વિભાગો દ્વારા યુવાપેઢી માટે શિક્ષાપત્રીનું સરળ અને વ્યવસ્થિત મંથન

ભુજ -કચ્છ ઉદય : સ્વામિનારાયણ સંપ્રદાયના પવિત્ર અને માર્ગદર્શક ગ્રંથ 'શિક્ષાપત્રી'ના સિદ્ધાંતોને આધુનિક યુગની યુવાપેઢી સરળતાથી સમજી શકે તે હેતુસર તૈયાર કરાયેલ 'શિક્ષાપત્રી મંથન' ગ્રંથનું સ્વામિનારાયણ મંદિર—કુમકુમ, મણિનગર ખાતે ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ગ્રંથ કુમકુમ મંદિરના પ્રેરણાત્મક વક્તા સાધુ પ્રેમવત્સલદાસજી દ્વારા સંકલિત કરવામાં આવ્યો છે.

સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીના ગૂઢ તત્ત્વોને સરળ ભાષા અને સુગઠિત રજૂઆત સાથે આ ગ્રંથમાં સમાવવામાં આવ્યા છે. ગ્રંથને ૨૫ અલગ-અલગ વિષયઆધારિત વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે, જેથી વાચકોને વિષયવાર સમજવામાં વિશેષ સરળતા રહે. દરેક વિભાગ સાથે સમજ વધારતા ચિત્રો ઉમેરવામાં આવ્યા છે અને હિંદુ ધર્મના વિવિધ આધારભૂત ગ્રંથોમાંથી પ્રમાણભૂત સંદર્ભો રજૂ કરાયા છે. ઉપરાંત, મહાપુરુષોના જીવનપ્રસંગો તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને ભક્તોના પ્રેરણાદાયી પ્રસંગોનો સમાવેશ કરીને ગ્રંથને જીવંત અને હૃદયસ્પર્શી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ ગ્રંથને ગુજરાતના મુખ્યમંત્રીથી માંડીને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સુધીના રાજકીય અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી છે. બીએપીએસ સંસ્થાના વડા મહંતસ્વામી મહારાજ, વિવિધ પંથોના મહામંડલેશ્વરો, જાણીતા સાહિત્યકારો તેમજ કાશી અને જગન્નાથપુરીના વિદ્વાનો દ્વારા પણ આ કૃતિની પ્રશંસા વ્યક્ત કરવામાં આવી છે. પ્રકાશન પ્રસંગે સાધુ પ્રેમવત્સલદાસજીએ જણાવ્યું હતું કે, "શાસ્ત્રો એટલે જ્ઞાનની હોમ ડિલિવરી. શાસ્ત્રો ઘરબેઠાં ગંગાનું કાર્ય કરે છે." તેમણે સમજાવ્યું હતું કે જીવનમાં સફળતા માટે દરેક ક્ષેત્રે નિયમિત પ્રયત્ન અનિવાર્ય છે. શ્રીમંત બનવા ધંધો, વિદ્વાન બનવા ભણતર, પહેલવાન બનવા કસરત અને ક્રિકેટર બનવા સતત પ્રેક્ટિસ કરવી પડે છે. તેવી જ રીતે આધ્યાત્મિક ઉન્નતિ અને સ્વામિનારાયણ ભગવાનના સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા માટે 'શિક્ષાપત્રી મંથન'નું વાચન અને મનન અત્યંત આવશ્યક છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તો, આગેવાનો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આધ્યાત્મિક ભાવનાથી ઓતપ્રોત બની રહ્યો હતો અને ગ્રંથનું લોકાર્પણ જ્ઞાનપ્રસારની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું તરીકે જોવામાં આવી રહ્યું છે.

# માધાપરમાં આંતરરાષ્ટ્રીય સ્તરની 'સેવી જુનિયર્સ પ્રી-સ્કૂલ'નો ભવ્ય પ્રારંભ






## સાંસદ વિનોદભાઈ ચાવડા અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઇનોગ્રેશન સમારોહ યોજાયો : ઇનોવેટિવ પ્લેગ્રાઉન્ડ અને મોન્ટેસરી સર્ટિફાઈડ સ્ટાફ સાથે બાળકોનું ભવિષ્ય ઘડાશે

ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના માધાપર ખાતે શિક્ષણ જગતમાં એક નવું સોપાન ઉમેરાયું છે. આંતરરાષ્ટ્રીય સ્તરનું કરીકુલમ અને અત્યાધુનિક સુવિધાઓ ધરાવતી 'સેવી જુનિયર્સ પ્રી-સ્કૂલ'નું માધાપરમાં ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. કચ્છમાં ગાંધીધામ, આદિપુર, અંજાર અને ભુજ બાદ હવે માધાપરના બાળકોને પણ વૈશ્વિક સ્તરનું શિક્ષણ અને વાતાવરણ મળી રહેશે.


સેવી જુનિયર્સ પ્રી-સ્કૂલના ડાયરેક્ટર રીની પોમલે જણાવ્યું હતું કે, માધાપરમાં પ્રથમવાર અમે એક એવી ફ્રેન્ચાઈઝી લાવ્યા છીએ જે સંપૂર્ણપણે ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ મુજબ કાર્ય કરે છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને ઈનોવેટિવ પ્લેગ્રાઉન્ડ અને આધુનિક શિક્ષણ પદ્ધતિ દ્વારા આત્મવિશ્વાસથી સજ્જ કરવાનો છે. અહીં મોન્ટેસરી સર્ટિફાઈડ શિક્ષકો દ્વારા તાલીમ આપવામાં આવશે, જેથી બાળક જ્યારે અન્ય ઉચ્ચ શાળાઓમાં પ્રવેશ મેળવે ત્યારે તે સંપૂર્ણપણે તૈયાર અને કોન્ફિડન્ટ હોય. આ પ્રોજેક્ટમાં પારુલબેન કારાનું પણ વિશેષ માર્ગદર્શન અને પ્રોત્સાહન મળ્યું છે.

ભુજ સેવી જુનિયર્સના ડાલી રાજન ઠક્કરે વિગતો આપતા જણાવ્યું કે, છેલ્લા ચાર વર્ષથી ભુજમાં સફળતાપૂર્વક કાર્યરત રહ્યા બાદ, માધાપર વિસ્તારના વાલીઓની માંગને ધ્યાને રાખીને આ નવી બ્રાન્ચ શરૂ કરવામાં આવી છે. અહીં પ્લે-બેઝ્ડ અને એક્ટિવિટી બેઝ્ડ લર્નિંગ પર ભાર મૂકવામાં આવ્યો છે, જેથી બાળકના બૌદ્ધિક અને માનસિક વિકાસની સાથે તેનું પાયાનું શિક્ષણ મજબૂત બને. સ્કૂલના દરેક ખૂણામાં બાળક કંઈક નવું શીખી શકે તેવું ઈનોવેટિવ એન્વાયરમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હોવાનું વધુમાં જણાવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ વિનોદભાઈ ચાવડા, નવાવાસના સરપંચ વલજીભાઈ આહીર, જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઈ ખંડોલ, શહેર ભાજપ પ્રમુખ મિત ઠક્કર, જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ પારૂલબેન કારા સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ સંસ્થાને પ્રોત્સાહન પૂરું પાડી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. નોંધનીય છે કે, માધાપરની આ પ્રી-સ્કૂલ આગામી ૧લી એપ્રિલથી શૈક્ષણિક કાર્ય માટે ધમધમતી થશે. વાલીઓ પોતાના બાળકોના પ્રવેશ અને પૂછપરછ માટે સંસ્થાના મોબાઈલ નંબર ૭૪૯૦૮ ૯૬૯૮૯ પર સંપર્ક કરી શકશે. આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ હવે ઘરઆંગણે ઉપલબ્ધ થતા માધાપરના વાલીઓમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

# મુસ્કાન બામને અને સપ્તઋષિ ઘોષની એન્ટ્રી સાથે 'પુષ્પા ઈમ્પોસિબલ'માં હાઈ-ઈમ્પેક્ટ હિટ-એન્ડ-રન ટ્વિસ્ટ





મુંબઈ - કચ્છઉદય : સોની સબનું લોકપ્રિય શો પુષ્પા ઈમ્પોસિબલ હવે વધુ ભાવનાત્મક અને નાટકીય બનવા જઈ રહ્યું છે. શોમાં ટૂંક સમયમાં પ્રવેશ કરશે શનાયા મહેતા અને તેના પિતા, અબજોપતિ વેન્ચર કેપિટલિસ્ટ શંતનુ મહેતા. આ મહત્વપૂર્ણ પાત્રો ભજવી રહ્યા છે મુસ્કાન બામને અને સપ્તઋષિ ઘોષ. હવે પૈસા અને શક્તિનો ટકરાવ થવાનો છે પુષ્પા (કરુણા પાંડે)ની મૂલ્ય આધારિત દુનિયા સાથે, અને આ ટકરાવ થવાનો છે એકદમ અનપેક્ષિત રીતે.

શનાયા મહેતા એક તેજસ્વી, અધિકારપ્રિય અને ભાવનાત્મક રીતે સંયમિત યુવતી છે, જે વૈભવી જીવનમાં મોટી થઈ છે. બાળપણમાં માતાની ખોટ અને પિતાની ભાવનાત્મક ગેરહાજરીએ તેના સ્વભાવને આકાર આપ્યો છે. શંતનુ મહેતા, જે સ્વબળે અબજોપતિ "શાર્ક" ઈન્વેસ્ટર બન્યા, તેમણે પોતાની પુત્રીને હાજરી કરતાં સુવિધા આપી. શનાયાને હંમેશા લાગતું હતું કે પૈસા દરેક સમસ્યાનો ઉકેલ છે, પરંતુ એક ગંભીર હિટ-એન્ડ-રન ઘટનાએ તેની માન્યતાને હચમચાવી નાખી. પિતા-પુત્રીના આ સંબંધ દ્વારા શો ખૂબ જ સંવેદનશીલ રીતે બતાવશે કે સંપત્તિ અને શક્તિ કેવી રીતે જવાબદારી સામે પરખાય છે.

શનાયાની ભૂમિકા વિશે વાત કરતાં મુસ્કાન બામનેએ કહ્યું, "મને આ રોલમાં સૌથી વધુ આકર્ષિત કરનાર બાબત એ હતી કે આ ફક્ત એક અમીર યુવતીની પુષ્પાની દુનિયામાં એન્ટ્રી નથી. આ ટ્રેક એવો ટર્નિંગ પોઈન્ટ છે જે વિશેષાધિકાર અને જવાબદારી પર સાચા પ્રશ્નો ઉભા કરે છે. શનાયા બહારથી અહંકારી છે પરંતુ અંદરથી ખૂબ એકલી છે. અચાનક પોતાની ક્રિયાઓનો ભાર ઉઠાવવાનો મજબૂર થવું તેના માટે પડકારજનક છે અને મારા માટે તેને ભજવવું ખૂબ સંતોષકારક રહ્યું."

શાંતનુની ભૂમિકા નિભાવતા પોતાના દ્રષ્ટિકોણ વિશે શેર કરતાં સપ્તઋષિ ઘોષે કહ્યું, "શંતનુ એવો માણસ છે જે મોટા-મોટા ડીલ્સ સહેલાઈથી બંધ કરી શકે છે, પરંતુ પોતાની પુત્રી સાથે પ્રામાણિક વાતચીત કરવામાં સંઘર્ષ કરે છે. એ જ તેનો વિરોધાભાસ છે. તેને લાગે છે કે તેણે આખું જીવન તેની રક્ષા કરી છે, પરંતુ જ્યારે સંકટ આવે છે ત્યારે તેને સમજાય છે કે દરેક વસ્તુ પ્રભાવથી ઉકેલી શકાતી નથી. શક્તિ અને નિર્બળતાના આ સંઘર્ષને ભજવવું મારા માટે ખૂબ જ સ્તરિત અનુભવ રહ્યો."

# ટેટ ભરતીમાં 'રોડા' નાખનારા મુઠી ભર તત્વોનો ફરી વિરોધનો સૂર

## ગાંધીનગર વિરોધ પ્રદર્શનનું આયોજન પણ મોટા ભાગના ઉમેદવારોમાં નિરુત્સાહ

ગાંધીનગર - કચ્છ ઉદય : ગ્રાઉન્ડ લેવલ પર કોઈ સમર્થન ન હોવા છતાં, માત્ર પ્રસિદ્ધિ મેળવવા કે અંગત સ્વાર્થ ખાતર સોશિયલ મીડિયા પર ભ્રામક વાતાવરણ ઊભું કરવામાં આવે છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરાનારી ટેટ-૧ પ્રાથમિક શિક્ષક ભરતી પ્રક્રિયાને વિવાદોમાં સપડાવવાના અસંતુષ્ટ તત્વોના પ્રયાસો વચ્ચે ફરી બીજી વખત પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, ગત સપ્તાહે થયેલા ફિયાસ્કા બાદ આ વખતે પણ ઉમેદવારોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો ન હતો. સોશિયલ મીડિયા પર હજારોની હાજરીના દાવાઓ વચ્ચે ગ્રાઉન્ડ પર કાગડા ઉડતા જોવા મળ્યા હતા.જેના પગલે અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ટેટ-૧ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ૧૦,૮૨૫ ઉમેદવારો માટે, શિક્ષણ વિભાગ વય મર્યાદા અને ફાઈનલ આન્સર કી બાબતે નિર્ધારિત ઠરાવો મુજબ અત્યંત પારદર્શક રીતે કામગીરી કરી રહ્યું છે. આમ છતાં, કેટલાક અસંતુષ્ટ તત્વો દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી અન્ય ઉમેદવારોને ઉશ્કેરવાના અને શિક્ષણ વિભાગની છબી ખરડવાના નિરર્થક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગત અઠવાડિયામાં પણ ગાંધીનગરના વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસે આવા જ એક પ્રદર્શનમાં માત્ર ૮ થી ૧૦ જણાની જ હાજરી જોવા મળી હતી, જે આયોજકો માટે ક્ષોભજનક સ્થિતિ હતી. બીજી વખત માત્ર પંદર જેટલા જણ જ હાજર રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ઉમેદવારોના મતે, જ્યારે વહીવટી પ્રક્રિયાઓ અંતિમ તબક્કામાં હોય ત્યારે બિનજરૂરી અવરોધ ઊભા કરવાથી ભરતીમાં વિલંબ થઈ શકે છે. કેટલાક તત્વો માત્ર પ્રસિદ્ધિ મેળવવા અથવા ભરતી પ્રક્રિયાને ખોરંભે નાખવા માટે ઉમેદવારોને ગેરમાર્ગે દોરી રહ્યા છે, જેનો ઉમેદવારોએ જ વિરોધ કર્યો છે. ઉમેદવારોનો મતે,"શિક્ષણ વિભાગ હંમેશા નિયમ મુજબ જ ભરતી પ્રક્રિયા હાથ ધરે છે.આવા નહિવત હાજરી ધરાવતા વિરોધ પ્રદર્શનો માત્ર લાયક ઉમેદવારોના હિતમાં રોડા નાખવાનું કામ કરે છે. અને ભરતી પ્રક્રિયા કોઈ પણ અવરોધ વગર વહેલી તકે પૂર્ણ થાય."

ગાંધીનગર ખાતે વારંવાર રજૂઆત કરવા જતા અસંતુષ્ટ જૂથના કાર્યક્રમો સતત નિષ્ફળ જઈ રહ્યા છે,જે શિક્ષણ વિભાગની પારદર્શક કાર્યશૈલી પર મહોર મારે છે. રાજ્ય ના મોટાભાગના ટેટ પાસ ઉમેદવારો સરકારના નિર્ણયોથી સંતુષ્ટ છે અને આવા નકારાત્મક તત્વો થી અંતર જાળવી રહ્યા છે.

# ભુજના મુખ્ય માર્ગો પરના જોખમી ખાડાઓનું પુરાણ કરાયું





ભુજ-કચ્છઉદય: શહેરના આલ્ફ્રેડ હાઈસ્કૂલથી જિલ્લા પંચાયત તરફ જતો માર્ગ તથા સુર મંદિર સિનેમાવાળી લાઈનમાં છેલ્લા ઘણા સમયથી અસંખ્ય ખાડાઓને કારણે અકસ્માતનું જોખમ વધી ગયું હતું. આ મામલે જાગૃત નાગરિક મિતેષ હીરાલાલ શાહે નગરપાલિકાના શાસક પક્ષના નેતા કમલભાઈ ગઢવીનું ધ્યાન દોર્યું હતું. રજૂઆતને ગંભીરતાથી લઈને કમલભાઈ ગઢવીએ ગણતરીના દિવસોમાં જ આ ખાડાઓ વ્યવસ્થિત રીતે પુરવાનું આયોજન હાથ ધર્યું હતું. હાલ આ માર્ગો પર ખાડા પુરાઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓએ મોટી રાહત અનુભવી છે. ત્વરિત કામગીરી બદલ મિતેષ શાહ તથા દિનેશભાઈ શેઠે કમલભાઈ ગઢવીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બોલિવિયામાં એરફોર્સનું વિમાન ક્રેશઃ ૧૫ના મોત

## રાજધાની લા પાઝ નજીક સર્જાઈ મોટી દુર્ઘટના : ૩૦ લોકો ઈજાગ્રસ્તઃ કેટલાકની હાલત ગંભીરઃ અનેક વાહનો સાથે અથડાયું હતું, જેના કારણે ભારે નુકસાન

લંડન તા.૨૮: બોલિવિયામાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. શુક્રવાર (૨૭ ફેબ્રુઆરી)ના રોજ બોલિવિયન એરફોર્સનું ૬-૧૩૦ હર્ક્યુલસ વિમાન રાજધાની લા પાઝ નજીક આવેલા એલ અલ્ટો શહેરમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ અકસ્માતમાં ૧૫ લોકોના મોત થયા હોવાની અને ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી છે. ઈજાગ્રસ્તમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું સામે આવી રહ્યું છે.

સ્થાનિક મીડિયા અહેવાલો મુજબ, જેમાં એલ ડેબર અને યુનિટેલનો સમાવેશ થાય છે, ઘટના સાંજે અંદાજે ૬ વાગ્યે બની હતી. વિમાન લેન્ડિંગ અથવા ટેકઓફ દરમિયાન એલ અલ્ટો ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રનવે પરથી લપસી ગયું હતું. ત્યારબાદ તે એરપોર્ટની બાઉન્ડ્રી તોડી નજીકના રસ્તા પર પહોંચી ગયું અને અનેક વાહનો સાથે અથડાયું હતું, જેના કારણે ભારે નુકસાન થયું હતું.

કેટલાક અહેવાલો અનુસાર વિમાન દેશના અન્ય ભાગોમાં નવી છપાયેલી નોટો લઈ જઈ રહ્યું હતું. અકસ્માત બાદ રસ્તા પર નોટો વિખેરાઈ ગયાની ચર્ચા સોશિયલ મીડિયામાં ચાલી રહી છે, પરંતુ સત્તાવાર રીતે આ બાબતની પુષ્ટિ કરવામાં આવી નથી.

અકસ્માત બાદ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તરત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ઈજાગ્રસ્તને નજીકની હોસ્પિટલોમાં ખસેડ્યા હતા. વિમાનમાં કુલ કેટલા લોકો સવાર હતા અને તેમની સ્થિતિ શું છે તેની સત્તાવાર માહિતી હજુ બહાર પાડવામાં આવી નથી.

અકસાનને પગલે એલ અલ્ટો ઈન્ટરનેશનલ એરપોર્ટને તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યું હતું. અકસ્માતના કારણો અંગે બોલિવિયન એરફોર્સ અથવા સરકાર તરફથી હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

# ટ્રમ્પનું પાકિસ્તાનને ખુલ્લેઆમ સમર્થન, અફઘાનિસ્તાન સાથે યુદ્ધ વચ્ચે શાહબાઝ-મુનીરના ગુણગાન ગાયા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વધી રહેલા સૈન્ય તણાવ અને 'ઓપન વોર' જેવી સ્થિતિ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું મોટું નિવેદન સામે આવ્યું છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતા ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ સંઘર્ષને ઉકેલવા માટે હસ્તક્ષેપ કરશે. ટ્રમ્પે પાકિસ્તાન સાથેના પોતાના મજબૂત સંબંધોનો ઉલ્લેખ કરતા પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફ અને સેના પ્રમુખ આસિમ મુનીરની ખુલ્લેઆમ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, 'પાકિસ્તાન અત્યારે શાનદાર કામ કરી રહ્યું છે. તેમની પાસે એક મહાન વડાપ્રધાન અને એક મહાન જનરલ છે, જેમના માટે મને ખૂબ આદર છે.'

આ દરમિયાન ટ્રમ્પે એક ચોંકાવનારો દાવો પણ કર્યો હતો. તેમણે ફરી એકવાર કહ્યું કે, 'વર્ષ ૨૦૨૫માં તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ થતું અટકાવ્યું હતું અને આ રીતે લગભગ ૩.૫ કરોડ લોકોના જીવ બચાવ્યા હતા.' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ અફઘાનિસ્તાન સામેના યુદ્ધમાં દખલ દેશે, ત્યારે તેમણે હા પાડી હતી અને જણાવ્યું હતું કે પાકિસ્તાન આ મામલે અત્યારે ખૂબ જ સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે.

# 'એમની પાસે પૈસા નથી, અમે આખો દેશ ખરીદી લઇશું', હવે ક્યુબા પર ટ્રમ્પની દાનત બગડી!

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ક્યુબાને લઈને એક અત્યંત ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે સંકેત આપ્યો છે કે ટૂંક સમયમાં અમેરિકા ક્યુબાનો 'ફ્રેન્ડલી ટેકઓવર' કરી શકે છે. શુક્રવારે વ્હાઈટ હાઉસની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા ટ્રમ્પે આ મોટા રાજકીય ઉલટફેરના સંકેતો આપ્યા હતા.

પ્રમુખ ટ્રમ્પે ખુલાસો કર્યો છે કે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો ક્યુબાના નેતાઓ સાથે 'ખૂબ જ ઉચ્ચ સ્તરે' વાતચીત કરી રહ્યા છે. ટ્રમ્પે ક્યુબાની આર્થિક સ્થિતિનું અત્યંત નબળું ચિત્ર રજૂ કરતા કહ્યું કે, "ક્યુબા સરકાર અત્યારે મોટી મુસીબતમાં છે. તેમની પાસે ન તો પૈસા છે, ન બીજું કંઈ. તેઓ અત્યારે અમારી સાથે વાત કરી રહ્યા છે અને કદાચ આપણે ક્યુબાનો ફ્રેન્ડલી ટેકઓવર કરી શકીએ છીએ".

જાન્યુઆરીમાં વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને સત્તા પરથી હટાવ્યા બાદ ક્યુબાની હાલત વધુ કફોડી બની છે. અગાઉ વેનેઝુએલા તરફથી મળતો સબસિડી વાળો ઓઈલ સપ્લાય (રોજના ૧ લાખ બેરલથી વધુ) હવે બંધ થઈ ગયો છે, જેના કારણે ક્યુબામાં વીજળી અને અન્ય આવશ્યક સેવાઓ ખોરવાઈ ગઈ છે. ટ્રમ્પના મતે, હવે ક્યુબા પર સૈન્ય કાર્યવાહીની જરૂર નથી કારણ કે તેની અર્થવ્યવસ્થા પહેલેથી જ ભાંગી પડી છે.

# સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટમાં ડો. દર્શના ધોળકિયાનું પ્રેરક વ્યાખ્યાન

## મહિલા આત્મકથા સાહિત્ય પર વિસ્તૃત ચર્ચા, 'ઓટલા દાવ'થી સાહિત્યયાત્રાનો સહજ વિહાર

ભુજ-કચ્છઉદય : સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટ, ભુજ ખાતે જાણીતા સાહિત્યકાર અને આત્મકથાકાર ડો. દર્શના ધોળકિયાનું વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ ત્રીજા વર્ષમાં ગુજરાતી વિષયનો અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને મહિલા આત્મકથા સાહિત્ય અંગે માહિતગાર કરવાનો અને આ સાહિત્યપ્રકાર પ્રત્યે જાગૃતિ વધારવાનો હતો. વ્યાખ્યાન દરમિયાન ડો. દર્શના ધોળકિયાએ આત્મકથા સ્વરૂપના સાહિત્યની વિશેષતાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સાહિત્યના વિવિધ સ્વરૂપોની તુલનામાં આત્મકથા સ્વરૂપે ઓછું પ્રદાન થયું છે અને ખાસ કરીને સ્ત્રીઓ દ્વારા લખાયેલી આત્મકથાઓની સંખ્યા અત્યંત મર્યાદિત છે. કચ્છ પ્રદેશમાંથી મહિલા સર્જકોએ આત્મકથા લખી હોય તેવા દાખલાઓ પણ બહુ ઓછા જોવા મળે છે.

આ પરિપ્રેક્ષ્યમાં વર્ષ ૨૦૨૧માં પ્રકાશિત થયેલી તેમની સંસ્મરણકથા 'ઓટલા દાવ' વિશેષ નોંધપાત્ર કૃતિ તરીકે ઊભરી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર આ કૃતિને કોલેજના ત્રીજા વર્ષના ગુજરાતી મુખ્ય વિષયના અભ્યાસક્રમમાં સ્થાન મળ્યું છે, જે કચ્છ માટે ગૌરવની બાબત ગણાય છે. ડૉ. ધોળકિયાએ ગુજરાતી ભાષાની પ્રથમ આત્મકથા તરીકે જાણીતી શારદાબેન મહેતાની 'જીવન સંભારણા'થી શરૂઆત કરીને પોતાના સાહિત્યપ્રવાસ સુધીની સફર સહજ અને સરળ શબ્દોમાં રજૂ કરી હતી. પોતાના જીવનપ્રસંગો, તે સમયનો દેશકાળ, સમાજવ્યવસ્થા, સ્ત્રીઓએ ભોગવેલા સંઘર્ષો અને પડકારો, ગુરુજનનું માર્ગદર્શન તેમજ જીવનમૂલ્યો વિશે તેમણે હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયી રીતે વાત કરી હતી. વ્યાખ્યાન બાદ પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પૂછ્યા હતા અને ડો. ધોળકિયાએ વિસ્તૃત જવાબ આપી માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કોલેજનાં આચાર્યા મનીષાબેન વાગડિયાના સ્વાગત વક્તવ્યથી થઈ હતી. સંસ્થાના મોભી અનિતાબેન ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંયોજન અને સંચાલન પ્રા. જીલ ડાભી દ્વારા કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનથી વિદ્યાર્થિનીઓને મહિલા આત્મકથા સાહિત્ય અંગે નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ હોવાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી અને સાહિત્યક્ષેત્રે મહિલાઓના યોગદાનને સમજવા માટે આ કાર્યક્રમ ઉપયોગી સાબિત થયો હતો.

# સુખપરની શાળાના વાર્ષિકોત્સવમાં ભારતની લોક સંસ્કૃતિના કરાયા દર્શન






ભુજ - કચ્છ ઉદય : શૈક્ષણિક સંસ્થાન વિદ્યાભારતી સંલગ્ન અને માધવ સ્મૃતિ ટ્રસ્ટ સંચાલિત શ્યામ સરસ્વતી શિશુવાટિકા અને પ્રાથમિક વિદ્યામંદિર સુખપરના ૨૨ મા વાર્ષિકોત્સવ પ્રસંગે 'સંસ્કૃતિ દર્શન' શિર્ષક હેઠળ ભારતના વિવિધ પ્રાંતોના લોકનૃત્ય તથા સંઘ શતાબ્દી વર્ષ નિમિત્તે પંચ પરિવર્તનના પાંચ બિંદુઓ આધારિત સામાજિક સમરસતા, સ્વદેશી, નાગરિક કર્તવ્ય, પર્યાવરણ અને ભારતની ઉદાહરણરૂપ કુટુંબ વ્યવસ્થા સહિતના મુદ્દાઓને નાટ્યકૃતિનું સ્વરૂપ આપીને ૪૦૦ જેટલાં બાળકો અને આચાર્યોએ સુંદર રીતે રજૂ કર્યા હતાં. તે ઉપરાંત કચ્છી ગરબા, ગુજરાતી દાંડિયા, સૌરાષ્ટ્રની ટિપ્પણી, ગુજરાતનું આદિવાસી અને રાજસ્થાની નૃત્ય, પંજાબી ભાંગડા અને બીહુ નૃત્ય જેવા કાર્યક્રમો દ્વારા સમગ્ર ભારતની લોક સંસ્કૃતિનું એક જ મંચ ઉપર દર્શન કરાવવામાં આવ્યું હતું.

મુખ્ય વક્તા તરીકે સંઘ કાર્યકર મહેશભાઈ આહીર-મિરજાપર દ્વારા ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને તોડવા માટે થતા છુપા પ્રયાસોથી બચવા વિધાર્થીઓને રાષ્ટ્ર પ્રથમના વિચારથી વિધાભારતી સાથે જોડાયેલ શાળાઓમાં જ સંસ્કારયુક્ત શિક્ષણ અપાવવાની અપીલ કરી હતી. સમગ્ર કાર્યક્રમને પ્લાસ્ટિક મુક્ત રાખીને સમગ્ર સજાવટ પણ પ્રાકૃતિક વસ્તુઓથી જ કરાયું હતું. જેમાં આચાર્યો અને વાલી સમિતિએ સેવા આપી હતી. જ્યારે દાતા અને મહેમાનોના સન્માનમાં પણ સંપુર્ણ સ્વદેશી અને દૈનિક વપરાશમાં ઉપયોગી ગાય આધારિત પ્રાકૃતિક વસ્તુઓ ભેટમાં અપાઈ હતી.કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ભીખાભાઈ વેકરીયા રહ્યા હતા. વિદ્યાભારતીના અધિકારીઓ સાથે સામાજિક અગ્રણીઓ, વાલીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ આ કાર્યક્રમ માણ્યો હતો એવું ટ્રસ્ટના પ્રમુખ રવજીભાઈ ગોરસીયાએ જણાવ્યું હતું. તેમ પ્રાધાનાચાર્ય કાંતાબેન ખેતાણીએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# ભુજની વિવિધ સંસ્થાઓ દ્વારા રામભાઈ ગઢવીએ અપાઈ શ્રદ્ધાંજલિ

ભુજ - કચ્છઉદય : કચ્છના જાહેર જીવનના જાણીતા અગ્રણી સમાજ સેવક અને લોકોના પ્રશ્નોમાં હંમેશા ઊંડો રસ ધરાવતા પૂર્વ ઉપનગર પતિ ડૉ. રામભાઈ ગઢવીનું અવસાન થતા તેમને સત્યમ સંસ્થ, તાનારીરી મહિલા મંડળ અને લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાંજલિ અપાઈ હતી. સત્યમ સંસ્થાના દર્શકભાઈ અંતાણી, ભુજ સુધરાઈના કાઉન્સિલર ધીરેનભાઈ લાલન, ભુજ કોમર્શિયલ બેંકના ડાયરેક્ટર ધીરેનભાઈ ઠક્કર, નયનભાઈ શુક્લ, લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટના હેમેન્દ્રભાઈ જણસારી, મહિલા અગ્રણી અંકિતાબેન ધોકાઈ, નર્મદાબેન ગામોટ, માલશ્રીબેન ગઢવી, રાજુલાબેન શાહ, નરેન્દ્રભાઈ સ્વાદિયા, જટુભાઈ ડુડિયા, શિરીષ અંતાણી, કે.કે. મહેશ્વરી, બિપીનભાઈ ઠક્કર, યોગેશભાઈ મહેતા, અર્જુનભાઈ માતંગ, જયોતિબેન ભટ્ટ સહીતે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી .

# ભારતીય રેલ્વેએ ઓટોમોબાઇલ લોજિસ્ટિક્સમાં ૧૦ વર્ષમાં નોંધાવી ૨૦ ગણી વૃદ્ધિ

### કચ્છમાં આવેલા પોર્ટનો મહત્વનો ફાળો

અમદાવાદ : વિશ્વ સ્તરે ઓટોમોબાઈલ પરિવહનમાં રેલ એક ઝડપથી ઉભરતું મહત્વપૂર્ણ માધ્યમ બની રહ્યું છે. માર્ગ, રેલ અને સમુદ્રી પરિવહન વચ્ચે સંતુલન સાધતા અનેક દેશો હવે ઓછી કિંમત, ઓછું કાર્બન ઉત્સર્જન અને ઉચ્ચ કાર્યક્ષમતા જેવા કારણોસર રેલ આધારિત લોજિસ્ટિક્સને પ્રાથમિકતા આપી રહ્યા છે. ભારતમાં પણ આ પરિવર્તન સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યું છે. રેલવેમાં કચ્છમાં આવેલા પોર્ટનો મહત્વનો ફાળો છે.

સડક પરિવહન પરની અતિ નિર્ભરતા ઘટાડતાં, ભારતીય રેલ્વેએ (ખાસ કરીને અમદાવાદ રેલ મંડળે) કારોના પરિવહનમાં પોતાની હિસ્સેદારી છેલ્લા એક દાયકામાં ૧% થી વધારીને ૨૪% થી વધુ કરી છે. છેલ્લા દસ વર્ષોમાં ભારતીય રેલ્વેએ રેલ આધારિત ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે, જેમાં વર્ષ ૨૦૧૩ પહેલાંની સ્થિતિ (લગભગ ૨૦૧૦ - ૨૦૧૩) રેલ હિસ્સેદારી લગભગ ૧% થી ૧.૫%, માર્ગ હિસ્સેદારી લગભગ ૯૮%, વાર્ષિક પરિવહન આશરે ૪૦,૦૦૦ - ૬૦,૦૦૦ કાર પ્રતિ વર્ષ, મર્યાદિત ઓટોમોબાઈલ વેગન, ખાનગી રેલવે સાઈડિંગનો અભાવ અને કંપનીઓની ટ્રકો પર નિર્ભરતા. તે સમયગાળામાં મારૂતિ સુઝૂકી જેવી અગ્રણી કંપનીઓ પણ માર્ગ પરિવહનને જ પ્રાથમિકતા આપતી હતી.

વર્તમાન સ્થિતિ (૨૦૨૩-૨૫) દરમિયાન રેલ હિસ્સેદારી ૨૦% થી ૨૪% સુધી, રેલ દ્વારા પરિવહન આશરે ૧૦ લાખ (૧ મિલિયન) થી વધુ કારો પ્રતિ વર્ષ, ૨૦૧૩ની સરખામણીએ આશરે ૨૦ ગણી ઐતિહાસિક વૃદ્ધિ થઈ છે જેમાં વર્ષ વાઈઝ રેલવેનું પરિવહન જોઈએ તો વર્ષ ૨૦૧૦માં ૧% - ૪૦,૦૦૦ કારો, ૨૦૧૩માં ૧.૫% ૬૦,૦૦૦ કારો, ૨૦૧૬માં ૫% ૧.૫ લાખ, ૨૦૧૯માં ૧૦% ૩ લાખ, ૨૦૨૨માં ૧૮% ૭ લાખ અને વર્ષ ૨૦૨૪ - ૨૫માં ૨૦ - ૨૪% ૧૦ લાખ+ કારોનું પરિવહન કરવામાં આવેલ છે. 'ઓટોમોબાઈલ ફ્રેટ ટ્રેન ઓપરેટર' યોજના હેઠળ ખાનગી કંપનીઓને વિશેષ વેગન ચલાવવા માટે મંજૂરી આપવામાં આવી છે. વિશેષ રીતે ડિઝાઈન કરાયેલા આ વેગન એક જ ટ્રેનમાં ૨૫૦થી ૩૦૦ કારો પરિવહન કરવાની ક્ષમતા ધરાવે છે. ગુજરાત (હંસલપુર), માનેસર અને ચેન્નાઈ જેવા ઓટોમોબાઈલ હબમાં સીધી પ્લાન્ટ સુધી રેલવે લાઈન બિછાવવામાં આવી છે. માર્ગ પરિવહનની સરખામણીએ રેલ પરિવહન ૧૫ - ૨૦% વધુ સસ્તુ છે અને તેમાં ૬૦ - ૭૦% ઓછું કાર્બન ઉત્સર્જન થાય છે. ભારતમાં દર વર્ષે લગભગ ૪૫ - ૫૦ લાખ કારોનું ઉત્પાદન થાય છે. રેલ્વેનો લક્ષ્ય ૨૦૩૦ સુધી પોતાની હિસ્સેદારીને ૩૫% સુધી લઈ જવાનો છે.



## ગુજરાતનો હંસલપુર પ્રોજેક્ટ બન્યો વૈશ્વિક બેન્ચમાર્ક

અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ રેલ મંડળ હેઠળ હંસલપુર (ગુજરાત) ખાતે આવેલ પ્લાન્ટ રેલવે સાઈડિંગ પ્રોજેક્ટ હવે વૈશ્વિક સ્તરે એક બેન્ચમાર્ક બની ગયો છે. ઉપલબ્ધિ અમદાવાદ મંડળ માટે અત્યંત મહત્વપૂર્ણ અને ગૌરવપૂર્ણ છે. હંસલપુર સ્થિત આ રેલવે સાઈડિંગ અમદાવાદ મંડળ હેઠળ સંચાલિત રેલ નેટવર્ક સાથે જોડાયેલ છે. તેના માધ્યમથી મોટા પ્રમાણમાં વાહનોનું પરિવહન રેલ દ્વારા શક્ય બન્યું છે, જેના પરિણામે રેલવેની માલવહન ક્ષમતા, કાર્યક્ષમતા અને ઉપયોગિતામાં નોંધપાત્ર વધારો થયો છે. આ પ્રોજેક્ટ દ્વારા લગભગ ૧.૭ લાખ ટન ઝેર ઉત્સર્જનમાં ઘટાડો થવાનો અનુમાન છે. આથી અમદાવાદ મંડળના માલવહન આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. રેલ પરિવહન માર્ગ પરિવહનની તુલનામાં ૧૫ - ૨૦% સસ્તુ છે તેમજ ૬૦ - ૭૦% ઓછું કાર્બન ઉત્સર્જન કરતું માધ્યમ છે. આ પ્રોજેક્ટ પીએમ ગતિ શક્તિ હેઠળ વિકસિત મલ્ટી-મોડલ અવસંરચનાનું ઉત્તમ ઉદાહરણ છે, જેમાં રેલવે લોજિસ્ટિક્સની કેન્દ્રીય અને અસરકારક ભૂમિકા છે. તેના પરિણામે ઔદ્યોગિક વિસ્તારોને ઝડપી, સરળ અને એકીકૃત કનેક્ટિવિટી પ્રાપ્ત થાય છે. રેલવેના માલ આવકમાં વધારો થાય છે. માર્ગો પર ટ્રાફિકનું દબાણ ઓછું થાય છે, લોજિસ્ટિક્સ વધુ ઝડપી, સુરક્ષિત અને વિશ્વસનીય બને છે. પ્રોજેક્ટ ભવિષ્યમાં અન્ય ઔદ્યોગિક એકમો માટે પણ પ્રેરણાસ્ત્રોત સાબિત થશે. તેના પરિણામે અમદાવાદ રેલ મંડળમાં વધુ પ્રાઈવેટ ફ્રેઈટ ટર્મિનલ અને રેલવે સાઈડિંગના વિકાસની સંભાવનાઓ મજબૂત બનશે, જેના કારણે પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળશે. ૨૦૧૩ સુધી રેલની હિસ્સેદારી માત્ર ૧% હતી, જે આજે ૨૦ ગણો વધીને ૨૪% થી વધુ થઈ ગઈ છે. આ પ્રધાનમંત્રી ગતિ શક્તિ કાર્યક્રમ અને રેલવેની ઉદ્યોગ - મૈત્રીપૂર્ણ નીતિઓનું પરિણામ છે. અમદાવાદ રેલ મંડળ માટે આ ઉપલબ્ધિ માત્ર આવકમાં વૃદ્ધિનું પ્રતિક નથી, પરંતુ 'ગ્રીન લોજિસ્ટિક્સ' તરફનું એક મહત્વપૂર્ણ પગલું પણ છે. માર્ગથી રેલ તરફનો આ 'મોડલ શિફ્ટ' આર્થિક રીતે લાભદાયી હોવા ઉપરાંત પર્યાવરણને અનુકૂળ પણ છે. અમદાવાદ રેલ મંડળના નેતૃત્વ હેઠળ ગુજરાતના ઓટોમોબાઈલ હબ હવે વૈશ્વિક સ્તરે 'ગ્રીન લોજિસ્ટિક્સ'ના મોડેલ તરીકે ઉભરી રહ્યા છે.

# પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત રાપર તાલુકામાં ૧૦૦થી વધુ દર્દીઓને રાશનકિટનું વિતરણ





### ક્ષયમુક્ત ગુજરાતના સંકલ્પ સાથે વાગડના છેવાડાના વિસ્તારોના દર્દીઓને દવાઓની સાથે પૌષ્ટિક આહાર પૂરો પાડવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ

ભુજ - કચ્છઉદય : પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત કચ્છના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ વાગડ વિસ્તારના છેવાડાના રાપર તાલુકામાં એક વિશેષ સેવા કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા લાયન્સ ક્લબ ભુજના ભરતભાઈ મહેતાની પ્રેરણાથી રાપર તાલુકાના બાદરગઢ ગામના વતની અને હાલ દુબઈ સ્થિત ઉદારમન દાતા યોગેશભાઈ દોશી પરિવારવતી ભાવેશભાઈ ચાવડા અને અનુપભાઈ કોટક દ્વારા સંચાલિત શાંતિનિકેતન ફાઉન્ડેશનના ઉપક્રમે રાપર તાલુકાના ૧૦૦ ટીબી (ક્ષયરોગ) પીડિત દર્દીઓને પૌષ્ટિક રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યનો મુખ્ય હેતુ ટીબી સામે લડી રહેલા દર્દીઓને યોગ્ય પૌષ્ટિક આહાર મળી રહે અને તેમની સારવાર પ્રક્રિયામાં સામાજિક સહયોગ આપવાનો છે. ટીબી એક સંક્રમિત રોગ છે, જેમાં નિયમિત દવાઓની સાથે યોગ્ય પોષણ પણ અત્યંત અનિવાર્ય બને છે. જ્યારે સરકાર દ્વારા ટીબી મુક્ત ભારત અભિયાન તેજ ગતિએ ચાલી રહ્યું છે, ત્યારે સમાજના અગ્રણીઓ અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી આ પ્રકારેમની માનવતાભરી પહેલ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થાય છે.

કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓને અનાજ, દાળ, તેલ, ખજૂર, મસાલા તેમજ અન્ય પૌષ્ટિક આહાર સામગ્રી અર્પણ કરવામાં આવી હતી. સંસ્થાના પ્રતિનિધિઓએ દર્દીઓને દવાઓ નિયમિત લેવાની અને ડૉક્ટરની સલાહ મુજબ સારવાર ચાલુ રાખવા માટે વિશેષ અનુરોધ કર્યો હતો.

અનુપભાઈ કોટકે જણાવ્યું હતું કે, ટીબી સામેની લડત માત્ર દવાઓથી નહીં, પરંતુ પૂરતું પોષણ અને સામાજિક સહકાર પૂરો પાડીને પણ જીતી શકાય છે. અમારી સંસ્થા ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યો અવિરત ચાલુ રાખશે.

આ અવસરે જિલ્લા ટીબી અધિકારી ડૉ. મનોજ દવે, એસ. ડી.એચ. સુપ્રિટેન્ડેન્ટ રોબિન રાઠોડ, રાપર તાલુકા આરોગ્ય અધિકારી મોતીલાલ રાય, તાલુકા ટીબી સુપરવાઈઝર ચિરાગભાઈ, જીગ્નેશ પંડ્યા, તાલુકા સુપરવાઈઝર રામજીભાઈ પરમાર તેમજ આરોગ્ય કાર્યકરો કિટ વિતરણમાં જોડાયા હતા. આરોગ્ય કર્મચારીઓએ સંસ્થાના પ્રયાસની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓથી દર્દીઓમાં આત્મવિશ્વાસ વધે છે. શાંતિનિકેતન ફાઉન્ડેશનની આ પહેલ એ રાપર તાલુકામાં આરોગ્ય જાગૃતિ અને સામાજિક ઉત્તરદાયિત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી કચ્છની કચેરી દ્વારા જણાવાયું છે.

# સૂર્યાસ્ત બાદ આકાશમાં છ ગ્રહોની અદ્વિતીય મહેફિલ

### પ્લેનેટરી એલાઇનમેન્ટ'નો અનોખો દ્રશ્યાવલોકન : ખગોળપ્રેમીઓ માટે સુવર્ણ તક

ભુજ - કચ્છઉદય : ૨૮ ફેબ્રુઆરીની સાંજે આકાશમાં એક અદ્ભુત ખગોળીય ઘટના સર્જાવાની છે. સૂર્યાસ્ત પછી પશ્ચિમથી દક્ષિણ-પશ્ચિમ દિશામાં છ ગ્રહો એક જ આકાશીય પટ્ટામાં ગોઠવાયેલા જોવા મળશે. આ ઘટનાને 'પ્લેનેટરી પરેડ' અથવા 'પ્લેનેટરી એલાઈનમેન્ટ' તરીકે ઓળખવામાં આવે છે, જે સામાન્ય રીતે દર વર્ષે જોવા મળતી નથી અને ખગોળવિજ્ઞાનના રસિકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે.

ભારત જન વિજ્ઞાન જાથાની રાષ્ટ્રીય-રાજ્ય કચેરી દ્વારા આ ઘટના અંગે પૂર્વજાણકારી આપવામાં આવી છે. જાથાના ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાના જણાવ્યા મુજબ ૨૮મી ફેબ્રુઆરીના રોજ સૂર્યાસ્ત બાદ અંદાજે ૩૦થી ૬૦ મિનિટ સુધી બુધ, શુક્ર, ગુરુ, શનિ, નેપચ્યુન અને યુરેનસ ગ્રહો આકાશમાં એક જ પટ્ટામાં ગોઠવાયેલા જણાશે.


ખગોળીય દૃષ્ટિએ ગ્રહો સંપૂર્ણ સીધી લાઈનમાં ગોઠવાયેલા નથી હોતા, પરંતુ પૃથ્વી પરથી જોતા તેઓ સૂર્યના 'એક્લિપ્ટિક' માર્ગની આસપાસ સમાન દિશામાં ગોઠવાયેલા દેખાય છે. સૂર્યમંડળના તમામ ગ્રહો લગભગ એક જ સમતલ પર પરિક્રમા કરતા હોવાથી ક્યારેક એવી સ્થિતિ સર્જાય છે કે અમુક ગ્રહો એક જ વિસ્તારમાં ભેગા દેખાય. આ જ પરિબળને કારણે 'પ્લેનેટરી એલાઈનમેન્ટ' બને છે. શહેરોમાં વધતા પ્રકાશ પ્રદૂષણને કારણે આ દૃશ્ય સ્પષ્ટપણે જોવું મુશ્કેલ બની શકે છે. તેથી ખગોળપ્રેમીઓએ શહેરની બહાર, નિર્જન અને ઓછી લાઈટ ધરાવતા વિસ્તારમાં જઈ નિહાળવાની સલાહ આપવામાં આવી છે. બુધ, શુક્ર, ગુરુ અને શનિ નરી આંખે જોવા મળી શકે છે, જ્યારે નેપચ્યુન અને યુરેનસને સ્પષ્ટ જોવા માટે ટેલિસ્કોપની જરૂર પડશે.

દરેક ગ્રહનો પરિક્રમા સમય જુદો હોવાને કારણે આવી ગોઠવણી વારંવાર જોવા મળતી નથી. બુધ ૮૮ દિવસમાં સૂર્યની પરિક્રમા પૂર્ણ કરે છે, શુક્ર લગભગ ૨૨૫ દિવસમાં, પૃથ્વી ૩૬૫ દિવસમાં, ગુરુ આશરે ૧૨ વર્ષમાં અને શનિ લગભગ ૨૯ વર્ષમાં પોતાની પરિક્રમા પૂર્ણ કરે છે. આ ભિન્ન ગતિઓને કારણે ક્યારેક જ એવા સંજોગો સર્જાય છે કે અનેક ગ્રહો એકસાથે સાંજના આકાશમાં નજરે પડે. વિશેષતા એ છે કે આ વર્ષે મંગળના સ્થાને બુધ ગ્રહ ગોઠવણીમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે, જે ક્ષિતિજ નજીક હોવાથી દેખાવમાં વધુ પડકારજનક માનવામાં આવે છે. ખગોળવિજ્ઞાનમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ અને યુવાનો માટે આ ઘટના પ્રેરણારૂપ સાબિત થઈ શકે છે. વિજ્ઞાનીઓનું કહેવું છે કે આવી ખગોળીય ઘટનાઓ અંધશ્રદ્ધાથી પર રાખીને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોવી જોઈએ. બ્રહ્માંડના અદભુત વ્યવસ્થિત ગતિચક્રને નજીકથી અનુભવવાની આ અનોખી તક છે. આજે સાંજે સૂર્યાસ્ત બાદ પશ્ચિમ આકાશ તરફ નજર દોડાવી આ બ્રહ્માંડની અદ્ભુત મહેફિલ નિહાળવાનો અવસર ગુમાવશો નહીં તેવી અપીલ ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા કરવામાં આવી છે.

# નર્મદા કેનાલમાં મોતના બનાવો અટકાવવા બંને બાજુ લોખંડની ગ્રીલ લગાવો

### વાગડ, મુંદરા, માંડવી સહિતના વિસ્તારોમાં અવાર નવાર આવા બનાવો બને છે : ઉનાળો શરૂ થતાં નવલોહીયા યુવાનો પણ કેનાલમાં લગાવે છે ડૂબકી : આવી ઘટનાઓ અટકાવવા ફેન્સિંગની સાથે અલગ અલગ સ્થળોએ કેનાલમાં લોખંડની સાંકળ, ગર્ડર મુકવામાં આવે તો પણ સ્વબચાવ થઈ શકે

ભુજ - કચ્છઉદય : કચ્છમાં આવતી નર્મદા કેનાલમાં ખાસ કરીને વાગડ, માંડવી, મુંદરા વિસ્તારમાં મોતના બનાવો બને છે. ઉનાળો શરૂ થવાનો છે, ત્યારે આવા બનાવોમાં ઉછાળો આવે છે. આવી ઘટનાઓ અટકાવવા માટે કેનાલની બંને બાજુ લોખંડની ઝાળી લગાવવામાં આવે તેમજ અમુક અંતરોએ લોખંડની સાંકળ અને ગર્ડર મુકવામાં આવે તો સ્વબચાવ થઈ શકે તેમ છે. નોંધનીય છે કે, વડોદરામાં કેનાલ પર સોલાર લાગેલી છે, અમદાવાદમાં ખારીકટ કેનાલ પર રસ્તો બનાવી દેવાયો, સાબરમતીને ફરતે લોખંડની ઉંચી ગ્રીલ લગાવેલી છે. કચ્છમાંથી ભૂતકાળમાં કેનાલની ઉપર સોલાર અને ઝાળી લગાવવા રજૂઆતો થઈ છે, પરંતુ કોઈ નક્કર પગલાં ભરવામાં આવ્યા નથી.




બાલશૈવ ગણેશપૂજિત બારબાર વિજયી નરેન્દ્રભાઈ મોદીની ફેન કમિટીબાગબાના કન્વિનર રાપર તાલુકાના પલાંસવા ગામના "બાદર શેઠ" તરીકે ઓળખાતા બાદરલાલ છગનલાલ મહેતાએ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લખેલા પત્રમાં જણાવ્યું છે કે ભારતની સૌથી મોટી કેનાલ નેટવર્ક ધરાવતી નર્મદા યોજના બધા માટે સુખદાયી અને ગૌરવવંતી છે અને એના દર્શન માત્રથી પણ પુણ્ય થાય છે, પરંતુ કેનાલમાં અકસ્માતે પડી જનાર વ્યક્તિ માટે જીવલેણ સાબિત થાય છે અને તેના પરિવાર સાથે સમગ્ર સમાજને આવી ઘટનાઓ ગમગીન કરી મૂકે છે. કેનાલના બંને બાજુ રહેલા લીસા પોલીસ કરેલા ઢાળ ઉપર તેમાં પડી જનારી કમનસીબ વ્યક્તિ ચડી શકતો નથી તેથી પાણીમાં તણાવા લાગે છે. તેને બચાવવા જતાં એકથી વધારે લોકો તેની સાથે મોતને ભેટવાના બનાવ બનતા જ રહે છે. લાશ પણ પાણીના જોશને કારણે દૂર દૂર સુધી તણાઈ જાય છે. પરિવાર ઉપર આઘાત અને આફત આવી પડે છે આથી તેમણે સૂચન કર્યું છે કે નર્મદાની કેનાલમાં એક લોખંડની જાળી ક્લેમ્પ પરથી સરકાવી નટ બોલ્ટથી જકડી રાખે તેવી ઉપરથી લટકાવી શકાય તેવી મજબૂત સાંકળ નાખવામાં આવે તો અનેક મનુષ્યો અને અબોલ જીવોની જિંદગી બચી જાય તેમણે જણાવ્યું છે. રક્ષાકવચરૂપ સાબિત થશે તેમને તેમના પત્રની સાથે તેમણે સ્કેચ પણ બનાવી અને બતાવ્યું છે કે કેવી રીતે જાળી ફીટ કરી શકાય. તેમની વાત યોગ્ય છે કારણ કે નર્મદાની કેનાલમાં અવાર નવાર લોકો લપસી પડી અને અથવા તો આપઘાત કરીને ડૂબી જઈને મૃત્યુ પામતા હોય છે. રખડતા પશુ લપસી પડે છે અને મૃત્યુ પામે છે.

તેમણે જણાવ્યું છે કે ૨૦૨૪ના નવેમ્બર મહિનામાં પહેલા અઠવાડિયામાં રાપરના ગેડી નજીક થાનપર ગામની નર્મદા કેનાલમાં પોતાની ચપ્પલ કાઢવા અંદર પડેલા એક બાળકને બચાવવા જતાં એક મહિલા સહિત ચાર વ્યક્તિના કેનાલમાં ડૂબી જવાથી મૃત્યુ થયા હતા. કમનસીબ રાજસ્થાની પરિવાર ગેડી થાનપર ગામની નર્મદા કેનાલ પાસે આવેલી વાડીમાં કપાસ વીણવવાનું કામ કરવા રાજસ્થાનથી ગુજરાત આવ્યો હતો. શક્તિનગર પાસે આવેલી નર્મદા કેનાલમાં ગોઝારા દિવસે જેમ બધાને કાળ બોલાવતો હોય તેવી રીતે એક નાના છોકરાને બચાવવા જતાં દિલશાન નામનો ૬૩ વર્ષનો વ્યક્તિ કેનાલમાં ઉતરવા જતાં કેનાલની બંને સાઈડ ખૂબ જ લપસણી અને લીસી હોવાથી અંદર પડી ગયો હતો. તેને બચાવવા જતાં ૧૮ વર્ષીય અનુજા, ૨૦ વર્ષે સબીર, ૪૦ વર્ષે શેરસિંહ અને ૨૮ વર્ષીય સમાના ચાર જુવાનજોધ વ્યક્તિ ડૂબી અને તણાઈ ગયા હતા. પછી તેમાના ત્રણ મૃતદેહ રાત્રે માંડમાંડ મળ્યા હતો, અને શબાનાનો મૃતદેહ તો છેક ત્રીજે દિવસે રાપર તાલુકાના નંદાસર ગામ પાસે મળ્યો હતો. અહીં તો ભૂતકાળમાં બનેલી એક જ ઘટનાની તેમણે વાત કરી છે. મુખ્યમંત્રીને કેનાલ ખુલ્લી હોવાની ગંભીરતાની ખબર પડે પરંતુ આ ખૂની જેવી ખુલ્લી કેનાલમાં અત્યાર સુધી આવી જ રીતે અનેક લોકો ભરખાઈ ગયા છે. બે ચાર મહિને એકાદ ઘટના તો આવી બનતી જ રહી છે. ત્યારે ગુજરાત સરકારે ખૂબ જ ગંભીરતાથી તેમની રજૂઆતને ધ્યાને લઈ અને આ કેનાલ એક કરવા માટે તેમના જેવા તજજ્ઞોની મદદથી જેમ બને એમ જલ્દી કાર્યવાહી કરવી જોઈએ જેથી વધુ લોકોની જિંદગી ભરખાતી બચી જાય.

# ભુજમાં વાહન ચાલકો માટે યોજાયેલ આંખ નિદાન કેમ્પમાં ૮૦ ચાલકોની લાભ લીધો


ભુજ - કચ્છઉદય : ઈન્નર વ્હીલ ક્લબ ઓફ ભુજ ફલેમિંગોના પ્રમુખ વિશ્વા ધલ દ્વારા હેવી વાહન ચાલકો માટે નિ:શુલ્ક આંખ અને દંત ચિકિત્સા કેમ્પનું આયોજન ભુજ આરટીઓ ઓફિસ ખાતે યોજવામાં આવ્યો હતો. કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય રસ્તા પર ભારે વાહનો ચલાવતા ડ્રાઈવરોની દ્રષ્ટિ અને સ્વાસ્થ્ય સુરક્ષિત રહે તે હેતુથી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જો વાહન ચાલકની આંખમાં કોઈ તકલીફ હોય, તો તેને સમયસર ઓળખી શકાય અને માર્ગ અકસ્માતો નિવારી શકાય તેવો શુભ આશય આ પાછળ રહ્યો હતો. અંદાજે કેમ્પમાં ૮૦ જેટલા વાહન ચાલકો અને સ્ટાફ મિત્રોએ સેવાનો લાભ લીધો હતો.



આર.ટી.ઓ. ઓફિસર હાર્દિકભાઈ ગોસ્વામીએ કેમ્પ માટે પરવાનગી આપી પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. સાથે આશિકભાઈ સમા અને આર. ટી.ઓ. સ્ટાફનો પણ વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો. કેમ્પમાં તબીબી સેવાઓ જી.કે. જનરલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોએ દંત ચિકિત્સક ડો. તન્વી તિલોકની અને આંખના ડોક્ટર ડો. હાર્દિક સુથાર પોતાની સેવાઓ આપી હતી. ક્લબના પ્રમુખ વિશ્વા ધલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા પ્રોજેક્ટમાં મંત્રી ફાલ્ગુની પારેખએ પ્રોજેક્ટ ચેરમેન તરીકે જવાબદારી નિભાવી હતી. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી રચનાબેન શાહ, પૂર્વ પ્રમુખ કૃપા જોશી, પ્રીતિ શેઠ, ઉપપ્રમુખ શારદા ઠક્કર, વર્ષા ઠક્કર ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગુજરાત અને બાંગ્લાદેશના ભૂકંપમાં કોઈ સામ્યતા નથી

ભુજ : ૨૭ ફેબ્રુઆરીના બપોરના લગભગ ૧:૨૨ કલાકે બાંગ્લાદેશના કાલીગંજ ઉપજિલ્લા અને આસાસુની ઉપજિલ્લામાં ૫ મેગ્નિટ્યુડ કરતાં વધુ તીવ્રતાના બે ભૂકંપો નોંધાયા હતા. આ બંને ભૂકંપો ઈન્ડિયન પ્લેટ, યુરેશિયન પ્લેટ અને બર્મા પ્લેટ વચ્ચેની ચાલુ હિલચાલ અને તણાવને કારણે ઉત્પન્ન થયા હતા.




નોંધપાત્ર રીતે આ બે ભૂકંપો પહેલાં આ જ પ્લેટ સીમા પર ૨૬મી ફેબ્રુઆરીના સવારે ૧:૦૧ કલાકે અને ૨૭ ફેબ્રુઆરીના સવારે ૧૧ કલાકની આસપાસ ૩ થી ૪ મેગ્નિટ્યુડની તીવ્રતાવાળા ભૂકંપો નોંધાયા હતા. આ બંને ભૂકંપો આજના ૫ મેગ્નિટ્યુડ કરતાં વધુ તીવ્રતાવાળા ભૂકંપોના પ્રીશોક (પૂર્વચેતાવની) હતી, જે મોટા ભૂકંપની આગાહી કરતું ચિહ્ન હતું. પરિણામે, આજે આ તીવ્ર ભૂકંપો થયા હતા. ઉલ્લેખનીય છે કે આ ભૂકંપોનો કચ્છ કે ગુજરાતના ભૂકંપો સાથે કોઈ સંબંધ નથી. ગુજરાતમાં આવતા ભૂકંપો આંતર-પ્લેટ ભૂકંપો કહેવાય છે, જ્યારે આજના બાંગ્લાદેશના ભૂકંપો આંતર્પ્લેટ ભૂકંપો છે તેવું ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીના ભુસ્તરવિજ્ઞાન વિભાગ ડો. ગૌરવ ચૌહાણે જણાવ્યું હતું.

# દેશલપર (ગુંતલી) ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ લીધી વિધાનસભાની મુલાકાત

### વિદ્યાર્થીઓમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ અને રસ વધે તે માટે આ પ્રકારની મુલાકાતો પ્રેરણાદાયક બની રહે છે : ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ

ગાંધીનગર-કચ્છઉદય : ખાતે વિધાનસભામાં અબડાસા ૧ મત વિસ્તારના નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ ગામના સામાજિક આગેવાનો દ્વારા વિધાનસભા ગૃહની કાર્યપ્રણાલી નિહાળી હતી. આ અવસરે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લેવામાં આવી હતી. સાથે પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે, અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાત દરમિયાન અબડાસા ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા જેવો મુલાકાતનું મહત્વ જણાવતા વિદ્યાર્થીઓમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ અને રસ વધે તે માટે આ પ્રકારની મુલાકાતો પ્રેરણાદાયક બની રહે છે. તેવુ મંતવ્ય વ્યક્ત કરાયુ હતું.



# ભુજની શાળામાં યોજાયેલા વિજ્ઞાન દિવસે પ્રયોગોનું નિર્દેશન યોજાયું

ભુજ - કચ્છઉદય : કચ્છ કલ્યાણ સંઘ સંચાલિત શ્રી એન્કરવાલા સરસ્વતી શિશુવાટિકા સંતોષી ભવન તેમજ મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા સરસ્વતી વિદ્યામંદિર સંતોષી ભવન ખાતે વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

વિજ્ઞાન દિવસના દિવસે મહાન વિજ્ઞાનશાસ્ત્રીઓને યાદ કરવામાં આવ્યા હતા. વિજ્ઞાન દિવસના શાળાના બાળકો દ્વારા વિજ્ઞાનના વિવિધ પ્રયોગોનું નિર્દેશન કરવામાં આવ્યું જેને ઉપસ્થિત મહેમાનો અને વાલીઓ એ બિરદાવયા હતા. અતિથિ તરીકે કચ્છ કલ્યાણ સંઘ વ્યવસ્થાપક સમિતિના નરેન્દ્રભાઈ ગોરે હાજરી આપી હતી અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.




મહેમાનનો પરિચય આચાર્ય કુમુદબેન ગોસ્વામીએ આપ્યો હતો.

આ પ્રસંગે કચ્છ કલ્યાણ સંઘના ટ્રસ્ટી સુભાષભાઈ જોષી, વ્યવસ્થાપક રીદ્ધીબેન કોઠારી, નિયામક વનરાજસિંહ જાડેજા તેમજ વાલીગણ હાજર રહ્યા હતા. આ પૂર્વે વિજ્ઞાન સપ્તાહ દરમ્યાન શાળાના આચાર્યો દ્વારા નિત્ય વંદનાસભામાં વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષે વિવિધ વિષયો પર માહિતગાર કરાયા હતા. સમગ્ર આયોજન પ્રધાનાચાર્ય વર્ષાબેન ઠક્કરના માર્ગદર્શન હેઠળ સૌ આચાર્યોએ સંભાળ્યું હતું.

# ભાનુરત્ન હરીશભાઈ કટારમલને જન્મદિવસે શુભેચ્છાઓની વર્ષા

ભુજ - કચ્છઉદય : ગઈકાલે ભાનુરત્ન હરીશભાઈ કટારમલને જન્મદિવસે કચ્છઉદય" પરિવાર દ્વારા ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સદગુરુ ઓધવરામ ભગવાન અને સદગુરૂ વાલરામ ભગવાનને તથા પૂજ્ય સદગુરૂ સંત હરિદાસજી મહારાજની કૃપા તેમના વરસતી રહે અને સદાય તેઓ તથા તેમનું પરિવાર સુખી રહે, ખુશ રહે, સ્વસ્થ રહે તેવી પ્રાર્થના "કચ્છઉદય" પરિવારે કરી હતી. હરીશભાઈ ધાર્મિક અને સેવાભાવી પ્રકૃતિના શ્રેષ્ઠી છે. સનાતન અને હિન્દુ ધર્મને ઋદયથી આદર આપે છે અને રાષ્ટ્રપ્રેમ માટે તેઓ જાણીતા છે. અનેક સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં તેઓ અગ્રેસર છે. ભાનુશાલી સમાજ જ નહીં પરંતુ દરેક સમાજના કોઈ પણ વ્યક્તિને મદદ માટે તેઓ હંમેશાં તૈયાર જ રહે છે. તેઓ ગુપ્ત રીતે મૂંગા જીવોની પણ ખૂબ જ સેવા કરે છે. જીવનમાં ખૂબ જ નિષ્ઠા અને પ્રમાણિકતાથી તેમણે પોતાનું ધ્યેય પ્રાપ્ત કર્યું છે. ભાનુશાલી સમાજના નાના મોટા સૌ કોઈના દિલમાં તેમનું ઘણું આદર ભર્યું સ્થાન છે. ભાનુશાલી સમાજના કાર્યોમાં તેઓ હંમેશાં તન, મન, ધનથી મદદરૂપ થતા રહ્યા છે. ભાનુશાલી સમાજના અનેક અગ્રણીઓ, સંસ્થાઓ અને સમાજના ભાઈ - બહેનોએ તેમજ તેમના બહોળા મિત્ર વર્તુળે પણ તેમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપી હતી.



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત બન્યું દેશનું સેમિકંડકટર હબ







## સાણંદ બનશે **દેશમાં સેમિકંડકટર ઈન્ડસ્ટ્રીનું** પ્રવેશદ્વાર
## ભારતનું **'સેમિકંડકટર ફેબ ફ્રન્ટિયર'** બનશે ધોલેરા SIR

રોકાણમાં મોખરેઃ સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે ₹1.24 લાખ કરોડના પ્રોજેક્ટ કોસ્ટ સાથેના ઉદ્યોગો આકર્ષિત કર્યા છે, જે ભારતના કુલ મંજૂર થયેલ સેમિકંડક્ટર પ્રોજેક્ટ કોસ્ટના લગભગ 75%થી વધુ છે

સાણંદ - ATMP/OSAT હબઃ માઈક્રોન (₹22,516 કરોડ), સીજી સેમી (₹7,600 કરોડ) અને કેન્સ ટેક (₹3,300 કરોડ) જેવી મોટી કંપનીઓ સાથે સાણંદ દેશનું સૌથી મોટું ATMP/OSAT હબ બનવા જઈ રહ્યું છે

ધોલેરામાં ભારતનો પ્રથમ ફેબઃ ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ₹91,526 કરોડના પ્રોજેક્ટ કોસ્ટથી ધોલેરામાં ભારતનો પ્રથમ કૉમર્શિયલ ફેબ સ્થપાઈ રહ્યો છે, જેની ક્ષમતા દર મહિને 50,000 ચિપ્સ બનાવવાની હશે

રોજગારીની તકોઃ રાજ્યમાં 50,000 થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થશે



### મુખ્ય વિશેષતાઓ

પ્રથમ રાજ્યઃ ગુજરાત સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય છે, જે સેમિકંડક્ટર કંપનીઓને તમામ શક્ય પ્રોત્સાહન અને સુવિધાઓ પૂરી પાડે છે

ટૅકનૉલૉજીઃ ધોલેરા SIR ભારતના 'ફેબ ફ્રન્ટિયર' તરીકે ઉભરી રહ્યું છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સના વિશાળ પ્લાન્ટમાં 28 નેનોમીટરની ચિપ્સનું ઉત્પાદન થશે, જે ભારતના ઔદ્યોગિક ઈતિહાસમાં નવો અધ્યાય લખશે

ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ ધોલેરાની વિશાળ જમીન, સમર્પિત પાણી અને ગેસ ગ્રીડ અને આગામી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તેને ભવિષ્યના 'સેમિકંડક્ટર-રેડી' સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત કરશે

શૈક્ષણિક મૉડલઃ રાજ્યની 118 એન્જિનિયરિંગ કૉલેજો અને 16 યુનિવર્સિટીમાંથી દર વર્ષે બહાર પડતા 50,000 થી વધુ એન્જિનિયરોને ઉદ્યોગ માટે સજ્જ કરવા SAMARTH અને ChipIN જેવા અત્યાધુનિક મૉડલ વિકસાવવામાં આવી રહ્યા છે

કૌશલ્યવર્ધનઃ IIT ગાંધીનગર ખાતે ₹194.21 કરોડના ખર્ચે કાર્યરત 'SAMARTH' પ્રોજેક્ટ હેઠળ આગામી 5 વર્ષમાં 2,600 થી વધુ નિષ્ણાત એન્જિનિયરો તૈયાર કરવામાં આવશે

## માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્ર મોદી**ના દૂરંદેશી વિઝનથી ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે

વૈશ્વિક સ્તરે સેમિકંડક્ટર મેન્યુફેક્ચરિંગના શ્રેષ્ઠ સ્થળ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવા અમે પ્રતિબદ્ધ છીએ. વ્યૂહાત્મક ભાગીદારીના માધ્યમથી ગુજરાતને ભારતનું સિલિકોન ઉદ્યોગનું પ્રવેશદ્વાર બનાવીશું

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

